॥હરિ:ૐ॥



# આર્તપોકાર

- પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

# આર્તપોકાર

(લેખકની સાધનાકાળની પ્રાર્થનાઓ)

: સંપાદક :
શ્રી હેમંતકુમાર ગુણાભાઈ નીલકંઠ
શ્રી નંદલાલ ભોગીલાલ શાહ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ००૫.
ફોન : (०२६१) २७६५५६४

© હરિ:ૐ આશ્રમ, સુરત - નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૫૪ | ૧૨૫० | ત્રીજી | ૨००૮ | ૧००० |
| બીજી | ૧૯૭૩ | ૧૨૫० | | | |

❑ પૃષ્ઠ : ૩૨ + ૧૨૪ = ૧૫૬

❑ પડતર કિંમત : **રૂ.** ૩०/-

❑ વેચાણ કિંમત : **રૂ.** ૨०/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ००૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ००૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની** ફોન : (०७૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઇનર : **મયૂર જાની** બી/૮, રીપલ એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮० ००७.
મો. : ૯૪૨૮૪०૪૪૪૩

❑ ટાઈપસેટિંગ :
**અર્થ કૉમ્પ્યૂટર,**
૨०૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (०७૯) ૨७૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮००૨૨
ફોન : (०७૯) ૨૫૪૬૯૧०૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાને અતિપ્રિય એવા
નામસ્મરણમાં જેઓ હૃદયના ભાવથી
સક્રિય થયાં છે એવાં,
અને
પૂજ્ય શ્રીમોટાનો ૬૩મો સાક્ષાત્કારદિનનો ઉત્સવ
તા. ૧-૪-૨૦૦૧ના રોજ જેઓનાં યજમાનપદે
ભાવપૂર્વક ઊજવાયો હતો એવાં,
સુરતનિવાસી
**શ્રીમતી પલ્લવીબહેન વિજયભાઈ પાનવાલાને**
**અને તેમના પરિવાર**ને
પૂજ્ય શ્રીમોટા વિરચિત તેમના સાધનાકાળની
પ્રાર્થનાઓનો સંગ્રહ **'આર્તપોકાર'**ની આ ત્રીજી આવૃત્તિ
સમર્પિત કરતાં અમો આનંદની
લાગણી અનુભવીએ છીએ.

તા.૨૪-૮-૨૦૦૮
જન્માષ્ટમી

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# શ્રી પી. ટી. પટેલ (કુંજરાવ)ને
# સપ્રેમ સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

(અનુષ્ટુપ)

ગયેલા સાવ ઘેરાઈ પૂરની તે મુસીબતે,
ત્યારે કેવા તમે ધાયા ! શેં ભુલાઈ શકાય તે ? ૧

સાહસ, જોખમો ખેડી દોડતાં દોડતાં તમે,
સામગ્રી-સાધનો સાથે વ્હારે ધાયેલ છો ખરે. ૨

સ્હાય, હૂંફ અને ઓથ, સહાનુભૂતિ દિલની
-પ્રેરી, પ્રેરાવી પ્રત્યક્ષ, કામે આવ્યા શી સૂઝથી ! ૩

વિનોદની કળા કેવી તમોમાં આગવી ઊંડી !
પ્રસંગની પ્રમાણે શી કરવા તજ્જ્ઞ ગોઠડી ! ૪

શૂન્યમાંથી થયા કેવા આપમેળે ખરેખરા !
આંખો મીંચી તમે ભારે સાહસ ખેડનાર શા ! ૫

ગાંજ્યા ના કોઈથી જાઓ, અહંપ્રેરિત શા કદી !
ક્યાંયના ક્યાંય શા ઊડો ! ભાંગો શા હાડકાં વળી ! ૬

કેવાં કુનેહ, કૌશલ્ય, વાણીચાતુર્ય ઑર શાં !
ફેરફૂદડી શી તોયે ફરેલા છો કદીક શા ! ૭

મદદ કેટલી વાર પ્રેરી છે પરમાર્થમાં,
આભારે દિલ પ્રેરાઈ સંધાઈ રહું દિલમાં. ૮

આપવા જેવું તો મારી પાસે એવું કશું ન છે,
માત્ર આ ભાવથી અર્પું સમર્પણાંજલિ પદે. ૯

હરિઃૐ આશ્રમ, સુરત — **- મોટા**
તા. ૨૭-૧૧-૧૯૭૩

॥ હરિઃૐ ॥

(ગઝલ)

મને સંભારતો રહેજે, હૃદય મુજ પાસ તું કરજે,
જીવનમાં તું સતત મારી હરિ રક્ષા જરૂર કરજે.

જીવનમાં સર્વ સંભાળ જરૂર લેતો સદા રહેજે,
તને સંભારવાનું દિલ રખવજે મારું તું નિત્યે.

સ્મરણ તારું હૃદય કરવા મને ઉત્સાહ દિલ દેજો,
ભુલાતાં દિલથી તુજને મને મન સોય ભોંકવજો.

સ્મરણને જિંદગાનીનું ચરણઅમૃત જાણીને,
સ્મરણજળમાં નહાવાને મને તું પ્રેરતો રહેજે.

હૃદય સંતોષવા તુજને તું સદ્‌બુદ્ધિ મને દેજે,
થતી ભૂલચૂક મારી સૌ જતી કરજે, જતી કરજે.

અનેકે દોષ મુજથી તો થયા કરતા જીવનમાં તે,
ભલે શિક્ષા કરીને પણ ક્ષમા મુજને કરી દેજે.

હૃદય તુજ યાદ ધરવાને મને ચાનક લગાડી દે,
સ્મરણ તારું થવા મુજને સદા તું ટોકતો રહેજે.

ભુલાતાં તે સ્મરણ તારું હજારો વીંછીના ડંખે,
શરીરમાં વેદના ઉગ્ર તું પ્રગટાવી સીધો કરજે.

**-મોટા**

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

જીવનવિકાસના માર્ગમાં 'પા-પા પગલીઓ' ભરતાં ભરતાં કેવી કેવી વિષમ અને કઠણ પરિસ્થિતિ પ્રગટતી હોય છે, એનો ખ્યાલ સામાન્ય સંસારી જીવન જીવનાર જીવને આવી શકવો શક્ય નથી. તે વેળા તેવા સાધક જીવને 'પ્રાર્થના' એ એક એવું સાધન નીવડે છે કે જેથી તે પ્રભુને પોકારી પોકારી પોતે હળવો થયા કરતો રહે છે. પોતાની વીતક કથની શ્રીભગવાનને ચરણકમળે એનાથી સંભળાવ્યા વિના રહેવાતું જ નથી.

જેમાં ને તેમાં દિલ એ એક મોટી વાત અને હકીકત છે. જેને જેવા થવું છે, તેવું ને તેટલું જો તેનું દિલ પ્રગટેલું હોય છે, તો તેનામાં રામ પ્રગટ્યા વિના રહી શકતા નથી. એવો અનુભવ ઘણા ઘણા સંતભક્તજ્ઞાની આત્માના જીવનમાંથી નીતરતો હોય છે. જેમાં જેનું દિલ હોય છે, તેમાં તેની નિષ્ઠા પ્રગટતી હોય છે. જીવનમાં જ્યારે જ્યારે પ્રબળ, તીવ્ર, ઉત્કટ મહત્ત્વાકાંક્ષા પ્રગટે છે, ત્યારે તેવા જીવને તે તેના ઈચ્છાના વિષયમાં ગતિ કરાવ્યા વિના રહી શકતી નથી. કોઈ પણ ક્ષેત્રમાં પ્રવેશ પામવાને તથા આગળ ગતિમાન થવાને કાજે, તે કાજેનું ધગધગતું ઝંખતું દિલ હોવું તે પ્રથમ જરૂરનું હોય છે.

આવું દિલ એ સાધનાના માર્ગમાં મદદગાર છે. દિલથી જે પ્રાર્થના થાય છે, તેમાં ભાવ આપોઆપ પ્રગટતો હોય છે. ઝંખતા દિલનો સાદ અંતરના તારને ઝણઝણાવી મૂકે છે. ઝંખતું દિલ પોતાની ઈષ્ટ સ્મૃતિ-સૃષ્ટિ પોતાનામાં જન્માવી લેતું હોય છે. એમાં

તે ઝંખતા વિષયના પ્રાણને પ્રગટાવવાને મૂર્તિમંત કરવા સદાય ઉદ્યત હોય છે. ઝંખતા દિલના હૃદયમાંથી ઊઠતો પોકાર એટલે પ્રાર્થના, જીવનને આડે આવીને ઊભેલી અડચણોને ફગાવી દેવાને દિલમાં અપાર, અફાટ શક્તિ જન્માવતી હોય છે.

પ્રાર્થના જેવું સરળ અને સહજ બીજું કોઈ સાધન નથી. અંતરમાંથી આર્દ્ર અને આર્ત ભાવે પ્રગટેલી પ્રાર્થના શક્તિસ્વરૂપ બની જતી હોય છે. પ્રાર્થના જો એના સાચા અર્થમાં અને ભાવમાં પ્રગટેલી હોય, તો તે કદી મિથ્યા નીવડી શકતી નથી. પ્રાર્થના જેટલું હેતુને ફળાવનારું બીજું કોઈ સાધન નથી. પ્રાર્થના હેતુને લક્ષમાં સદાય જીવતો રખાવ્યા કરે છે. પ્રાર્થના ધ્યેયને સાકાર કરે છે.

પણ જે પ્રાર્થનામાં દર્દ નથી, તેવી પ્રાર્થનામાં ભાવનો ઉઠાવ કદી જન્મી શકતો જ નથી. દર્દથી ભાવ પ્રગટે છે. દર્દ વિના આર્તતા અને આર્દ્રતા કેમ કરીને પ્રગટી શકે ?

સાચા હૃદયથી આર્દ્ર અને આર્ત ભાવે થયેલી પ્રાર્થના અંતર્મુખતાને કેળવે છે. પ્રાર્થના જીવને પોતાની શક્તિના સ્વરૂપમાં પ્રગટાવીને તેનામાં આત્મવિશ્વાસ જન્માવે છે. નબળાઈ, દોષ વગેરેના પ્રાર્થનાભાવે થતા એકરારમાંથી સાધકમાં નવા પ્રાણ અને નવું બળ પ્રગટે છે. નબળાઈ અને દોષો વગેરેમાંથી અને તેના જીવપણામાંથી ઓસરતો ઓસરતો જાણે કે કોઈ નવો સ્વાંગ તે સજતો હોય તેવા અનુભવને તે પામતો રહે છે.

એવી પ્રાર્થના આ લેખક રોજના રોજ કર્યા કરતા હતા. તેમાંનો થોડોક પ્રસાદ અહીં છે. જીવન જીવનાર જીવને તેમાં ભાવ અનુભવાશે. ભાવનાની ઉત્કટતાનો રંગ જામતાં જામતાં કેવી દશા પ્રગટે છે, તેનો પણ ચિતાર એમાં મોજૂદ છે.

જુદી જુદી કક્ષામાં જે જે જુદા જુદા ભાવની પ્રાર્થનાઓ થયેલી છે, તે અહીં મૂકી છે. પ્રાર્થના એટલે જ ઉત્કટતાથી ઝંખતા દિલનો આર્ત અને આર્દ્ર પોકાર. એવી પ્રાર્થનાથી ભાવ જાગી તે એકાગ્ર અને કેંદ્રિત થાય છે. પ્રાર્થનાના ભાવથી જીવનું જીવપણું કઠે છે, એનાથી મુક્ત થવાની ઉત્કટ, અદમ્ય મહેચ્છા એને હ્રદયમાં હ્રદયથી ઝળહળતી પ્રગટે છે. જીવની એવી દશા પ્રગટતાં, તે કાળે જે પ્રાર્થના થાય છે, તે પ્રાર્થનાનો પ્રકાર અને તેનો રણકાર અને તેનો ટંકાર કોઈ અનેરો, અનોખો હોય છે. પ્રાર્થનાના એવા હ્રદયમાં હ્રદયથી પ્રગટતા ભાવથી ચેતનના હાર્દ સાથે હ્રદયના તાર સંધાતા હોય છે. પ્રાર્થનાથી જે પ્રેમભક્તિજ્ઞાન ઉદય થાય છે, તેવું બીજાં સાધનથી પ્રગટતાં કદાચ વાર પણ થાય. પ્રાર્થના હ્રદયના ભાવને કર્મમાં વહેતો કરાવી કર્મને પ્રાર્થનાના ભાવથી વણી દે છે. પ્રાર્થના એ હ્રદય પ્રગટતાં સહજ સાધન બની જતું હોય છે.

પ્રસ્તાવનાના લેખક શ્રી મુકુલભાઈએ ગૂજરાત વિદ્યાપીઠ તરફથી શ્રીમદ્ રાજચંદ્રજીનું **'આત્મસિદ્ધિ શાસ્ત્ર'**નું સંસ્કરણ કરી સંપાદન કર્યું છે, અને પૂજ્યશ્રી સુખલાલજીએ એ પુસ્તકની પ્રસ્તાવના લખી છે. તેમાં પૂજ્યશ્રી સુખલાલજીએ શ્રી મુકુલભાઈ વિશે નીચે મુજબ લખ્યું છે :-

'શ્રી મુકુલભાઈ, એમ.એ. ગૂજરાત વિદ્યાપીઠમાં ગુજરાતીના અધ્યાપક છે. એમણે આખો ગ્રંથ (શ્રીમદ્ રાજચંદ્રજીનું 'આત્મસિદ્ધિ શાસ્ત્ર') વિવેચન સહિત મને સંભળાવ્યો. એ સાંભળતાં જ મારો પ્રથમનો આદર અનેકગણો વધી ગયો અને પરિણામે કંઈક લખવાની સ્ફુરણા પણ થઈ. આ તક આપવા બદલ હું શ્રી મુકુલભાઈનો આભાર માનું છું. કુળ જૈન નહિ છતાં શ્રીમદ્ રાજચંદ્રજીનાં લખાણો વાંચી, સમજી તૈયાર થવા અને 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું સંસ્કરણ તૈયાર કરવા માટે તેમનો આભાર માનવો જોઈએ.'

આટલું હોવા છતાં તેમનામાં જે નમ્રતા છે, તે બોધપાઠરૂપ છે. આ પ્રાર્થનાની ચોપડીની પ્રસ્તાવના લખવાનું કામ તેમણે પ્રેમભક્તિભાવે લીધું છે અને કર્યું છે. શ્રી મુકુલભાઈ લેખકના સ્વજનમિત્ર છે. એટલે તેમનો આભાર માનવાનો ન હોય. લેખકે લખેલી બધી જ પ્રાર્થનાઓ છપાતાં પહેલાં પણ તે વાંચી ગયા છે.

પ્રિય ભાઈ ચીમનભાઈએ આ પ્રાર્થનાઓ છપાવવાનું દિલ કર્યું, તેથી, તે પ્રકાશમાં આવી છે.

ફાગણ સુદ ૧૫, સં. ૨૦૧૦ **હેમંતકુમાર નીલકંઠ**
તા. ૧૯-૩-૧૯૫૪ **નંદલાલ ભોગીલાલ શાહ**

॥ હરિઃૐ ॥

# ભક્ત હૃદયની આર્તવાણી

## (પ્રથમ આવૃત્તિ)

**संत परम हितकारी जगत माँही ।**
**प्रभुपद प्रगट करावत प्रीति,**
**भरम मिटावत भारी ॥**
**–ब्रह्मानंद**

પ્રાચીન કાળથી સંતોની પરંપરા જગતમાં સતત વહી રહી છે. સંતો એટલે માનવધર્મના સંરક્ષકો. સંતો તો પારસમણિરૂપ છે. સંતોની કૃપાથી કેટલાય પામર જીવો આ ભવસાગર તરી જવા સમર્થ બને છે. તેથી જ સૌ શ્રેયાર્થીજનો સંતસમાગમ સાધવા મથતા હોય છે. સંતપુરુષના સાંનિધ્યમાં રહેવાથી આપણામાં રહેલી બધી દુર્વૃત્તિઓ ધીમે ધીમે લુપ્ત થતી જાય છે, આપણું મન વિશુદ્ધ થઈ જાય છે અને આપણું જીવન આત્મોન્નતિકર માર્ગે વળે છે. સંતની સાથે સમાગમ થવો એ ખરેખર જીવનનો ધન્ય અવસર જ છે. એટલે જ મહારાષ્ટ્રી સંત કવિ ‘અમૃત’ પ્રભુને પ્રાર્થે છે :-

**‘संतपदाची जोड, दे रे हरि ।**
**संतसमागमे आत्मसुखाचा सुन्दर उगवे मोड ॥’**

સંતસમાગમનો મહિમા સૌ ભક્તજનોએ પણ મુક્ત કંઠે ગાયો છે. કબીર સાહેબ કહે છે :-

**‘कबीरा संगत साध की, हरै और की व्याधि ।**
**संगत बूरी असाध की, आठों पहर उपाधि ॥’**

સંત તુકારામે પણ એવી જ મતલબનું પોતાના એક અભંગમાં ઉચ્ચાર્યું છે :-

**'संतांचा संग तोचि स्वर्गवास ।**
**नर्क तो उदास अनर्गळ ॥'**

આ પાવનકારી સંતપરંપરામાં સ્થાન પામી શકે એવા એક સંતપુરુષના ભક્તિપૂર્ણ આર્ત હૃદયની ઝાંખી આપણને **'આર્તપોકાર'**માં અચૂક થાય છે. પ્રભુની ઉત્કટ ઝંખના કરતા વ્યાકુળ હૃદયનું દર્શન આ સંત કવિનાં ભક્તિ કાવ્યોમાં આપણને થાય છે. અને આવાં હૃદયંગમ ભક્તિકાવ્યોનું આકંઠ રસપાન કરતાં આપણું અંતર પણ એવી તાલાવેલી અનુભવવા લાગે છે.

ભક્તજનોની વાણી હૃદયના અંતરતમ ઊંડાણમાંથી આનંદમય આવેશ દ્વારા ઉદ્ભવતી હોય છે. તેથી જ તે આપણા હૃદયમાં પણ એવાં જ સ્પંદનોને સ્પંદિત કરે છે. કબીર, નાનક, તુલસીદાસ, સુરદાસ, તુકારામ, બ્રહ્માનંદ વગેરે સંતોનાં ભજનોમાં આ સત્યની આપણને પ્રતીતિ થાય છે. 'આર્તપોકાર'ના ભક્ત કવિની વાણીમાં પણ એ પુનિત વારસાનો રણકો સંભળાય છે.

'આર્તપોકાર'નાં ભક્તિકાવ્યો આપણા હૃદયને સ્પર્શી જાય છે, એનું એક મુખ્ય કારણ એમાં વ્યક્ત થયેલી સાચી હૃદય વ્યથા છે. મનુષ્ય જ્યારે સાધનાને માર્ગે પ્રયાણ કરવાનો પ્રયાસ આદરે છે, ત્યારે તેનામાં ઘર કરી બેઠેલી વાસનાઓ, દુર્વૃત્તિઓ, માન્યતાઓ તેના પંથની વચ્ચે આડી આવીને તેને વ્યથિત કરી મૂકે છે. એ સૌ અડચણોમાંથી બહાર નીકળવા સાધક જે મથામણ અનુભવે છે અને જે તીવ્ર વ્યથા ભોગવે છે, એનો તાદૃશ્ય ચિતાર આ ભક્તિકાવ્યોમાં દૃષ્ટિએ પડે છે.

આવી હૃદય પ્લાવિત વ્યાકુળતામાંથી એકેએક ભક્તજન, સાધકજન પસાર થાય છે અને તેથી જ સૌ ભક્ત કવિઓની વાણીમાં એ ભાવ ઉત્કટતાથી આવિર્ભાવ પામેલો જોવા મળે છે. એવી તીવ્ર

તાલાવેલીમાંથી જ તેઓને છેવટે ઈશ્વરપ્રાપ્તિનો દુર્ગમ પંથ મળી રહે છે. એની પ્રતીતિ દાદૂ દયાલ પોતાની વાણીમાં આપતાં કહે છે :-

**'रात दिवस का रोवणां, पहर पलक का नाहि ।**
**रोवत रोवत मिलि गया, दादू साहिब मांहि ॥'**

સંત રજ્જબજી પણ ઉચ્ચારે છે :-

**'विरहापावक उर वसै, नखसिख जालै देह ।**
**रज्जब ऊपरि रहम करि, बरसहु मोहन मेह ॥'**

વળી, નામદેવ ગાય છે :-

**'मोहे लागति तालावेली,**
**बछरा बिनु गाइ अकेली ।**
**पानी बिनु ज्यूं मीन तलपै,**
**ऐसे रामनाम विनु नामा कलपै ।'**

અને આપણા ભક્ત કવિ પણ આર્ત સ્વરે પોકારે છે :-

'રે ! મારા ઉર ઉદ્વેગનો તાપ, પ્રભુ ! તને વીનવું મીટવો, રાજ !
બળી અંતર પાડું સાદ, વસો આવી હૃદયે શ્રીમહારાજ !'
(પૃ. ૮૮)

'ચરણમાં ખાખ થઈ મરવું, પ્રણયની એ નિશાની છે.
તમારે મન રમત છે, ને અહીં તો જાન રેંસાયે,
તલસવામાં છતાં એવા પ્રભો ! અહોભાગ્ય મારું છે'
(પૃ. ૯૯)

'નિરાશા પ્રેમમાં તારા, ભલે દુઃખ, તોયે લહેજત છે,
ચરણ કુરબાની કરવાની, હવે તો બસ તમન્ના છે.'
(પૃ. ૧૦૨)

વળી, ભક્ત કવિએ અન્યત્ર લખ્યું છે કે '...જીવનની સાધનામાં કંઈ કંઈ ગૂંચ, મુશ્કેલીઓ પ્રગટતી હતી, તેવી તેવી વેળા કંઈ કંઈ ઉપાયો પ્રભુકૃપાથી સૂઝ્યા કરતા, તે ઉપયોગમાં લીધા કરતો હતો. તેમાં એક મુખ્ય સાધન તો શ્રીસદ્‌ગુરુની ભાવનાની ધારણા હૃદયમાં હૃદયથી એકાગ્ર કર્યા કરી સાધનામાં પ્રગટેલી ગૂંચ, મુશ્કેલી વગેરેના ઉકેલ માટે તે કાળે પ્રાર્થના કર્યા કરવાનું કરતો હતો. એવી પ્રાર્થનામાં મને તેનો તેનો એની કૃપાથી ઉકેલ પણ મળ્યા કરતો અનુભવેલો છે.'★

વળી, સાધકનો પ્રારંભનો આ સાધનાકાળ ખૂબ વિકટ હોય છે. એ તો પાવકની જ્વાળા જેવો કપરો કાળ છે. જે સાચા શૂરા, મરજીવા હોય તે જ એમાંથી પાર ઊતરી શકે. એ તો ખાંડાની ધાર ઉપર ચાલવા બરોબર છે, પરંતુ એ વિષમ સમયમાં બહારનું બળ વધારે કામ આવતું નથી. તે વખતે ઈશ્વરનું અનન્ય શરણું ઝંખતું હૃદય જોઈએ. અર્જુનની પેઠે ભક્તહૃદય પણ ભગવાનને આર્ત સ્વરે પોકારી ઊઠવું જોઈએ :-

**'कार्पण्यदोषोपहतस्वभावः**
**पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।**
**यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे**
**शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥'**

(ભગવદ્‌ગીતા, અ. ૨-૬)

ભક્ત કવિ પોતે જ કહે છે : 'પ્રભુકૃપાથી જો મનને ભાવમાં રાખી શકાયું, તો કંઈ જ કશું લાગતું હોતું નથી. મન ઉપરનો જીવનો કાબૂ બીજા કશા નીતિનિયમોના પાલનથી કે બીજા સદાચારના આચરણથી પણ, પૂરેપૂરો આવી શકતો નથી એવો

★ 'જીવનપોકાર', પૃ. ૨૮૩

મારો પોતાનો અનુભવ છે. તેથી, એકલા મનને કાબૂમાં અને સંયમમાં લાવવાના પ્રયત્ન કરતાં એનાથી જે ઊંચેની શક્તિ છે, તે શક્તિને પ્રેમભક્તિજ્ઞાનભાવે શરણે ગયાં કરી, એને પ્રાર્થનાનો નાદ પોકારી પોકારી મન, પ્રાણ આદિને આપણે એની કૃપામદદશક્તિ વડે એમના યોગ્યપણામાં સરળતાથી જેટલાં પ્રગટાવી શકીશું, તેટલું બીજા કશાથી તેમ બનવું શક્ય નથી.'★

વળી, આવા કટોકટીના સમયે સાધકને બીજી એક દુઃસહ્ય મુશ્કેલી પીડતી હોય છે. તેનામાં રહેલાં દુરિતો તેની આંખ સામે નિર્લજ્જપણે નાચંનાચા કરીને તેને ખૂબ પજવવા માંડે છે. તે વખતે પણ ઈશ્વરની અનંત શક્તિની સ્તુતિ જ તેને એ વિકટ પરિસ્થિતિમાંથી તારી લે છે. એકવાર અબુ હાફેઝ નામના એક સાધુપુરુષે મહાત્મા શાહશુજાને આવી જ મુશ્કેલી વર્ણવતો પત્ર લખી જણાવ્યું હતું કે 'મારી ઇંદ્રિયોની વિષયવાસના તથા મારાં અપરાધભર્યાં દુષ્કૃત્યોનો વિચાર આંખ સામે તરી આવતાં, હું ખૂબ નિરાશ થઈ જાઉં છું !' તેના જવાબમાં શાહશુજાએ લખ્યું, 'ઇંદ્રિયો વગેરેનો વિચાર કરીએ, તો તો આપણે ખરેખર હતાશ જ થઈ જઈએ. ફક્ત ઈશ્વરની મોટાઈ જ એક એવી વસ્તુ છે કે જેનો વિચાર કરવાથી આપણી આશા ઉજ્જ્વળ બને છે. ઈશ્વર પ્રત્યેની આશા ઉજ્જ્વળ થતાં, તેનાથી ડરીને ચાલવાની વૃત્તિ પણ ઉજ્જ્વળ થાય છે. હું જ્યારે ઇંદ્રિયોનો નિગ્રહ કરવામાં નાસીપાસ થઈ જાઉં છું, ત્યારે ઈશ્વરનું સ્મરણ કરું છું. અને જ્યારે હું ઈશ્વરનું સ્મરણ કરું છું, ત્યારે ઈશ્વર પણ મારી સંભાળ લે જ છે. આ જ કારણથી હું સંસારથી વિરક્ત થઈ ઈશ્વર તરફ વળ્યો છું.'

આમ, એ સાધનાકાળમાં ઈશ્વરપ્રાર્થના સાધકને પ્રભુમય જીવન

---

★ 'જીવનપોકાર', પૃ. ૩૪૨-૩૪૩

જીવવામાં અત્યંત સહાયરૂપ થઈ પડે છે. તેથી જ સૌ ભક્તજનો કબીર, નાનક, સુરદાસ આદિનાં ભજનોનું વારંવાર રટણ કર્યા જ કરે છે અને એ દ્વારા અંતરની પરમ શાંતિ અનુભવે છે. અવશ્ય પ્રાર્થના, ભજન કે નામજપની પાછળ સચ્ચાઈ- sincerity-ની આવશ્યકતા રહે જ છે. નહિ તો કબીર સાહેબ કહે છે એમ :-

**'माला तो कर में फिरे, जीभ फिरे मुखमाँहि ।**
**मनुवा तो दस दिश फिरे, यह तो सुमिरन नाहि ॥'**

માટે, આવી ક્રિયા પાછળ આધ્યાત્મિક ઉન્નતિ કરવાની અદમ્ય ઝંખના, સાચી લગની હોવી જોઈએ. એ માટે અડગ નિશ્ચય અને અનન્ય નિષ્ઠા જોઈએ. નામદેવ કહે છે એમ :-

**'देह जावो अथवा राहो,**
**पांडुरंगीं दृढ भावो ।**
**चरण न सोडां सर्वथा,**
**आण तुझी पंढरिनाथा ॥'**

એવી અવિચળ મક્કમતા જોઈએ.

નામસ્મરણનો મહિમા એનો અનુભવ કર્યા વિના ન જ સમજાય. નાનક કહે છે એમ, **'किऊ सचियारा होइये, किऊ कूडे तुट्टे पाल'**-કેવી રીતે હું સાચો બનું અને શી રીતે આ અસત્યનો પડદો તૂટે ?-એવી તાલાવેલી જે ભક્તજનને આર્તતાથી થતી હોય, તે જ પોતાની નિર્મળ ભાવનાને દૃઢાવવા પ્રાર્થના, ભજન, નામજપનો આશ્રય લે છે અને એનો મહિમા પામે છે. ભજનનું વારંવાર રટણ એ પણ જપનો એક પ્રકાર જ છે. એથી મન સત્યસંકલ્પવાળું થતું જાય છે અને અંતરમાં જડ ઘાલી બેઠેલી બધી મલિનતા ધીમે ધીમે વિગલિત થતી જાય છે. આપણાં પ્રાચીન ધર્મશાસ્ત્રોએ જપનું કંઈ ઓછું મહત્ત્વ નથી દર્શાવ્યું. શ્રુતિ કે સ્મૃતિ

એવા એકેએક શાસ્ત્રમાં એનો ઉલ્લેખ મળી આવે છે. મહાભારત તો કહે છે : '**जपस्तु सर्वधर्मेभ्यः परमो धर्म उच्यते ।**' સંત ઍન્થનીને પણ બાળપણમાં જે દિવ્ય આદેશ સંભળાયો હતો એમાંયે પ્રભુપ્રાર્થનાની મહત્તા દર્શાવી છે :–'Abandon yourself to prayer, and you shall be blessed.'

પ્રાર્થના, ભજન, પ્રભુના નામનો જપ મનુષ્યના જીવન-વિકાસના માર્ગે જે જે અડચણો આવતી હોય તેને પાર કરવા માટે જરૂરી સાધન થઈ પડે છે. કોઈને શરૂ શરૂમાં તેનાથી ઉન્નતિ થતી હોય એવું નયે લાગે. વળી, મન પણ ચંચળ પ્રકૃતિનું બની ગયેલું હોવાથી ઈશ્વરમાં સ્થિર પણ થતું નથી. આવા સમયે સાધક કેટલીક વાર હતાશ થઈ જઈ પોતાની નિર્બળતા કબૂલ કરી એ માર્ગેથી પાછો ફરવા તૈયાર થઈ જાય છે, પરંતુ આમ હતાશ થવાને બદલે તેણે એ સન્માર્ગે વધારે વધારે દઢતાથી પ્રયાણ કરવા પુરુષાર્થ આદરવો જોઈએ. આ વખતે કેવી મનઃસ્થિતિ જાળવવી જોઈએ તેનું એક દૃષ્ટાંત અહીં યાદ આવે છે : એકવાર એક માણસે આવીને મહાન તપસ્વી અબુ ઉસ્માન હયરીને પૂછ્યું, 'હે મહાત્મા ! મારી જીભ ખુદાનું નામ જપે છે, પણ તેથી મન કંઈ ઈશ્વરમાં પરોવાતું નથી ! એ તો ક્યાંનું ક્યાં ભટકવા માંડે છે !' ત્યારે મહાત્મા અબુ ઉસ્માન હયરી બોલ્યા, 'ભાઈ, એક ઇંદ્રિય કાબૂમાં આવી છે, એટલાથીયે રાજી થવા જેવું છે. એક અંગે સારો રસ્તો લીધો છે, તો વખત આવ્યે મન પણ તે રસ્તે ચડશે જ.'

વળી, આવા કટોકટીના સમયે ધીરજની પણ અત્યંત જરૂર છે. એ માટે અનન્ય ઈશ્વરનિષ્ઠા, ઈશ્વર શરણાગતિ હોવી જોઈએ. તદુપરાંત, એ માટેની ભૂખ પણ આપણને ઊઘડવી જોઈએ. એમ કરતાં કરતાં આપણું મનઃસ્વાસ્થ્ય એ માર્ગને અનુકૂળ બનતું જાય

છે. એકવાર એક માણસે શ્રીરામકૃષ્ણ પરમહંસને કહ્યું, 'ભગવાનના નામના જપથી તો મારા મનને શાંતિ નથી મળતી.' ત્યારે શ્રીરામકૃષ્ણ પરમહંસે તેનો જવાબ આપતાં જે કહ્યું હતું, તે ધ્યાનમાં રાખવા જેવું છે. શ્રીપરમહંસ બોલ્યા, 'બેટા, પ્રભુ આગળ રહીને પ્રાર્થના કર કે હરિનામના જપથી તને આનંદ મળે. તારી પ્રાર્થના તે જરૂર સાંભળશે. 'હે માતાપિતા', 'હે રામ.' 'હે ગોપાલ', 'હે ગોવિંદ', 'હે હરિ'. એમાંથી કોઈ એક નામ પસંદ કરી લે. દરરોજ એ નામ વારંવાર યાદ કર. તારું મન એમાં લાગી જશે. માંદગીમાં ખોરાકની રુચિ નથી રહેતી, પણ દરદી જેમ જેમ સાજો થતો જાય છે, તેમ તેમ ખાવાપીવાની તેની ઇચ્છા વધતી જાય છે.'

એવું જ પ્રાર્થના, ભજન અને નામજપથી મનુષ્ય અનુભવી શકે છે. મનનો મેલ ધોવા માટે આ જ એક અમોઘ સાધન છે, કારણ કે મનુષ્ય જ્યારે જીવનને ઉન્નતિને માર્ગે લઈ જનારી સાધના કરવાનો પ્રારંભ કરે છે, ત્યારે અંતરમાંના શત્રુઓ ખળભળી ઊઠીને મનુષ્યને સત્પથેથી ડગાવવા બમણું જોર કરી તેના ઉપર આક્રમણ કરે છે. એવા બારીક સમયે ઈશ્વરનું અનન્ય શરણું લઈ તેની સહાય માટે મનુષ્ય જો અડગ રહી સતત પ્રયત્નશીલ રહે અને ઈશ્વરનું ચિંતવન કર્યા કરે, તો ઈશ્વર તેની વહારે અવશ્ય ધાય જ છે. 'આર્તપોકાર'ના ભક્ત કવિ પણ એ સાધનાકાળમાં એક બાજુએ આંખમાંથી સતત અશ્રુધારા વહેવડાવતા હોય અને સાથોસાથ બીજી બાજુએ પ્રભુને પ્રાર્થતા હોય :-

'હે નાથ ! વહારે આવે તો વહેલો આવજે રે !<br>
ખરી અણીને વેળે દોડી આવજે રે !'

(પૃ. ૪૯)

'હરિ ! હું હાવાં હાર્યો હામ, રંક રવડી મરે રે !
થાક્યો, કેમ તરું બળ સર્વ, મુજથી ઓસર્યું રે !'
(પૃ. ૩૨)

આવું તેઓશ્રીનું ભાવપૂર્ણ દર્શન કરવાનું ભાગ્ય કેટલાકને સાંપડ્યું હતું. ભક્ત કવિ એવાં ભજનો વિશે લખતાં પોતે જ કહે છે, 'તે ભજનો પણ સવારમાં ઊઠી, જીવનવિકાસ કાજે જે જે નડતરરૂપ લાગ્યાં કરતું હતું, તેને હઠાવવામાં, તેનાથી મુક્ત બનવા જે જે હરિકૃપાથી પ્રયત્નો થતા રહેતા, જે જે નિર્બળતા તે કાળે દિલમાં પ્રગટતી, તેનું આબેહૂબ વર્ણન રોજની તે પ્રાર્થનાઓમાં ટપક્યાં કરતું. તેની કૃપામદદથી પ્રાર્થનાભાવે એની શક્તિનું આવાહન કરવાનું જે દિલ ઊઠતું, તે ભાવનો રણકાર તે ભજનમાં નીતરતો. તેમાં ભજનનો ભાવ એના ચેતનપૂર્વકના સ્મરણ સાથે હૃદયમાં જીવતો રહ્યા જ કરતો. સ્મરણ અને ભજન (પ્રાર્થનાભાવ) એ જ એનો નિત્યનો સતત એકધારો કાર્યક્રમ રહ્યા કરતો.'[૧]

આમ, પ્રાર્થના, ભજન અને નામજપ દ્વારા ભક્તહૃદયને એક જ ઉદ્દેશ સાધવાનો હોય છે : **'सभना जीआका ईक दाता, सो मैं बिसरू न जाई ।'**★ અને 'આર્તપોકાર'ના એકેએક કાવ્યમાં ભક્ત કવિનું હૃદય એ જ ભાવ એક યા બીજી રીતે વ્યક્ત કર્યાં કરે છે. એ ભક્તિકાવ્યોનું અનુશીલન કરતાં કરતાં આપણા હૃદયમાંથી પણ એવો જ આર્તપોકાર જાણે ઊઠતો હોય એવી પ્રતીતિ આપણને થયા વિના રહેતી નથી. વળી, જેમ જેમ એ ભક્તિકાવ્યોનું રટણ વારંવાર કરતા રહીએ, તેમ તેમ તેમાંથી નિત નવીન ભાવ પ્રગટતા જ જાય છે. અને જાણે આપણું હૃદય જ આર્દ્ર સ્વરે પ્રભુને પોકારીને કહેતું હોય એવી અનુભૂતિ આપણને થાય છે. જો હું મારી વાત જણાવું, તો એક રીતે મારે માટે આ ભક્તિકાવ્યોનું પઠન મારા

૧. 'જીવનપોકાર', પૃ. ૯૪-૯૫, ★ નાનક સાહેબનું 'જપજી'

સાધનામાર્ગમાં ખરેખર જીવનપાથેયરૂપ થઈ પડ્યું છે. જેમ જેમ આ ભક્તિકાવ્યો વાંચતો ગયો, તેમ તેમ જાણે હૃદયમાં કોઈ દિવ્ય ચેતનાએ પ્રવેશ કર્યો હોય એવો આનંદમય અનુભવ થયો. સાથોસાથ કબીર, નાનક, સુરદાસ આદિ ભક્તોનાં ભજનોનું સ્મરણ પણ પદે પદે કરતો જતો હતો. અને આ સૌ સંતનાં ભજનોમાં ભાવોનું સામ્ય, ઉત્કટ વૃત્તિઓની એકરૂપતા, પ્રભુપ્રેમની ઝળહળતી ઉજ્જ્વળ પ્રેમળ જ્યોત, '**मो सम कौन कुटिल खल कामी**' જેવી નિર્દય આત્મપરીક્ષા, '**सुमरण करले मेरे मना**' જેવી મનને ઈશ્વરાભિમુખ કરવાની આરજૂ, **पापाची वासना नको दावुं डोळां** જેવી વિશુદ્ધ તત્ત્વો ભણી પોતાની સૌ ઇંદ્રિયોને વાળવાની તીવ્ર ઝંખના, '**गुरु बिन कौन बतावे वाट**' જેવી સદ્ગુરુને પામવાની અનંત આકાંક્ષા, '**मन मस्त हुआ तब क्यों बोले**' જેવી નિજાનંદની મસ્તી, '**मुझे है काम ईश्वर से जगत रूठे तो रूठने दे**' જેવી જગતના વહેવાર તરફની નિઃસ્પૃહા, '**लज्जा मोरी राखो श्याम**' જેવી આર્ત પ્રાર્થના ઇત્યાદિ પાવનકારી, આત્મોન્નતિકર ભાવનાઓનું દર્શન થતાં અનેરો આનંદ અનુભવવા મળ્યો. મને પણ ભક્ત કવિની પેઠે થવા લાગ્યું કે 'હૃદયમાં લગની લાગ્યા વિના કે લગાડ્યા વિના આપણો પત્તો ખાવાનો નથી.'

ભક્ત કવિનાં આ ભક્તિકાવ્યો આ રીતે આપણા હૃદયને સ્પર્શી જાય છે, પ્રભુભક્તિમાં પ્લાવિત કરી દે છે એનું કારણ શું ? આ ભક્તિકાવ્યોમાં એવું તે શું છે, જે આપણી સંવિદ(સમજશક્તિ) ઉપર ઊંડી અસર કરી જાય છે ? આપણા દિલ ઉપર ઉત્કટ ભાવોનું વર્ચસ્વ સ્થાપવાનું એ ભક્તિકાવ્યોમાં એવું તે કયું બળ છુપાયેલું છે ? આવા આવા કેટલાય પ્રશ્નો કોઈને થવાનો સંભવ છે. એના ઉત્તરરૂપે સંક્ષેપમાં કહી શકાય કે એ ભક્તિકાવ્યો પાછળ રહેલી ભક્ત કવિના ઈશ્વરાભિમુખ આત્માની સચ્ચાઈ. સાધનાકાળ વેળાએ

તેઓશ્રી એવા ઉત્કટ ભાવોમાંથી પસાર થયા હતા. તે વખતે તેઓશ્રીને જે જે અનુભૂતિઓ થયેલી, તે સહજ ભાવે કાવ્ય સ્વરૂપે મૂર્ત થઈ છે. તેઓશ્રીએ કાવ્યો રચવાનો સભાન પ્રયત્ન કદાપિ કર્યો નથી. અંતરમાંથી જ આનંદમય આવેશનો એકાએક ઊભરો આવતો અને તે કાવ્યરૂપે પરિણિત થતો હતો.

આજકાલ કેટલાંય ભક્તિકાવ્યો છૂટાંછવાયાં રચાતાં જોવા મળે છે, પણ એવાં ઘણાં ખરાં કાવ્યોમાં માત્ર કલ્પનાનો વિહાર, શબ્દોની કરામત જ હોવાથી, એ પાછળ તીવ્ર અનુભૂતિ અને આત્મોન્નતિકર સાધના સ્થિતિ ન હોવાને કારણે તથા એમાં હૃદયના અતલ ઊંડાણના અભાવને લીધે એવાં કાવ્યો ભલે આપણને થોડી વાર મુગ્ધ કરી દે, એની લોભાવનારી સૂરાવલિ આપણને ભલે સુમધુર અને કર્ણપ્રિય લાગે, પરંતુ એની અસર આપણા દિલ ઉપર ક્ષણિક જ ટકે છે. જ્યારે 'આર્તપોકાર'માં સંગૃહીત થયેલાં ભક્તિ- કાવ્યો જેવાં કાવ્યો, ભજનો પાછળ દિવ્ય ચેતનાનો સંચાર થયેલો હોવાને કારણે તથા આવા ભક્તજનો પણ આવી ઉત્કટ સાધનાની કક્ષામાંથી પસાર થતા હોય છે તેથી એમાં હૃદયની સાચી લાગણી વ્યક્ત થયેલી હોય છે, જે આપણા હૃદયમાં પણ એવા જ ભાવ જગાડી જાય છે અને આપણા અંતઃકરણ ઉપર તેની ચિરકાલીન સ્થાયી અસર પ્રસ્થાપિત કરી જાય છે. વળી, આવાં પ્રેરણાત્મક, પથદર્શક ભક્તિકાવ્યોમાં શબ્દની શક્તિ રહેલી હોય છે, જે અતીવ મહત્ત્વની ગણી શકાય. શબ્દની શક્તિનો અનુભવ આપણને આપણા કોઈ શ્રદ્ધેય સદ્‌ગુરુ પાસેથી એમની પ્રેમકૃપાથી લીધેલા મંત્રમાં થાય છે. એ મંત્રના શ્રવણથી આપણાં હૃદયદ્વાર એકદમ ખૂલી જાય છે, અંદર પ્રસરેલો ગાઢ અંધકાર એકાએક દૂર થઈ જાય છે અને બધે દિવ્ય પ્રકાશ ફેલાઈ જાય છે. આપણામાં જાણે નવા જ પ્રાણનો

સંચાર થાય છે. આપણી એકેએક ઇંદ્રિય વસ્તુની પાછળ રહેલા રહસ્યનો અનુભવ કરવા લાગે છે, હૃદય પણ સુવિશાળ બની જઈ ભર્યું ભર્યું લાગે છે. આપણા હાવભાવમાં સાત્ત્વિક આનંદ ભળે છે. એ જ પ્રમાણે ઉચ્ચ સાધનામાંથી પ્રભુકૃપાએ પસાર થયેલા ભક્તજનોની પ્રભુપ્રેરિત વાણીમાં પણ શબ્દની જીવનપરિવર્તનશીલ, હૃદયસ્પર્શી, દિવ્ય શક્તિ રહેલી હોય છે. એ જ કારણે એવાં ભક્તિકાવ્યોનું પઠન, ચિંતવન કરવાથી એની પારસમણિરૂપ અસર અચૂક અનુભવાય છે.

'આર્તપોકાર'નાં ભક્તિકાવ્યો આ દૃષ્ટિએ જોતાં એ કક્ષાનાં અવશ્ય ગણી શકાય. એમાં આપણને અંતઃપ્રજ્ઞા-Intution-ની અનુભૂતિ થાય છે. વળી, કબીર, નાનક, સુરદાસ, તુકારામ આદિ ભક્ત સંત કવિઓનાં ભજનો અને આ ભક્ત કવિનાં ભક્તિકાવ્યોમાં જે એકરૂપતા જોવા મળે છે, એ સત્ય હકીકત જ આ ભક્તિકાવ્યોની ઉચ્ચ મૂલ્યવત્તાના પ્રમાણ તરીકે શું પૂરતી નથી ? સંત રજ્જબજીએ યોગ્ય જ કહ્યું છેને -

**'सब सांच मिलै सौ सांच है, ना मिलै सो झूठ ।**
**जन रज्जब सांव कहो, भावइ रिझिभि भावै रूठ ॥'**

ખરેખર, મારી જ વાત ફરીને કહું, તો 'આર્તપોકાર'ની ગઝલો તથા 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી', 'ધર્મ વિચારો રે ઘર થકી', 'મારી નાડ તમારે હાથ', 'ધીરા ભગતની કાફી' ઇત્યાદિ પ્રચલિત ઢાળોમાં લખાયેલાં ભક્તિકાવ્યોનું ગુંજન હૃદયમાં થયાં જ કરે છે. મન એ ભક્તિપ્રવાહમાં પ્લાવિત બનીને પ્રભુને પ્રાર્થી ઊઠે છે :-

'રે ! મુજ રંક જીવન આધાર ! પ્રભુ ! તને ઉરના કોટિ પ્રણામ!
(પૃ. ૫)

'હવે તારે ભરોસે છું, પ્રભુ ! મુજને સ્વીકારી લે.'
(પૃ. ૯૮)

'કેશવ ! કરુણા વિણ નવ રંકનું બળ કંઈ ફાવતું રે.'
(પૃ. ૧)

'કૃપા તારીતણો મુજને, ભરોસો એક ભારે છે.'
(પૃ. ૧૧૨)

'નથી હું શુદ્ધ હજી પૂરો, મને છે ભાન બહુ તેનું,
અધૂરો છું પ્રભુ ! તોયે, શરણ તારે ઢળેલો છું.'
((પૃ. ૧૦૮)

'ચરણ કુરબાની કરવાની, હવે તો બસ તમન્ના છે.'
((પૃ. ૧૦૨)

આવી આવી કેટલીયે કડીઓ મારા હૃદયને સંમાર્જિત કરી પ્રભુ પ્રત્યે તેને દોરી જાય છે. સાથોસાથ 'આર્તપોકાર'ના ભક્ત કવિ માટે પ્રેમ અને આદર વધતા જ જાય છે અને તેઓશ્રીનાં ચરણમાં માથું ભક્તિભાવે નમી પડે છે. ભક્ત કવિ વિશે કશું લખવાની ઈચ્છા થતી હોય તોયે પરાણે તેને અહીં રોકવી જ રહી ! પરંતુ એટલું તો અહીં કહ્યા વિના રહેવાતું નથી કે તેઓશ્રીની આ અપૂર્વ ભેટ સૌ સાધકજીવોને આશીર્વાદરૂપ થઈ પડે એવી અવશ્ય છે અને એ બદલ આપણે સૌ તેઓશ્રીના હંમેશના ઋણી છીએ.

છેવટે, થોડુંક કહેવાની રજા લઉં છું. 'આર્તપોકાર'ના ભક્ત કવિ મારે મન પૂજ્ય ગુરુજન છે. તેઓશ્રીના આવા અમૂલ્ય ગ્રંથની પ્રસ્તાવના લખવી એ મારા જેવા તેઓશ્રીના શિશુ માટે નાને મોઢે મોટી વાત કહેવા સમાન છે, પરંતુ તેઓશ્રીના પ્રેમાળ ઉદાર હૃદયે આવું અઘરું કામ મને સોંપીને મારા ઉપર ખરેખર મહદ ઉપકાર જ કર્યો છે. પ્રસ્તાવના લખવાના નિમિત્તે તેઓશ્રીનાં પુસ્તકોનું

મનનશીલ અધ્યયન તથા અન્ય સંતોનાં ભજનોનું ઊંડું અનુશીલન કરવાનો સુઅવસર મને સાંપડ્યો. સૌથી મહત્ત્વનો લાભ તો મને એ થયો કે તેઓશ્રીના પવિત્ર હૃદયનો અતિનિકટનો સંપર્ક સાધવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું. તેઓશ્રીની સાથે હવે હૃદયની જે પ્રેમસગાઈ થઈ છે, તે જન્મોજન્મ વૃદ્ધિ પામતી જ રહેશે અને મારા જેવા અલ્પ જીવને તે સુપથે દોરતી રહેશે, એવી શ્રદ્ધા અંતરમાં પ્રસ્થાપિત થઈ છે, એ ખરેખર મારા જીવનની ધન્ય ઘડી જ છે.

અંતે, ભક્ત કવિને ફરીને પ્રેમપૂર્વક નમન કરું છું. અને **'सभना जीआका ईक दाता'** જેના **'हुकम'** પ્રમાણે ચાલવામાં જ આપણા જીવનની ધન્યતા છે, એવા પરમ પિતા પ્રભુનું સ્મરણ ન કરું તો બધું ફોક જ ગણાયને ? મને આવો સંતસમાગમનો લહાવો આપવા બદલ પ્રભુને અહોભાવપૂર્ણ વંદન કરીને પ્રાર્થું છું :-

'જીવનઝરણું વહેવા દે, સરળ મારું પ્રભુ! નિત્યે,
સ્મરણની ધૂન મસ્તીમાં, દિવસ મારો વીતી જાજો,
સતત મનની દશા એવી, પ્રભુ ! મારી પૂરી કરજો.'
(પૃ. ૮૦)

ગૂજરાત વિદ્યાપીઠ, **મુકુલ કલાર્થી**
અમદાવાદ-૯
રામનવમી, તા. ૧૧-૪-૧૯૫૪

॥ હરિઃૐ ॥

# એકની પ્રાર્થના - સૌની પ્રાર્થના

## (બીજી આવૃત્તિ)

'પ્રાર્થના કરતાં દિલથી મુજને, કૈં ના આવડે રે.' (પૃ.૨૪)

પ્રાર્થના કરવી છે. પ્રાર્થના પ્રાણના પ્રાણ છે, જીવનનો આધાર છે, પણ પ્રાર્થના કરતાં આવડતું નથી. એ જ મૂંઝવણ છે. એ લાચારી છે.

પણ શીખવું શી રીતે ? આ કોઈ શાસ્ત્ર થોડું છે કે ભણીને શિખાય? કોઈ પાઠ છે કે ગોખીને આવડે ? પ્રાર્થનાના કોઈ વર્ગો છે ? કોઈ અભ્યાસક્રમ છે ?

પ્રાર્થના શીખવાની એક રીત છે. પ્રાર્થના કરો અને પ્રાર્થના શીખવવાની પણ એ જ રીત છે. પ્રાર્થના કરો. અને સાચી પ્રાર્થના જોઈને, સાંભળીને, અનુભવીને પોતાની પ્રાર્થના સ્ફુરશે, પોતાનું દિલ ખૂલશે.

ભક્ત કવિ પ્રાર્થના કરે છે. એ એમની પ્રાર્થના છે, એમની સાધના છે, પણ આપણે એ વાંચીએ ત્યારે એ આપણી બની જાય છે. એટલે કે આપોઆપ આપણે પ્રાર્થના કરતા થઈએ છીએ, પ્રાર્થના કરતાં શીખીએ છીએ. એ ઉપકાર છે. એ દિવ્ય લાભ છે.

માતા પ્રાર્થના કરે છે. બાળક સાંભળે છે. પછી બા કરે તે પોતે કરે, બા બોલે તે પોતે પોતાની કાલી બોલીમાં બોલે. એ એની પ્રાર્થના છે. ભગવાન તે સાંભળે છે. અને ધર્મના સંસ્કારો એ બાળકના દિલમાં ઊતરે છે.

બધાં બાળકો છીએ. કાલી કાલી બોલી છે. હવે, જેને જેને પ્રાર્થના કરતાં આવડે એમને કરવા દો, ઉચ્ચારવા દો, છપાવવા દો. જેથી, આપણે એ વાંચીએ, સાંભળીએ, બોલીએ અને પ્રાર્થનાની દુનિયામાં પ્રવેશી શકીએ.

આ પુસ્તકમાં એવી પ્રાર્થના છે. એક આર્દ્ર હૃદયની પ્રાર્થના છે, એ ખાતરી છે. હવે, એ આપણા સૌની પ્રાર્થના બને એ સંકલ્પ છે.

તા. ૨૧-૧૧-૧૯૭૩ **ફાધર વાલેસ**

॥ હરિઃૐ ॥

# સંપાદકનું નિવેદન

## (બીજી આવૃત્તિ)

કોઈક કલ્પનાતીત ચિંતા, ઉપાધિ, મુશ્કેલી-હિમાલય પર્વતના બોજા જેટલી, માથે કોણ જાણે કેવી રીતે ઓચિંતી આવી પડી. તે કાળે કેવો ભયંકર ભય વ્યાપી ગયો હતો ! ચોમેર બસ એનું એ જ માત્ર દર્શન. એના એ જ વિચારનું વાતાવરણ.

ઊંઘ તો જાણે હરામ થઈ ગઈ હતી. જ્યાં ને ત્યાં ભય જ દેખાય. એક બાજુ આવી ભયંકર માનસિક અસ્થિરતા જેવી દશા, જાણે સાવ ગાંડપણ, અને બીજી બાજુ કોણ જાણે ક્યાંથી **श्रीहरि**ની કૃપા મારા જેવા અપાત્ર ઉપર ઊતરી આવી કે જેથી દિલમાં ખાતરી થઈ ગઈ કે **श्रीहरि** કદી પણ કોઈનુંય પાપ કે પુણ્ય જોતો નથી. **ए** તો માત્ર સર્વને એકધારું ચાહ્યા જ કરે છે. **श्रीहरि**ની પરમ કૃપાનો ત્યારે જે અનુભવ થયો, કે જે કૃપાએ મને **श्रीहरि**નું નામ લેવરાવ્યું અને ત્યારે જોશ, ઉત્સાહ, ખંતથી સ્મરણ થયા કરતું અને તે પણ અખંડ, એકધારું, અકબંધ, ટકોરાબંધ બસ ચાલ્યા જ કરતું હતું. આવા નામસ્મરણે મને સાવ ગાંડો થઈ જતો બચાવ્યો. મારાં સગાંવહાલાં, મિત્રો, સાથીઓ અને સંબંધીઓ તો ગાંડો થઈ ગયેલો જ ધારતાં હતાં અને અપરંપાર ચિંતા સેવતાં હતાં, પરંતુ નામસ્મરણનું જે ઝનૂન મારા ઉપર સવાર થયેલું હતું તે તો બસ નદીના પ્રચંડ પૂરની પેઠે ધસમસતું ચાલ્યા જ કરતું હતું.

આવી મારી આંતરિક ભયંકર દશામાં **आ आर्तपोकार**ની પ્રાર્થના મારાથી મનમાં ને મનમાં ગવાયાં જ જતી હતી. તે પ્રાર્થનામાં મારા હૃદયનો આર્તનાદનો ભાવ પ્રગટતો હતો. તે પ્રાર્થનાગીત, મનમાં ને મનમાં કદીક જ્યાં એકાંત મળતું ત્યારે

મોટેથી પણ ગાતો હતો. એક બાજુ મારા દિલમાં **આ** પ્રાર્થનાઓનું રટણ ચાલતું હતું, તો બીજી બાજુ કોઈક અકલ્પ્ય ભય મને તેના વિકરાળ સ્વરૂપનું દર્શન કરાવતો અસ્વસ્થ કરી મૂકતો હતો. તેમ છતાં **આ** પ્રાર્થનાઓના રટણથી મને કંઈક સ્વસ્થતા રહેતી હતી. એ રીતે **આ** પ્રાર્થનાઓએ મને ઘણી મદદ કરી છે. એ તો મારા જીવનનો નક્કર પ્રત્યક્ષ અનુભવ છે.

વળી, તે મારી ગાંડપણની દશામાં જે જુસ્સાથી, ઉત્સાહથી, ધગશથી નામસ્મરણ લેવાતું હતું, તે પૂજ્ય શ્રીમોટાના તરફનું જ હતું, તે તો મને ત્યારે પણ અનુભવાતું હતું અને આજે પણ અનુભવાય છે. જો માત્ર મારાથી જ તેમ થયું હોત, તો તે વેળા મને ભૂલેચૂકે પણ પૂજ્ય શ્રીમોટાનો વિચાર જ ન પ્રગટ્યો હોત.

મારા જીવનમાં જે ભયંકર ચિંતાનો, ભયનો કાળ હતો, તે વેળાએ પૂજ્ય શ્રીમોટાએ મારામાં તેમનું ચિત્ત પ્રેરાવીને મને સતત એકધારું રણકાર દેતું સ્મરણ કરાવ્યું હતું. મારા જીવનનો તે ચમત્કારિક, અદ્‌ભુત પ્રસંગ કદાપિ ભૂલી શકાય તેવો નથી. જોકે પૂજ્ય શ્રીમોટા તો એમ જ કહે છે કે જે તે કંઈ કશું હોય તે તો **શ્રીહરિ**નું જ છે, 'મોટા'નું તો કશું જ નથી. એ તો જે હો તે હો, પરંતુ મારે મન તો મારા જીવનમાં તે ભયંકર ગાંડપણના હુમલામાંથી બચાવનાર તો એકમાત્ર 'મોટા' જ છે.

**આ આર્તપોકાર**નાં પ્રાર્થનાગીતોએ મને જે આંતરિક મદદ કરી છે અને મને ગાંડો થતો અટકાવ્યો છે, તેથી મને લાગ્યા જ કરતું હતું કે મારે મારા ખર્ચે **આ આર્તપોકાર** ચોપડી છપાવવી. તે મારી ભાવના સાકાર પામે છે, તેથી રાજી થાઉં છું અને શ્રીભગવાનનાં ચરણે પ્રાર્થનાભાવે નમસ્કાર કરું છું.

પૂજ્ય શ્રીમોટાનો તો હૃદયથી જેટલો ઉપકાર, આભાર માનું તેટલો ઓછો છે.

તા. ૨૧-૧૧-૧૯૭૩ **(નાના) અમૃતલાલ ગોવિંદભાઈ પટેલ**

ભાઈશ્રી અમૃતભાઈનો ઉપરના નિવેદન મુજબ જે પ્રસંગ બન્યો છે, તે તદ્દન સત્ય છે અને તેમની આવી અકળામણની ભયંકર શંકાઓ અને ભયની સ્થિતિ હતી ત્યારે અમોએ તેમને અમારી પાસે આશ્રમમાં જ રાખ્યા હતા અને તેમનાં બંને પાસાંનો અનુભવ થયેલો.

આવાં બંને સામસામી વિરોધી પાસાંનો જબરજસ્ત સંગ્રામ તો અમોએ જીવનમાં આ પહેલી જ વાર નજરોનજર જોયો છે અને ત્યાર પછી એ ભાઈનામાં આજે તો સાત્ત્વિક ગુણો એવા સરસ ખીલી ઊઠ્યા છે કે જેથી અમોને તો ઘણો આનંદ થયો છે.

આવે પ્રસંગે ભગવાનની કૃપા ના ઊતરી હોય તો **જીવ**-સ્વભાવનો માણસ બિલકુલ ટકી શકે નહિ તેવી સ્થિતિ થઈ ગઈ હતી, પણ પૂજ્ય શ્રીમોટાની અપાર કૃપામદદથી જ ઊગરી શકાયું છે અને તેમની કૃપાથી તેમના જીવનનો પલટો આવી ગયો છે. એ અમોએ જાતે અનુભવથી જોયેલું છે અને જાણીએ છીએ. અને અમૃતભાઈના પરિવર્તનથી અમો રાજી છીએ.

તેમનાથી સતત પ્રભુકૃપાથી છ માસ સુધી રાતદિવસ અખંડ નામસ્મરણ લેવાયું, તે પણ એક અલૌકિક ઘટના છે.

શ્રી અમૃતભાઈનામાં પ્રભુકૃપાથી આ પ્રસંગ બન્યા પછીથી જે પરિવર્તન થઈ ગયું છે, તે જોઈ અમો બધા ખૂબ રાજી થયા છીએ અને તેમના જીવનવિકાસના માર્ગે શ્રીભગવાન તેમને સદા રાખ્યા કરે અને જન્મોજન્મ અનન્ય પ્રેમભક્તિ આપી કલ્યાણ કરે એ જ અમારા સૌની પ્રાર્થના છે.

નરોડા એ જ લિ. **પટેલ અમૃતભાઈ જેસીંગભાઈ**

તા. ૨૪-૧૧-૧૯૭૩ **તથા ઉમેદભાઈ ધનાભાઈ**

ઉપરનું નિવેદન તેની પૂરેપૂરી યોગ્યતામાં છે. (નાના) અમૃતલાલના જીવનના એ ગાળાના મારે પણ સાક્ષી થવાનું બન્યું હતું.

અમદાવાદ, ૨૫-૧૧-૧૯૭૩ **ઈંદ્રવન સવઈલાલ શૅરદલાલ**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ જીવનવિકાસ માટે સાધનાના પ્રારંભકાળમાં દિલના દર્દથી આર્ત ભાવે પ્રભુને પોકાર પાડતી જે પ્રાર્થનાઓ કરી હતી, તેમાંથી સને ૧૯૫૪માં **'આર્તપોકાર'**ની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ હતી.

નરોડાના સ્વજન શ્રી અમૃતભાઈ ગોવિંદલાલ પટેલ (નાના) તેમના જીવનમાં એક સમયે કટોકટીના કાળમાં પૂજ્ય શ્રીમોટાની મહેરથી હેમખેમ પાર ઊતરતાં આ **'આર્તપોકાર'**ની પ્રાર્થનાઓની બીજી આવૃત્તિના પ્રકાશનમાં તેઓ દ્વારા ૧૯૭૩માં ખૂબ સદ્‌ભાવ સાથે સહયોગ અપાયો હતો.

પૂજ્ય શ્રીમોટાની પદ્યરચનાઓ પ્રત્યે હવે સ્વજનોની અભિરુચિ વિકસી રહી છે. **'આર્તપોકાર'**ની આ ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરી સ્વજનોને ઉપલબ્ધ કરાવતાં અમો કૃતાર્થ થયા છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા.૨૪-૮-૨૦૦૮ **ટ્રસ્ટીમંડળ,**
જન્માષ્ટમી હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | અનેરી આશા | ૧ |
| ૨. | ચેત ! ચેત ! ચેત ! | ૨ |
| ૩. | દેહની સાર્થકતા | ૩ |
| ૪. | અનંત સુખની યાચના | ૪ |
| ૫. | નિશ્ચલ ભક્તિ | ૫ |
| ૬. | મનને ઠારો | ૬ |
| ૭. | વસો ઉરે સાક્ષાત્ | ૭ |
| ૮. | એક જ કોડ | ૮ |
| ૯. | કટારી ભોંકી દો | ૯ |
| ૧૦. | ધર્મ ગણી હાવાં ધાજો | ૧૦ |
| ૧૧. | નોંધારાનો આધાર | ૧૧ |
| ૧૨. | હવે તો અંત આણ ! | ૧૨ |
| ૧૩. | મનને શિખામણ | ૧૩ |
| ૧૪. | આભ તૂટ્યે | ૧૯ |
| ૧૫. | પછી મારે ચિંતા શી રે ! | ૨૦ |
| ૧૬. | સિંધુની લહરી | ૨૧ |
| ૧૭. | પદ-રક્તિ | ૨૨ |
| ૧૮. | ઇંદ્રિયમુક્તિ | ૨૩ |
| ૧૯. | બહુ થયું ! | ૨૪ |
| ૨૦. | તારે શરણે | ૨૫ |
| ૨૧. | એક તારી આશા | ૨૮ |
| ૨૨. | ભાવ પ્રીછી હરિ ! આવો | ૨૯ |
| ૨૩. | ભીડ નિવારણ નાથ | ૩૦ |
| ૨૪. | અંકમાં રમાડો | ૩૧ |
| ૨૫. | કૃપાનિધિ ! હાવાં ચઢો વહારે | ૩૨ |
| ૨૬. | જીવનદીપકતણી જ્યોતિ | ૩૩ |
| ૨૭. | ગાંડું રુદન | ૩૪ |
| ૨૮. | મને તુજમાં સમાવી લે | ૩૫ |
| ૨૯. | કૃપાની યાચના | ૩૬ |
| ૩૦. | મને તુજ પ્રાણશક્તિ દે | ૩૭ |
| ૩૧. | હવે ન રીબવશો ! | ૩૮ |
| ૩૨. | શ્રદ્ધાથી નાખ્યું મેં પડતું | ૩૯ |
| ૩૩. | હું રવડું છું ! | ૪૦ |
| ૩૪. | આર્તનાદ | ૪૧ |
| ૩૫. | મૂઢ પર મહેર | ૪૨ |
| ૩૬. | વચન તો પાળો | ૪૩ |
| ૩૭. | તારો જ આધાર | ૪૪ |
| ૩૮. | પૂરેપૂરી નાલાયકી | ૪૫ |
| ૩૯. | તારે ચરણકમળે | ૪૬ |
| ૪૦. | કૃપાની સર્વ શક્તિ | ૪૭ |
| ૪૧. | હૈયાની આગ | ૪૮ |
| ૪૨. | હામ જાતાં સંભાળ મારી રાખજે રે ! | ૪૯ |
| ૪૩. | દો એવું અંતનું દાન | ૫૧ |
| ૪૪. | સાચું સગપણ | ૫૨ |
| ૪૫. | વિનંતી | ૫૩ |
| ૪૬. | ટાઢક વાળો | ૫૪ |
| ૪૭. | કર્મનો જ દોષ | ૫૫ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૮. | દુઃખદ પ્રીતિદોરી | ૫૬ |
| ૪૯. | એક જ વાંછના | ૫૭ |
| ૫૦. | લેજે ભલા ! કંઈ ખબર તું | ૫૮ |
| ૫૧. | બાળનો પુકાર | ૫૯ |
| ૫૨. | ટાળો ઉરભેદ તાત ! | ૬૦ |
| ૫૩. | લગની | ૬૧ |
| ૫૪. | દુઃખ સહેવાની તૈયારી | ૬૨ |
| ૫૫. | તલસાટ | ૬૪ |
| ૫૬. | મૂળ સાથે જ પ્રીત | ૬૬ |
| ૫૭. | હાવાં છેલ્લો નિકાલ દે તું | ૬૭ |
| ૫૮. | પ્રભુ ! લેની સોડમાં તારી | ૬૮ |
| ૫૯. | લાજ તો હરિના હાથમાં | ૬૯ |
| ૬૦. | કેમ કરી રીઝવીએ ! | ૭૦ |
| ૬૧. | નમ્રતા | ૭૧ |
| ૬૨. | હૈડે ચાંપો | ૭૨ |
| ૬૩. | નથી સહેવાતું | ૭૩ |
| ૬૪. | ઉત્સુકની આશા | ૭૫ |
| ૬૫. | હરિ આશરે | ૭૬ |
| ૬૬. | અકારણ કૃપા | ૭૭ |
| ૬૭. | બાળહઠ | ૭૯ |
| ૬૮. | સરળ વહન | ૮૦ |
| ૬૯. | દંભી ફિલસૂફી | ૮૧ |
| ૭૦. | નિરાશામાંયે મઝા | ૮૨ |
| ૭૧. | એક જ સગપણ-શ્રીહરિ | ૮૩ |
| ૭૨. | પૂરો વિશ્વાસ | ૮૪ |
| ૭૩. | ઉગારી લે ! | ૮૫ |
| ૭૪. | અમર આશા-વિશ્વાસ | ૮૭ |
| ૭૫. | પ્રેમની જ્વાલા | ૮૮ |
| ૭૬. | પ્રીતિનો હક્ક | ૮૯ |
| ૭૭. | પડીશ પૂરો હું તો સહુને | ૯૦ |
| ૭૮. | નિવેડો લાવી દે | ૯૧ |
| ૭૯. | નિશ્ચિંતતા | ૯૨ |
| ૮૦. | હરિ ! હૈડે પૂરો મુજ આશ | ૯૩ |
| ૮૧. | ખાલી ભિક્ષાપાત્ર | ૯૫ |
| ૮૨. | દૃઢ ભરોસો | ૯૭ |
| ૮૩. | તારે ભરોસે | ૯૮ |
| ૮૪. | પ્રણયની નિશાની | ૯૯ |
| ૮૫. | કચરાયેલું હૈયું | ૧૦૦ |
| ૮૬. | સતત સ્મરણ | ૧૦૧ |
| ૮૭. | કુરબાનીની તમન્ના | ૧૦૨ |
| ૮૮. | આત્મજનનો વિયોગ | ૧૦૩ |
| ૮૯. | પ્રીતિની માળા | ૧૦૪ |
| ૯૦. | પ્રેમની પીડા | ૧૦૫ |
| ૯૧. | હૃદયશ્રદ્ધા | ૧૦૬ |
| ૯૨. | કર્મમાં પ્રભુભાવ | ૧૦૭ |
| ૯૩. | ચરણશરણ | ૧૦૮ |
| ૯૪. | શરણની નિશ્ચિંતતા | ૧૦૯ |
| ૯૫. | પ્રભુ ! પાને પડેલાને | ૧૧૦ |
| ૯૬. | એકનિષ્ઠા | ૧૧૨ |
| ૯૭. | અનુભવના જોરે | ૧૧૪ |
| ૯૮. | શ્રીકૃષ્ણ : શરણં મમ | ૧૧૫ |


●

# આર્તપોકાર

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

## (૧) અનેરી આશા

(મારી નાડ તમારે હાથ હરિ ! સંભાળજો રે !-એ ઢાળ)

કેશવ ! કરુણા વિણ નવ રંકનું બળ કંઈ ફાવતું રે,
કૃષ્ણ ! કોડામણા ! ઉર વર્ષાવો પ્રેમ હું વીનવું રે.
કેશવ૦

દિન પૂંઠે દિન વહી જાયે છે, ઉદ્વેગે દિલ બળ્યાં કરે છે,
ચરણે બાળ રડે છે, ન્યાળ★ સામું વિભુ રે !
કેશવ૦

શ્રીહરિ ! ફરી ફરી શું વર્ણવું હું ! પા'ણ ફૂટી હરિ ! મૌન રહું હું,
ઉરથી ચાહી હું ઝંખું રે, તને હરિ ! આવ તું રે.
કેશવ૦

વીનવું, 'નહિ જો કરણી મારી, શરણે જાણી લેને તારી,
પ્રીતે પ્રભુ ! જાઉં હું વારી, એ બસ દો વિભુ રે !'
કેશવ૦

નેણ વિણ છે તને નીરખવો, રૂપ વિણ તોયે ઉર પારખવો,
વિણ જિહ્‌વાએ રસ તુજ પીવો, આશ પૂરો વિભુ રે !
કેશવ૦

★ નિહાળવું

## (૨) ચેત ! ચેત ! ચેત !

(રે ! શિર સાટે નટવરને વરીએ-એ ઢાળ)

રે ! ચેત્યો ત્યાંથી હરિગુણ ગાજે,
કે સમય ન એળે જાવા દેજે,
રે ! ચેત્યો ત્યાંથી હરિગુણ ગાજે. રે ! ચેત્યો૦

રે ! બેદરકારી ના ઉર આવે,
રે ! સાવચેતી કંઈ રાખું તો ફાવે,
કે નહિતર ગાડું નહિ ચાલે. રે ! ચેત્યો૦

રે ! સાચી શિખામણ દિલ તું ધરજે,
રે ! વિવેકી થઈ નિત્ય ફરજે,
કે દિલ મોટું રાખીને રે'જે. રે ! ચેત્યો૦

રે ! વિરોધ વહોરી નહિ લે તું,
રે ! મન ન દુભવ વડીલોનું તું,
કે 'કરણીથી પ્રિય બનું' એમ રે' તું. રે ! ચેત્યો૦

રે ! ગુરુજન સેવા મન ધરજે,
રે ! ખોટી પંડિતાઈ નવ કરજે,
કે મદમહીં નવ તું ડૂબી મરજે. રે ! ચેત્યો૦

રે ! સરળ તું રીતથી સંચરજે,
રે ! દુર્ગુણ, દોષ થકી ડરજે,
કે જ્યાં ત્યાંથી ગુણ લેતો ફરજે. રે ! ચેત્યો૦

## (૩) દેહની સાર્થકતા

(રે ! શિર સાટે નટવરને વરીએ-એ ઢાળ)

રે ! મળ્યો મહામૂલ્યે, મનમોજે !
રે ! એળે ગુમાવી તું ના દેજે,
કે વિચારી બહુ તું ડગ ભરજે. રે ! મળ્યો૦

રે ! મમતા, મનને મારીને,
રે ! ઉરથી અહંતા દૂર કરીને,
કે ઊલટ આણી ભજ તું હરિને. રે ! મળ્યો૦

રે ! જે બને, ગણજે 'તે સુખરૂપ છે',
રે ! ઉદ્વેગ, શોક કર્યે શું વળે છે ?
કે ચિંતા તજી શરણે ઢળજે. રે ! મળ્યો૦

રે ! સ્વભાવ શાંત કરી રે'જે,
રે ! સહુની સંગે મળીને ફરજે,
કે પિંડપીડા તજી હરિ ભજજે. રે ! મળ્યો૦

રે ! લોકૈષણા માટ નવ જીવજે,
રે ! સાચથી રે'તાં તું પ્રિય થાશે,
કે સહુ લોક તને ઉરથી ચાહશે. રે ! મળ્યો૦

## (૪) અનંત સુખની યાચના

(ધર્મ વિચારો રે ઘર થકી, તજી કપટ તમામ-એ ઢાળ)

કૃષ્ણ ! કૃપાનિધિ ! વીનવું, ભાંગો ભીડ ભગવાન ! (ટેક)
અનાથ બાળ દીન જાણીને, અપનાવજો બાપ !
મહિમા જાણી હું તો ઢળ્યો, તારે શરણે દુખ કાપ. કૃષ્ણ૦

તું ગુણધામ, વિરામ છે, મને ટાળે કાં રાંક ?
પ્રેમે પ્રણમી પાયે પડું, કૃપાથી લ્યોને અંક. કૃષ્ણ૦

મન, બુદ્ધિ, વિચાર, કલ્પના, અહં, ચિત્ત ને પ્રાણ,
ઉરથી ઊંડું એ સૌ યાચતાં, વીનવું આવો ભગવાન ! કૃષ્ણ૦

અંત વગરનું સુખ હું હરિ ! બાળ માગું છું, તાત !
કરગરી માગું તે કાજ કે, ધ્યાને લ્યો મુજ વાત. કૃષ્ણ૦

## (૫) નિશ્ચલ ભક્તિ

(પ્રેમલ જ્યોતિ તારો દાખવી-જેવો ઢાળ)

રે ! મુજ રંક જીવન આધાર ! પ્રભુ ! તને ઉરના કોટિ પ્રણામ.
શ્રીવલ્લભ ! હે પ્રભુ ! કૃપાનિધિ ! હે નાથ ! હે સીતારામ !
હૃદયે પુનિત વસે તુજ નામ તે, એવું કરો ભગવાન !
પ્રભુ૦

જન્મે જન્મે પદપંકજનું તવ, કૃપાથી રે' ઉર ભાન,
માથું નમાવી હું બાળ માગી લઉં, એટલું દો હરિ ! દાન.
પ્રભુ૦

ધર્મમાં, ધન ભેળું કરવામાં, ભોગ ભોગવવામાં, નાથ !
આસ્થા ન, કર્માનુસાર ભલે થાઓ, નિર્ભય તે વાતે તાત !
પ્રભુ૦

જન્મ જન્માંતરમાં પદરજમાં, નિશ્ચલ ભક્તિ રે' નાથ !
એ જ મહત્ત્વની પ્રાર્થના બાળની, વહાલ આણી લ્યો ધ્યાન.
પ્રભુ૦

સ્વર્ગ, પૃથ્વી, નર્કમાં ભલે હોયે, વાસ મારો ત્યાં તાત !
મૃત્યુ સમે પદચિંતવન કિંતુ, કરું એવું કરો બાપ !
પ્રભુ૦

મૃત્યુ સમે જ્યાં અનેક ઉપાધિથી, જીવ ગૂંચાશે, બાપ !
સ્મરણ કેમ કરી થાશે તે કાજે, આજ વસો મન આપ.
પ્રભુ૦

# (૬) મનને ઠારો

(મારી નાડ તમારે હાથ-એ ઢાળ)

છો આ વિશ્વતણા પ્રભુ ! કર્તા, ભર્તા, હર્તા તમે રે,
ચરણે તાત ! પડ્યો છું તારે આશા, તું મુજ ઓ હરિ ! રે.
છો આ૦

દુષ્ટ, દુરમતિ, દુઃસંગી છું, દોષતણો વળી હું દરિયો છું,
પ્રસન્ન થાઓ હું વીનવું છું, વસો રીઝી ઉરે રે.
છો આ૦

કૃપા કરી કર જોડી કહું છું, ધન્ય કરો હૃદમાં તલસું છું,
હરનિશ હરિ ! ચરણે હું રહું છું, પ્રભુજી ! તાહરે રે.
છો આ૦

પ્રપંચ પ્રીતિ ઉરથી ત્યજાવી, સ્નેહભક્તિ દઈ ભજન કરાવી,
પ્રેમે દો મુજને નવરાવી, દાસ ગણી બાળને રે.
છો આ૦

મન, કર્મ, વાણી, બુદ્ધિથી, હરિ ! યાચું હું પ્રાણ, હૃદયથી,
બાળ વાત લ્યો પ્રભુજી ! મનથી, જાણી શરણે મને રે.
છો આ૦

ઊંડું ઉરથી પ્રભુ ! પ્રાર્થું હું, હે પ્રભુ ! જો તું, કરગરી મરું હું,
હેતે ઉર લ્યો બાળ કહું હું, મુજ મન તો ઠરે રે.
છો આ૦

## (૭) વસો ઉરે સાક્ષાત્

(પ્રેમલ જ્યોતિ તારો દાખવી-જેવો ઢાળ)

રે ! મુજ રંક જીવન આધાર પ્રભુ ! તને ઉરના કોટિ પ્રણામ.
પ્રેમે પ્રણમી લાગું પાય, માગું વિભુ ! ધન્ય કરો મુજ ધામ. પ્રભુ૦

સાધનરૂપ સર્વમાં બાળને, એકમાત્ર તુજ પાદ,
ઓથ મોટી છે તારી એ બાળને, તેથી રે'વાયે છે સાથ. પ્રભુ૦

ઊંડા અંતરથી શ્રદ્ધા થકી હું, ભાવે યાચું છું નાથ !
દીનના ભાવમાં ઊણપ હોય તો, પૂર્ણ કરી લ્યો બાથ. પ્રભુ૦

બગડી બાજી હોય જો રાંકની, છો હરિ ! આપ સમર્થ,
શ્રીકૃષ્ણ કરકમળ સ્પર્શેથી, થઈશ બાળ કૃતાર્થ. પ્રભુ૦

વીનવું લળી લળી વિનયથી હું, પ્રેમે પ્રણમી બાપ !
યત્કિંચિત્ મૂરખના યત્ને, કૃપા વર્ષાવજો તાત. પ્રભુ૦

ભાવના સાગરે બાળને અર્પી, ભક્તિકેરું હૃદ નાવ,
નાવિક થઈ તે પળપળ ચલવો, તો તો ફાવે મુજ દાવ. પ્રભુ૦

આસક્તિ તુજ પ્રતિ છે, હૃદમાં હરિ ! રાખી રંક લ્યો સાથ,
ક્ષણ ક્ષણ યંત્રી રહીને શ્રીહરિ ! દોરવજે યંત્રને નાથ ! પ્રભુ૦

રસના સાગર શ્રીહરિ ! પોતે, માગું છું બિંદુ એક,
દાનો દાતાર જાણીને આવ્યો, રાખજે તું તુજ ટેક. પ્રભુ૦

મોહન ! મળવા મન મુજ માગતું, એક આશા ઉર બાળ,
પ્રેમે પ્રીતમજી ! પ્રણમી પ્રાર્થું, બાળની લો ઉર ભાળ. પ્રભુ૦

કળશ હૃદયથી, પ્રેમવારિએ, શ્રદ્ધા અંગુલિથી, તાત !
શિરે અભિષેક કરી હું વીનવું, વસો ઉરે સાક્ષાત્. પ્રભુ૦

# (૮) એક જ કોડ

(ધીરા ભગતની કાફી)

ભરૂંસો મને છે તારો રે, કોક દિન મળશે પ્રભો !
મંગળકારી તુજ શરણું રે, જાણી હું શરણે ઢળ્યો.
ભરૂંસો૦

માયા-મોહ બાધક છે ભારી, ના સૂઝે મારગ તુજ ધામ,
મન મારું એક ચિત્તે ન થાતું, હરિ ! દેને તું હ્દે બળહામ,
બાળક નિજનો તું સમજી રે, વિસારી દેજે દોષ પ્રભો !
ભરૂંસો૦

ચિંતા-ઉપાધિ કાંઈ ન વળગે, તુજ ધૂને રહે મન મસ્ત,
ભક્તિ તારી તો પ્રેમથી થાયે, એવું બનાવ હ્દય તું મસ્ત,
પાઈ પ્રેમરસ પ્યાલી રે, તું રસબસ કરજે પ્રભો !
ભરૂંસો૦

વ્યવહાર-કર્મો ભલે ભુલાયે, ભુલાયે જગત તમામ,
પણ હિતકર તારા નામનું તો, મન, ચિત, હ્દે રહે ધ્યાન,
દયા અમીજળ છાંટી રે, માગ્યું દેજે દાસ પ્રભો !
ભરૂંસો૦

સાધન ખૂટતાં દીસતાં સર્વે, ગયો ગર્વ ગળી હરિ ! આજ,
હૈયું અતિશે નમ્ર બની, હરિ ! તને અંતરથી વીનવે છે રાજ !
બસૂરો સૂર મારો રે, મિલાવી એક કરજે પ્રભો !
ભરૂંસો૦

સ્નાન કરું તુજ પ્રેમવારિમાં ચંદન અર્ચા તુજ નામ,
તરબોળ બનું હું તુજ ભાવોમાં, એવા કોડ પૂરીને તું શ્યામ !
સફળ જન્મારો કરજે રે, મટકું એવું દઈને પ્રભો !
ભરૂંસો૦

# (૯) કટારી ભોંકી દો

(ધીરા ભગતની કાફી)

હૃદયતણા મંદિરીએ રે, કૃપા કરી આવો પ્રભો !
મહેર કરી હરિ ! આવો રે, દુખડાં જાય ટળી તો પ્રભો !
હૃદય૦

અવર કોઈનું કામ ન મારે, મારે કામ તમારું જ શ્યામ !
આશ્રયે મોટા જનના જો રહીએ, રાખી નિશ્ચળતા હૃદે હામ,
દુઃખ સફળ થાયે રે, જાણી આવ્યો શરણે પ્રભો !
હૃદય૦

અજ્ઞાનતિમિરે અટવાતો'તો, પ્રેમપ્રકાશે જાગ્યો શ્યામ !
શામળા ! હવે તવ પ્રીત ન છોડું, ભલે છૂટી જાયે મુજ પ્રાણ !
વૈષ્ણવજનરીત તો રાખી રે, ભજવા છે મારે તમને પ્રભો !
હૃદય૦

ચિતડું ચોર્યાની વિદ્યામાં પ્રભુ ! ખૂબ પ્રવીણ છો તમે શ્યામ !
ચિત હરિ ! મારું તમ પર મોહે, ફેંકો કૃપાકટાક્ષ હૃદે શ્યામ !
રંગીલા ! રંગ લગાડી રે, મનડું વશ કરજે પ્રભો !
હૃદય૦

મુજ સંગે હરિ ! મન મેલીને, જો પ્રીતડી બાંધો તમે શ્યામ !
કામકાજ મૂકું, ધામ જ મૂકું, હું સમરું આઠે પહોર શ્યામ !
કટારી પ્રેમની ભોંકી રે, લહે લાગે એવું કરજે પ્રભો !
હૃદય૦

તુજ પરે હોત ચાલતું મારું, રાખી, મોજ માણું, મંદિર,
હૃદયથી જરા નવ અળગા કરું હું, બાંધી રાખું હૈડાતણે હીર,
પણ એ દિન એવા ક્યાંથી રે, કે દેખે કૃપા રંક પ્રભો !
હૃદય૦

## (૧૦) ધર્મ ગણી હાવાં ધાજો

(મારી નાડ તમારે હાથ હરિ ! સંભાળજો રે !-એ ઢાળ)

કોની પાસ કહું ઉર કા'ણી, હરિ ! હું મરી રહ્યો રે !
કરુણાવારિ સિંચી પ્રેમે, ઉરવેલ પોષજો રે.
કોની પાસ૦

વિભો ! વીનવતાં શેં જ વિસારો, હૃદે વસી પ્રીતપાંખ પસારો,
ધન્ય થાય જન્મારો, હેતે હરિ ! ઝૂઝો રે.
કોની પાસ૦

કૃતઘ્ની, કુટિલ, કુકર્મી હું છું, પણ શરણાગત વત્સલ છે તું,
પ્રીત ચરણમાં જોડું, નાથ ! નિભાવજો રે.
કોની પાસ૦

ધણી માથે ત્રાતા હરિ જેવો, તોય ઉર દુઃખ ઉદધિ સહેવો !
વીનવું રસમાં ડૂબવો, દયા પ્રભુ ! આણજો રે.
કોની પાસ૦

સામર્થ્યે બીજે બહુ ગાજો, બાળ મરે રડી તોય ન લાજો,
ધર્મ ગણી હાવાં ધાજો, પ્રીત વર્ષાવજો રે.
કોની પાસ૦

## (૧૧) નોંધારાનો આધાર

(મારી નાડ તમારે હાથ-એ ઢાળ)

સગપણ હરિવરનું છે સાચું, જાણીને દિલમાં રે,
તારે શરણ પડ્યો છું બાપ ! વાત લ્યો ધ્યાનમાં રે.
સગપણ૦

નારાયણ નોંધારાનો તું, આધાર જ, હું દીન થઈ યાચું,
દાવો પદરજ માગું, હરિ ! લ્યો હાથમાં રે.
સગપણ૦

પ્રેમથી વશ થઈ થાઓ રાજી, સમજું ન પ્રીતની રીત હું ઝાઝી,
બાળભાળ લ્યો પ્રીછી, ઢળ્યો પ્રભુપાદમાં રે.
સગપણ૦

ધન્ય થઈ હરિગુણ નવ ગાયા, વેશ કાઢ્યા જેમ હોય ભવાયા,
તોય નિમંત્રું હું વિભુરાયા ! વિરમો ઉરમાં રે.
સગપણ૦

વહાલા ! વીનવું જો તું જાગી, ભૂધર ! ભવભાવટ નવ ભાંગી,
ધરણી ઢળી, લઉં માગી, ચાંપી લે બાથમાં રે.
સગપણ૦

## (૧૨) હવે તો અંત આણ !

(ધીરા ભગતની કાફી)

હૃદભાવ પુષ્પાંજલિથી રે, ઊંડું સ્તવું છું દિલ, પ્રભો !
કરીને પૂરો તું અનુગ્રહ રે, સ્વીકારી લેને મુજને પ્રભો !
હૃદભાવ૦

જો પુત્રની ખોડ જોયા તું કરશે, બાપ ! તેનો ન આવે પાર,
લળી લળી વીનવું છું ઊંડું, રાંકનાં કર્મો તું વિદાર,
એ જ ઊંડી ઉરની વિનંતી રે, કાને તું ધરજે, પ્રભો !
હૃદભાવ૦

અંતર્યામી છે ઉકેલી હૃદયને, દેખે જો તું ત્યાં ઊંડો ભાવ,
છે અદૃશ્યનું પડ રાખોડીનું, તે દૂર કરી બાળ નિભાવ,
યાચવાનું હાવાં ફિટાડી રે, અંત તેનો તું આણ, પ્રભો !
હૃદભાવ૦

કેમ કરી રાંક અજ્ઞાન પ્રાણી, શું રીઝવી શકે તને, નાથ !
ભાવો ખૂટી જાયે ત્યાં સઘળા, રહું છું ઘસતો હું તો હાથ !
તું હીણો હું રહું નહિ રે, દે તું એવું જ્ઞાન, પ્રભો !
હૃદભાવ૦

પ્રણયી પ્રણયીને, પિતા પુત્રને જેમ મિત્ર કરે ક્ષમા મિત્ર,
માફ કરી તેમ વાંક તું મારા કરજે અમીભરી તું દૃષ્ટ,
ઉરથી સ્તવી હું વીનવું રે, તું દયા અંતર ધરજે, પ્રભો !
હૃદભાવ૦

# (૧૩) મનને શિખામણ

(૧)

(સ્નેહધામ સૂનાં સૂનાં-એ ઢાળ)

## ઈંદ્રિયોનું ગુલામ

વારે વારે વળી વારું છું રે,
છતાં કાને ધરે નહિ વાત રે,
ટેવ શી આવી આવી રે !

સરદાર ઈંદ્રિયોતણું રે,
પણ વર્તન ન દેખું તેમ રે,
ટેવ શી આવી આવી રે !

તને ઈંદ્રિય કેવી છેતરે !
કરે તું ના સ્વતંત્ર વિચાર રે,
ટેવ શી આવી આવી રે !

જાળે ઈંદ્રિયોની તું ફસે રે,
કહે માણી એમાં શી મોજ રે,
ટેવ શી આવી આવી રે !

ભૂલે તારી કાં જાતને રે ?
બનતું રે'તું કાં દાસ રે ?
ટેવ શી આવી આવી રે !

કારભારું તારે નામે ચાલતું રે,
છતાં કરી શકે નવ કાંઈ રે,
ટેવ શી આવી આવી રે !

# મનને શિખામણ

## (૨)

## ઈંદ્રિયોની છેતરપિંડી

વાંછિત ઈંદ્રિયોતણું રે,
કદી જાણ્યું છે તેં તે મળેલ રે ?
ટેવ શી આવી આવી રે !

ધાર્યું થતું હોત એમનું રે,
તો તો ભેદ ક્યમ રાય ને રંક રે !
ટેવ શી આવી આવી રે !

દુઃખ જે ઈંદ્રિય માનતી રે,
તેને રાખતે દૂર તે સદાય રે,
ટેવ શી આવી આવી રે !

આસક્તિ જ્યાં એ રાખતી,
ત્યાં અનુભવ્યાં શાં સુખ રે ?
ટેવ શી આવી આવી રે !

'પોતાનાં' જેને એ માનતી રે,
થયાં એનાં કદી, એ વિચાર રે,
ટેવ શી આવી આવી રે !

## મનને શિખામણ

(૩)

### પોતાની ભ્રમજાળ

આનંદ, સુખ, સંતોષને રે,
તેં માણ્યાં શાં, કેટલાં, વિચાર રે !
ટેવ શી આવી આવી રે !

સ્વાર્થના સંબંધો આ જગે રે
શું અનુભવ્યું નથી તેય રે ?
ટેવ શી આવી આવી રે !

જ્યાં જ્યાં પોતાનું માની ઘૂસતું રે,
ત્યાંથી મેળવી શાંતિ શીય રે ?
ટેવ શી આવી આવી રે !

કાંટાવાળું ઘાસ ઊંટને રે,
લોહી નીકળે ભાવે તોય રે,
ટેવ શી આવી આવી રે !

ભમી ભમીને તું થાકતું રે,
મેળવ્યો ન આનંદ ક્યાંય રે,
ટેવ શી આવી આવી રે !

## મનને શિખામણ

(૪)

### હવે તો નામને વળગ !

પ્રેમ વહાલ વર્ષાવી તું રહ્યું રે,
તારા આપ્તજન ઉપર ખૂબ રે,
ટેવ શી આવી આવી રે !

કોઈએ તને નવ જાણિયું રે,
એક આપ્તજનની જેમ તોય રે,
ટેવ શી આવી આવી રે !

જાતે મોટાઈ તું માનતું રે,
તારું ચાલે જરા નવ કાંઈ રે,
ટેવ શી આવી આવી રે !

મારું કહ્યું માની તો હવે રે,
વળગ નામ, જે માત્ર છે સાર રે,
ટેવ શી આવી આવી રે !

## મનને શિખામણ

(૫)

### ઈંદ્રિયજયની કળા

ઈંદ્રિયો ભલેને દોડતી રે,
એને કરવા દેજે નિજ કાજ રે,
ટેવ શી આવી આવી રે !

તું તારે સાવધ તો રહી રે,
લેજે સ્થિર ચિત્તો એ નામ રે,
ટેવ શી આવી આવી રે !

ઈંદ્રિયોના મોહમાં તું ફસી રે,
કેવું થાતું'તું એકચિત્ત ત્યાંય રે !
ટેવ શી આવી આવી રે !

હેતુમાં વિરોધ તો બહુ હશે રે,
તેથી ઈંદ્રિયો પજવશે ખૂબ રે,
ટેવ શી આવી આવી રે !

ધ્યાન પર વાત નવ લાવતું રે,
એ તો આવશે એની મેળ ઘેર રે,
ટેવ શી આવી આવી રે !

તારે તાબે એ તો થઈ જશે રે,
જો રે'શે ધ્યેયે તું એકાગ્ર રે,
ટેવ શી આવી આવી રે !

## મનને શિખામણ

(૬)

### આટલું તો કરી જો !

આ ગરીબ દાસનું માની હવે રે,
વળગી જોને આ પંથ રે,
ટેવ શી આવી આવી રે !

પ્રયોગ આટલો શું ના કરે રે ?
જો તો ખરું, મઝા શી પડેય રે !
ટેવ શી આવી આવી રે !

રંગાશે તું જેવા રંગથી રે,
બેસે પ્રાણાદિને તેવો રંગ રે,
ટેવ શી આવી આવી રે !

લગની લાગે જો તને નહિ રે,
ને જો મસ્તી ન આવે ઉર રે,
ટેવ શી આવી આવી રે !

તો તો મારું નહિ માનજે રે,
જાજે તું તારે માર્ગ રે,
ટેવ શી આવી આવી રે !

## (૧૪) આભ તૂટ્યે

(ધર્મ વિચારો રે ધર થકી-એ ઢાળ)

કૃષ્ણ ! કૃપાનિધિ ! વીનવું, રખે મૂકો રંક હાથ ! (ટેક)
બાળ છતાં હું સૂઈ રહું, ઘાલી પગ હું પેટ,
તાતતણું અભિમાન શેં, મૂકી ભૂલો છો હેત ? કૃષ્ણ૦
સાગર મળવાની આશથી, છોડ્યું તવ પ્રતિ વહેણ,
કોક દી અંતર ફીટશે, વીનવું રસ ઉર રે'ણ. કૃષ્ણ૦
મહેર કર્યા વિણ એક દી નથી છૂટકો જો, બાપ !
શાને બાળ દુઃખી કરો ? કૃપા વર્ષાવો તાત ! કૃષ્ણ૦
રંજાડી, પજવી, રંકને કાઢો ઉર શી લહાણ ?
સંતાપવામાં શી મઝા પડે ? ઉર દયા આણ. કૃષ્ણ૦
દીનનો આધાર આભ-તું, તૂટ્યે ક્યાં ઊભો રહીશ ?
સ્થાન ત્રિલોકમાં ના મળે ઠરું જ્યાં જઈ ઈશ ! કૃષ્ણ૦
સાગર છો રસના હરિ ! દોની બિંદુય એક,
રંક ન માગે વધુ કશું, નાથ ! નમેરા શું છેક ! કૃષ્ણ૦
બોરસલ્લીનું પુષ્પ તે, કદી મૂકે નહિ વાસ,
હરનિશ સુખ એવું દિલ વસે, પૂરો રંકની આશ. કૃષ્ણ૦
ખોટો લવારો ક્યાં સુધી પડશે કરવો ? બાપ !
રંકને કકળ્યે શું વળે ? કર્મે સ્વામી છો આપ. કૃષ્ણ૦
નિમિષ* માત્રમાં દુઃખ ફીટે, કર્યે તવ દૃષ્ટિપાત,
વિશ્વાસ હૈડે ઊંડો વસ્યો, તેથી જીવું છું તાત ! કૃષ્ણ૦
કૃષ્ણ ! કૃપાનિધિ ! કરગરું, પાયે પડી તુજ નાથ !
હાથ ગ્રહી અંકે લઈ, ભાન ભુલાવો, બાપ ! કૃષ્ણ૦

* પળ

## (૧૫) પછી મારે ચિંતા શી રે !

(કાચબા-કાચબીનો ઢાળ)

વાંક મારો નથી, દેખું, છતાં શેં રવડાવું છું બાળ ?
તું કરતો હઈશ શુભ જ મારું, પણ આ મૂરખ બાળ,
ઉતાવળો, તેથી બબડે, ધાણી જેમ તાપે તતડે.

સ્થિતપ્રજ્ઞ આનંદ આત્મસ્વરૂપે, જેમાં વસી માણે ઉર,
તે વેળ સર્વ સ્થળે ભાસે 'તું, તું' રે' એવું પળપળ શૂર,
પ્રભુ ! એટલું હું યાચું, દયા કરે તો હું રાચું.

લૂણપૂતળી જેમ સાગરમાં ગળે, ભેળવી તેમ તું બાળ
-તારામાં 'હું' 'તું'નો ભેદને ભૂલવી, વસ 'તું' ઉર કૃપાળ,
કદી કર્યું મેં નથી ત્રાગું, ચહેલું પ્રભુ ! હાવાં માગું.

તાપે ધીકેલી ધરતીને જેમ, મેહુલો પાડે શાંત,
તેવી કૃપા બાળ પર વર્ષાવી, જલદી આણ તું અંત.
સમર્થ એવા બાપ ! તું શિરે, પછી મારે ચિંતા શી રે !

## (૧૬) સિંધુની લહરી

(ધર્મ વિચારો રે ઘર થકી-એ ઢાળ)

પ્રેમે પ્રણમી પ્રાર્થું પ્રભુ ! કૃપા કરી ફેડો દુઃખ. (ટેક)

રંક બાળ રડી કહી ચૂક્યો, તવ ચરણે દિલ વાત,
તવ ગળે પણ ઊતરે નહિ, કર્મ બલિહારી તાત ! પ્રેમે૦

ફેરવવા કર્મની ગતિ, આપ જ સમર્થ નાથ !
ભાવમાં ઊણપ હોય તો, પૂર્ણ કરી, લ્યો બાથ. પ્રેમે૦

અનંત અખંડ સુખનું હ્દે, જે હોય વિરોધી અંગ,
માગું કૃપા, કરો દૂર તે, તો તો જામે પૂરો રંગ. પ્રેમે૦

સિંધુ લહરીના પ્રકારથી, ઉર ભેટવાનું મન,
મસ્ત રસે હું પડ્યો રહું, એવું કરો થઈ પ્રસન્ન. પ્રેમે૦

દયાળુ દેવેશ ! દયા દાસને, કરી ઉર લઈ પાળ,
ચરણે આશ ધરી રહ્યો, ધન્ય કરો આ બાળ. પ્રેમે૦

# (૧૭) પદ-રક્તિ

(ગઝલ)

મને વાળી લઈ પાછો, કરી દે રક્ત તુજ પદમાં. (ટેક)

ભર્યા ભંડાર શક્તિના, પ્રભો ! દરબારમાં તારા,
છતાં કણ કાં ન તું દેતો ? અરે ! શા ખેલ આ ? પ્યારા ! મને૦

ભલે ખાલી મને રાખે, મને તેની ન કંઈ પરવા,
મને આકર્ષતું જાદુ, રહ્યા કરજો જ તારામાં. મને૦

થજો ચિંતવન સદા તારું, થવાજો લીન તારામાં,
થવાજો મગ્ન તુજ પ્રેમે, રસાજો ભક્તિના રસમાં. મને૦

ચરણ અમૃત સદા તારું, પિવાતું મુજથી રે'જો,
ખુમારી મસ્તીથી તારી, પ્રભુ ! મુજ રક્ત રંગાજો. મને૦

નીરખી વૈભવ કદા તારા, પ્રભુ ! મન મારું લોભાતાં
-મને વાળી લઈ પાછો, કરી દે રક્ત તુજ પદમાં. મને૦

## (૧૮) ઈંદ્રિય મુક્તિ

(ધર્મ વિચારો રે ધર થકી-એ ઢાળ)

ટાળો પ્રતિબંધ બાળના, ગુણ ગાવું ગોપાળ. (ટેક)

સાવ પૂરો બુદ્ધિહીન જે, એવો જાચું હું ધામ,
દયા દામોદર દાખવો, તો તો ફળે મુજ કામ. ટાળો૦

ષંઢ★ સોળે આની હું નથી, પ્રભો ! યત્ને દ્યો સહાય !
બાળ આજીજી કરી કરગરું, ઉરથી વીનવું વિભુરાય ! ટાળો૦

આતુરતા પંગુ થવા, મારે દિલ વસી નાથ !
કૃપા વર્ષાવી પ્રભુ ! અર્પજો, બાળને માગ્યું તાત ! ટાળો૦

અંધ રે'વાયે પળે પળે, સ્થિતિ માગું એ બાપ !
જાણીને બાળક નિજનો, આશ પૂરો એ આપ. ટાળો૦

હરનિશ હરઘડી હું રહું, બની બધિર શો તાત !
પ્રેમે પ્રણમી પ્રાર્થું પ્રભુ ! ધ્યાને લો બાળ વાત. ટાળો૦

ક્ષણ ક્ષણ નવ હું રહી શકું, મુગ્ધ ભિક્ષુક બાળ,
ઉરથી વીનવું છું તે માટ હું, કૃપાદષ્ટે તું ન્યાળ. ટાળો૦

★ નપુંસક

## (૧૯) બહુ થયું !

(મારી નાડ તમારે હાથ હરિ ! સંભાળજો રે !-એ ઢાળ)

કેવી રીતે કરું હું વિનંતી, કે તું સાંભળે રે ?
પ્રાર્થના કરતાં દિલથી મુજને, કૈં ના આવડે રે.
કેવી રીતે૦

ગરીબનિવાજ તને હરિ ! જાણી, શરણ પડ્યો પણ ઉરદુઃખકા'ણી
વર્ણ્યે તે નહિ આવે વર્ણી, બહુ થયું, ભાળજે રે.
કેવી રીતે૦

જો મુજ કરણી સામું જોશે, રંક બાળ ક્યમ કરી સંતોષે ?
તુજ વિણ આંસુ કો લોહશે ? કર શિર મૂકજો રે !
કેવી રીતે૦

સંતાયા હરિ ! આમ રહીને, શાને હૈયું મુજ તું બાળે ?
સામું કેમ નહિ તું ન્યાળે ? રંક કરગરી મરે રે.
કેવી રીતે૦

બાળ હું તારો, કઠણ ન થાઓ, કૃપાનિધિ ! કાં બાળ રડાવો ?
વીનવું અમૃત પાઓ, બાળ ઝંખ્યા કરે રે.
કેવી રીતે૦

# (૨૦) તારે શરણે

(પ્રહ્‌લાદની પાટીનો ઢાળ)

## મૂરખનો સરદાર

હરિ ! હું તો મૂરખનો સરદાર રે, હરિ હરિ૦
કેમ કરી તરી જઈશ ભવપાર રે ! હરિ હરિ૦

મન મારું ચંચળ માંકડા જેવું રે, હરિ હરિ૦
તેને વશ કેમ કરીને હું રાખું રે ? હરિ હરિ૦

મન જ હરિ ! કારણ મોક્ષ-નરક રે, હરિ હરિ૦
એ તો મારે બાધક એક છે અંગ રે. હરિ હરિ૦

ચિતને તો એ ચગડોળે જ ચઢાવે રે, હરિ હરિ૦
ભજનમાંહી ભંગ જ એ તો પડાવે રે. હરિ હરિ૦

એકચિત્તો ભજન તો નવ થાતું રે, હરિ હરિ૦
હરિ ! હું તો નબળો એવો ઘણો છુંય રે. હરિ હરિ૦

નિજ બળ મુજમાં જરાયે નવ છેય રે, હરિ હરિ૦
ને તું હરિ ! મનવશ કરવાનેય રે, હરિ હરિ૦

ચેતનશક્તિ જો તું મને નવ દેય રે, હરિ હરિ૦
તો મુજ પામર થકી એ શું થાય રે ? હરિ હરિ૦

ત્યારે હરિ ! બાનું તારું શું જાશે રે ? હરિ હરિ૦
હરિ ! ત્યારે મારું તો કંઈ નવ જાશે રે. હરિ હરિ૦

માટે હરિ ! બિરુદ વિચારી જોજે રે, હરિ હરિ૦
બિરુદ જોઈ કૃપા હરિ ! કાંઈ કરજે રે. હરિ હરિ૦

## પતિતપાવન

'પતિતપાવન' નામ તારું તો કહેવાય રે, હરિ હરિ૦
જાણી હું તો આવ્યો છું તારે શરણે રે. હરિ હરિ૦

અનેક સંત, ભક્તોના અનુભવેથી રે, હરિ હરિ૦
'પતિતપાવન' થયું છે નામ સાર્થક રે. હરિ હરિ૦

સુરદાસ આવ્યો ને શરણે લીધો રે, હરિ હરિ૦
પાપી અજામિલને તારી તા'રો કીધો રે. હરિ હરિ૦

પાપી એવી ગુણિકા તારે શરણ આવી રે, હરિ હરિ૦
તેને તેં તો તારી તા'રી કરી લીધી રે. હરિ હરિ૦

આવા પાપી ઘણા તારે શરણે આવ્યા રે, હરિ હરિ૦
તેમને તેં વાર લગાડી ન, તાર્યા રે. હરિ હરિ૦

## ઉત્કટ ભક્તિ

આ જન્મના પાપી તેઓ ભલે હોય રે, હરિ હરિ૦
પૂર્વના પણ પ્રબળ સંસ્કાર હોય રે. હરિ હરિ૦

પશ્ચાત્તાપ કરતા તેઓ દિલમાંય રે, હરિ હરિ૦
રોતા તેઓ તુજ પાસ ગદ્‌ગદ કંઠે રે. હરિ હરિ૦

દીન, હીન, નમ્ર બનીને તે રે'તા રે, હરિ હરિ૦
લળી લળી હૈયે તને તે યાચે રે. હરિ હરિ૦

મને, ચિત્તે, હૈયે કરે તારી ભક્તિ રે, હરિ હરિ૦
તારે માટે ફરે તે ગાંડા ને ઘેલા રે. હરિ હરિ૦

## વિરહદશાથી એકતા

તન્મય થૈ તારી સાથે એક રે'તા રે, હરિ હરિ૦
વિરહીનાં દુઃખ સહે તે કેવાં રે ! હરિ હરિ૦

બાવરાં ને વિહ્‌વળ બનીને તે રોતાં રે, હરિ હરિ૦
'હરિ ! હરિ ! દર્શન દે' એ પોકારે રે. હરિ હરિ૦

એકે ઘડી તારી સ્મૃતિ નવ ચૂકે રે, હરિ હરિ૦
એવી રીતે તુજ પાસ તે મન રાખે રે. હરિ હરિ૦

એવી રીતે એક તારી સાથે થાય રે, હરિ હરિ૦
પછી કેવાં મસ્તી ને આનંદ આવે રે ! હરિ હરિ૦

## એક જ આશા

આવો આવો, વિશ્વાસ હૈયે છે કૈંક રે, હરિ હરિ૦
બુદ્ધિ મારી આવું જ માનતી કૈંક રે. હરિ હરિ૦

પણ હરિ ! મન તો મારું નવ માને રે, હરિ હરિ૦
કેવી રીતે એને હું રાખું ઠેકાણે રે ? હરિ હરિ૦

માટે વીનવું તને હું વારંવાર રે, હરિ હરિ૦
બળ એવું મને તું દે કિરતાર રે ! હરિ હરિ૦

બીજું કાંઈ માગું ન હું તારી પાસ રે, હરિ હરિ૦
આવ્યો છું હું તારે શરણે ત્યજી આશ રે. હરિ હરિ૦

# (૨૧) એક તારી આશા

(પ્રેમલ જ્યોતિ તારો દાખવી-જેવો ઢાળ)

રે ! મુજ રંક જીવન આધાર ! પ્રભુ ! તને ઉરના કોટિ પ્રણામ !
પ્રેમે પ્રણમી લાગું પાય, માગું વિભુ ! ધન્ય કરો રંક ધામ.પ્રભુ૦

દયાળ દીનનો છોડી ક્યાં જાઉં ?ચરણે વસી મુજ આશ,
બાળ દુઃખીની દાદ ન સાંભળો, જઈશ કોની હું પાસ ? પ્રભુ૦

તાતની છાયામાં રહેવા માગતો, ઉર ન લાધે સુખ,
તારે દરબારે ખોટ પડી શી ? કૃપા કરી ફેડો દુઃખ. પ્રભુ૦

હેતે નિભાવ્યો આજ સુધી તેં, ગણી મને નિજ બાળ,
તેમ હાવાં ઉર પ્રેમ તું લાવી, પાસે રાખીને પાળ. પ્રભુ૦

આશ્રય ઊંડો હૃદય છે તારો, ગર્જી તેથી બોલું વેણ,
કો દી વિસારી બાળ ના જાશો, રેડો અમીરસ રેણ. પ્રભુ૦

ઉમળકો અંકે બેસવાનો, હૃદયે મારે નાથ,
વીનવું હેત પિતા ! વર્ષાવી, બાળ ચાંપો ઉર સાથ. પ્રભુ૦

રાંકના બેલી એક છો શ્રીહરિ ! ફેંકો કૃપામય દૃષ્ટ,
કરુણા એટલી જો દિલ દાખવો, ફીટી જાયે મુજ કષ્ટ. પ્રભુ૦

નાકલીટી તાણીને કરગરું, પૂરવાને બાળ આશ,
મુદ્રિત, અંકિત જીવને થઈ હરિ ! વસજો હૃદયે ખાસ. પ્રભુ૦

હૈયે છે તે હોઠથી ઊચરીને, ખાલી કરું તવ પાદ,
તુજ એકલાની આશ ધરીને, બાળ હું પાડું સાદ. પ્રભુ૦

## (૨૨) ભાવ પ્રીછી હરિ ! આવો

(મારી નાડ તમારે હાથ-એ ઢાળ)

પ્રેમે પ્રીતમ ! પ્રણમી પ્રાર્થી, ઉરથી યાચું છું રે,
શ્રેય-પ્રેય મુજ આપ જ પોતે, ઠાર દિલ વીનવું રે.
પ્રેમે○

હૈયે બાળ વિનંતી ધારી, ચિંતા રંકની સઘળી નિવારી,
ઉગારી લ્યો ગિરિધારી ! લળી પાયે પડું રે.
પ્રેમે○

બેઠો ન ઠેકાણે નિર્ભય થઈ, દિલ આશા નવ સંતોષાઈ,
પડ્યો રહું રોઈ રોઈ, બાળ ઉર લ્યો, ઠરું રે.
પ્રેમે○

બાળ ઢળ્યો છું ચરણકમળમાં, અવિનાશી ! અવસર ચૂકશો મા !
સ્થાન દોને પદરજમાં પ્રભુ ! પોકારી મરું રે.
પ્રેમે○

આપ કરુણાસિંધુ કહાવો, મહેર પામી પામ્યો નવ લહાવો,
ભાવ પ્રીછી હરિ ! આવો, ઉર વલવલું ઘણું રે.
પ્રેમે○

## (૨૩) ભીડ નિવારણ નાથ

(મારી નાડ તમારે હાથ-એ ઢાળ)

ભવની ભીડ નિવારણ નાથ ! બાળ હું વીનવું રે,
તવ ચરણકમળ ધરી આશ, રંક ઉર લ્યો વિભુ રે !
ભવની૦

'સમર્થ સહુથી આશ્રય તારો', જાણી શરણે આવ્યો, તારો !
તુજ વિણ ક્યાંય ન આરો, રંક હું ટળવળું રે.
ભવની૦

કરગરી કહું છું કૃષ્ણ ! કૃપાનિધિ ! બાળકવેલ કૃપામૃતે સિંચી,
પ્રેમે પોષો મુજને રીઝી, ભાવે હું સ્મરું રે.
ભવની૦

કેશવ ! કરુણા કરજો મુજ ઉર, બાળક પર થાશો નવ ક્રૂર,
મુજ રંકને દો હરિ ! નૂર, વિભુ ! એ યાચું હું રે.
ભવની૦

સહાય તારી લઈ મહાલવું મારે, બેસવું નિશ્ચિંતે જઈ પારે,
તેથી આ તુજ બાળ પુકારે, ખેંચી લે વિભુ રે !
ભવની૦

## (૨૪) અંકમાં રમાડો

(ધર્મ વિચારો રે ઘર થકી-એ ઢાળ)

અંકમાં રમાડો બાળ વીનવું, પૂરો ઉરના અભિલાષ.
દીનનો દયાળ છોડી ક્યાં જવું ? દીનઘર તવ પાદ,
ચોંટ્યો મંકોડો નવ છૂટશે, તેમ પડ્યો છું હું પાદ.
અંકમાં૦

નિભાવ્યો મને હેતે કરી, પ્રભુ ! જાણી તુજ બાળ,
હરિ ! તેમ દયા સૌ દાખવી, કરી નિજનો તું પાળ.
અંકમાં૦

બેલી અનાથના નાથ છો, ફેંકો કૃપામય કટાક્ષ,
હૈડે લઈ મને ચાંપજો, ટળી જાય સંતાપ.
અંકમાં૦

ભાવાશ્રુ અંજલિ અર્પું હું, યાચું પૂરો મુજ આશ,
મુદ્રિત, અંકિત હૃદયે થઈ, વસો હરનિશ પાસ.
અંકમાં૦

આશ્રય ઉર તારો હું ધરું, સદા ગર્જું છું નાથ !
કદી વિસારશો બાળ ના, લ્યોને અંક ગ્રહી હાથ.
અંકમાં૦

## (૨૫) કૃપાનિધિ ! હાવાં ચઢો વહારે

(મારી નાડ તમારે હાથ-એ ઢાળ)

હરિ ! હું હાવાં હાર્યો હામ, રંક રવડી મરે રે !
થાક્યો, કેમ તરું બળ સર્વ, મુજથી ઓસર્યું રે !
હરિ !૦

રંક મથી મથીને હું થાક્યો, યત્ન કર્યો પણ ઘર નવ રાખ્યો,
હેઠે હરિ ! તેં નાખ્યો, વીનવું લ્યો ઉરે રે.
હરિ !૦

દેવા દંડ જો દાસને ઇચ્છો, વિનતિ મારી 'ઉર મમ પ્રીછો',
યોગ્ય ઠર્યે ઉર લેજો, બાળ કરગરી મરે રે.
હરિ !૦

તારે આશરે પડતું મૂક્યું, શાને અધવચ મુજને મૂકું ?
કેમે ના હું શરણું ચૂકું, પ્રાણ છૂટે ભલે રે.
હરિ !૦

શરણ ચરણકમળે હું પડિયો, ઉર તુજ આધારેથી જડિયો,
તોયે દિલ દુઃખદરિયો, અંક લઈ ટાળજે રે.
હરિ !૦

વીનવું છું વળી વારે વારે, કૃપાનિધિ ! હાવાં ચઢો વહારે,
બીજું કોણ ઉગારે, તુજ વિણ રાંકને રે ?
હરિ !૦

## (૨૬) જીવનદીપકતણી જ્યોતિ

(ગઝલ)

જીવનદીપકતણી જ્યોતિ સદા સ્થિર ઝળહળી રે'જો ! (ટેક)

હૃદય વિશ્વાસ શ્રદ્ધાનું, કૃપાથી પૂર્યું છે તેલ,
અને પુરુષાર્થની વાટે, ચડાવું તેલની રેલ.
જીવનદીપક૦

બનાવી, જો, પ્રભુ ! કેવી, વિવેકની કળ વળી આ તો !
હૃદય પ્રાણાદિ આધારે, રહે દીપક સદા જલતો.
જીવનદીપક૦

વિચારો, કલ્પના, ભાવો, અને કામો થતાં નિત્યે,
-સમીક્ષા હું કરી તેની, સમારું લક્ષથી એને.
જીવનદીપક૦

સતત ને એકધારી તે, દીપકની જ્યોત જલવાને
-કૃપા તારી સદા માગું, શરણ થઈ શીશ નામીને.
જીવનદીપક૦

ભલે તોફાની વા ફૂંકો ! ભલે આંધી ચઢી આવો !
છતાં કર્તવ્યરત રે'વા, અખૂટ બળ, હામ પ્રેરાવો.
જીવનદીપક૦

## (૨૭) ગાંડું રુદન

(પ્રેમલ જ્યોતિ તારો દાખવી-જેવો ઢાળ)

રે ! મુજ રંક જીવન આધાર ! પ્રભુ ! તને ઉરના કોટિ પ્રણામ.
પ્રેમે પ્રણમી લાગું પાય, માગું ધન્ય કરો મુજ ધામ ! પ્રભુ૦

ભવસાગરમાં ડૂબી રહ્યો'તો, તરણું આવ્યું જે હાથ,
પકડી જીવવા આશે રહ્યો છું, ઉગારજો બાળ, નાથ ! પ્રભુ૦

બાળક એકલવાયો પ્રભુ ! હું, ઉર મૂંઝાઉં છું ખૂબ,
સોડમાં મુજને હેતે લ્યો, હું, જેથી પામું તુજ હૂંફ. પ્રભુ૦

સાથી શામળિયો સાંકડાનો, ઉર ઊંડો એ વિશ્વાસ,
તેથી મેં તો પડતું જ મૂક્યું છે, ઝીલી લેજો અવિનાશ. પ્રભુ૦

કઈ વિધિએ પામું કરુણા, સમજું ના એની રીત,
વિધિહીન ભાવે સ્મરી વીનવું, હરનિશ રાખો પ્રીત. પ્રભુ૦

મનનો મનોરથ મનમાં શમશે, વર્ષાવો નહિ જો રે'મ,
રાંકનું જીવ્યું અકારણ જાશે, વીનવું રેલવો પ્રેમ. પ્રભુ૦

કરુણાળુ ! કરુણા કરી રાંકના, કોડ પૂરો, હો તાત !
પ્રેમે ઉરની અરજી પાઠવું, ધ્યાને લેજો મુજ વાત. પ્રભુ૦

જેવું તેવું ઘર તોય છે દાસનું, જાણી કરજો વાસ,
દયા દામોદર દિલમાં દાખવી, અર્પજો ઉર વિલાસ. પ્રભુ૦

કાલાવાલા કરી પાથરું પાલવ, લળી લળી લાગું પાય,
અખંડ આનંદ ઉરમાં રે' એવું, સુખ દેજો વિભુરાય ! પ્રભુ૦

સ્મિત કરી એકવાર જો નીરખો, પ્રેમે લઈ શિશુ અંક,
ન્યોછાવર કરું લાખો જીવન હું, ધન્ય ધન્ય થાઉં રંક. પ્રભુ૦

પ્રાર્થના કરતાં દિલથી મુજને, આવડે જરા ન બાપ !
ગાંડુંઘેલું રડું તુજ આગળ હું, દાસ ચરણનો આપ. પ્રભુ૦

## (૨૮) મને તુજમાં સમાવી લે

(ગઝલ)

મને નિજનું ગણી તારું, પ્રભુ ! તુજમાં સમાવી લે. (ટેક)

હૃદય જે કંઈ થતા ભાવો, વિચારો, સ્ફુરણાદિને,
-ચરણ તારે નિવેદું છું, ગણી મારું સ્વજન તુજને.
મને૦

કશું છાનું ન રાખું હું, બધી મુજ ગુપ્ત વાતોને,
-પ્રભુ ! મુજ મિત્ર જાણીને, જણાવ્યા હું કરું તુજને.
મને૦

વિપત્તિ, ગૂંચમાં પડતાં, હૃદે સંતાપ કંઈ નડતાં,
તને માતા, પ્રભુ ! જાણી, મૂકું મુજ શીશ ખોળામાં.
મને૦

પ્રભુ ! વ્યાપારમાં મારા, નડે મુશ્કેલી કંઈ જ્યારે,
ઊંધુંચત્તું થઈ જાતાં, પિતા ! તુજ સહાય લઉં ત્યારે.
મને૦

પ્રિયાનું સ્થાન તું મારે, હૃદય પ્રેમોર્મિ ઠાલવવા,
વળી મુજ પ્રાપ્તિનું સ્થળ તું, પ્રભુ ! મુજ લક્ષ્યબિંદુ જ્યાં.
મને૦

# (૨૯) કૃપાની યાચના

(ગઝલ)

વડીલોની હૃદયકેરી, કૂદું આશિષને જોરે,
વળી તેમાં ભળેલી છે કૃપા તારી પ્રભો ! ભારે.
વડીલોની૦

ત્રીજું પુરુષાર્થનું બળ છે, પ્રભુજી ! દીનનું મારે,
નજીવું, તણખલા તોલે, ગણાવું, શેખી શી ભારે !
વડીલોની૦

સતત હૈયે થતું રે'વા, સ્મરણ તુજ નામનું ભાવે,
સહુથી મોટું સાધન આ, ન તોલે એની કો આવે.
વડીલોની૦

પ્રભુ ! એના જ જોરે મેં, સમુદ્રે ઝંપલાવ્યું છે,
તરી જાવા ભરોસેથી, પ્રભો ! મનને મનાવ્યું છે.
વડીલોની૦

હવે હૈયે હું માગું છું, મને જોતો રહેજે તું,
અને વર્ષાવતો રે'જે, કૃપાવૃષ્ટિ સદા પ્રભુ ! તું.
વડીલોની૦

# (૩૦) મને તુજ પ્રાણશક્તિ દે

(ગઝલ)

નવાંકુરો પ્રભુ ! ફૂટવા, મને તુજ પ્રાણશક્તિ દે. (ટેક)

ઊગેલાં ઝાંખરાં બીજાં, મને ઊંચો ન વધવા દે,
વીણી વીણી નીંદી નાખું, પ્રભુ ! તોયે ફરી ઊગે.
નવાંકુરો૦

પ્રભુ ! મુજ વૃદ્ધિમાં નાખે, ઘણીયે આડખીલી તે,
સ્વરૂપ વિકૃત થતું એથી, સદા મથતો હું બચવાને.
નવાંકુરો૦

મથું ખેડેલ ખેતરને, પૂરું પ્રભુ ! સાફ કરવા હું,
કૃપાવૃષ્ટિ થતાં તારી, જીવનનું બળ નવું પામું.
નવાંકુરો૦

કરી અડચણ શકે ના કો, નવાંકુરો પ્રભુ ! ફૂટતાં,
કરું એ પ્રાર્થના તુજને, પ્રભુ ! શિર ઢાળી તુજ પદમાં.
નવાંકુરો૦

## (૩૧) હવે ન રીબવશો !

(ધર્મ વિચારો રે ધર થકી,-એ ઢાળ)

કૃષ્ણ ! કૃપાનિધિ ! વીનવું, રખે મૂકો રંક હાથ ! (ટેક)
જડ, ચેતન, પ્રાણીમાત્રમાં, પોતે છો જીવનરૂપ,
દેવાધિદેવ દયાળુ છો, આપ જ્ઞાનસ્વરૂપ. કૃષ્ણ૦
જેની કૃપાથી મૂગો બને, બોલતો, પંગુજન
-ગિરિ ઓળંગી તે શકે, નમું તે ભગવન. કૃષ્ણ૦
શીશ ધર્યું તવ પાદમાં, ધરી ઉર તવ આશ,
દયા બાળક પર દાખવી, હૈડે હરિ ! વાળો હાશ. કૃષ્ણ૦
વિનય, વિવેક, વિચારથી, મટે અંતરના ભેદ,
ટળવળું છું તે માટ હું, ઉર મિટાવા ખેદ. કૃષ્ણ૦
પ્રથમથી આશરે રાંક હું, દોને દયા કરી હાથ,
અંકે રમવાના કોડને, પૂરો પ્રેમથી નાથ ! કૃષ્ણ૦
કેમે કરીને રંક હું, પામું નહિ તવ માપ,
માયાતીત મહાન છો, વીનવું, પાડો ઉર છાપ. કૃષ્ણ૦
નિર્મલ સુખરૂપ હું બનું, વસે નહિ ઉર ક્લેશ,
તેજમાં તેજ સમાય છે, તેમ ઉર લો રમેશ ! કૃષ્ણ૦
નિરવધિ અદ્ભુત સુખ ના, સાંપડ્યું ઉરમાંહ્ય,
જન્મ કૃતાર્થ હાવાં કરો, ભેટો, પડ્યો છું હું પાય. કૃષ્ણ૦
જુદાઈ અસહ્ય ઉર થઈ, બાળ લ્યો મને બાથ,
જૂઠો કરવાનો બકવાટ આ, શેં નવ છોડવો ? નાથ ! કૃષ્ણ૦
કૃષ્ણ ! કૃપાનિધિ ! વીનવું, લળી લળી તમ પાય,
રંકને હાવાં ન રીબવી, કરો સ્વ-સ્વરૂપ રાય. કૃષ્ણ૦

## (૩૨) શ્રદ્ધાથી નાખ્યું મેં પડતું

(મારી નાડ તમારે હાથ હરિ ! સંભાળજો રે !-એ ઢાળ)

ચરણકમળનું શરણ છે મારે, ઓથ નહિ બીજી રે,
તેથી તુજ વિણ કોની પાસે, માગું હક્કથી રે ?
ચરણ૦

શ્રદ્ધાથી નાખ્યું મેં પડતું, દીનદયાળ ! દયા કર પ્રભુ ! તું,
બાળક ઝીલી લેને ઉર તું, હેત ઉર દાખવી રે.
ચરણ૦

વીનવું બાળક રંક હૃદયથી, દિલને પરખી દેખો મનથી,
યોગ્ય ઠર્યે, ચાંપોને ઉરથી, કહું હું લળી હરિ ! રે.
ચરણ૦

કહોની કેશવ ! ક્યારે કરશો, કૃપા ? યાચું, હરિ ! ક્યારે મળશો ?
બાળ મરે છે તરસ્યો, તૃષા છીપવો હરિ રે !
ચરણ૦

વિશ્વાસે ધરી છે મન આશ, કેશવ ! કદી નવ કરશો નિરાશ,
અંતર દ્યોને પ્રકાશ, યાચું પ્રાણ પાથરી રે.
ચરણ૦

# (૩૩) હું રવડું છું !

ઢળ્યો તવ પાદ, પાડું ઉર સાદ,
સૂણે શેં ન દાદ ? આવો વહાલા !
પોકારું હું નાથ ! ગ્રહો શેં ન હાથ !
બાળ લ્યો સાથ, વીનવું વહાલા !
આવ્યો તવ શર્ણ, ભલે આવો મર્ણ,
નહિ છોડું ચર્ણ, જીવનલાલા !
પ્રાર્થું હું બાળ, છો દીનદયાળ,
નિજનો કરી પાળ, છો ઉર વહાલા !
હું રવડું છું રંક, ગરક છું પંક,
તાત ! લ્યો અંક, ઉગારો વહાલા !
બાળક મતિમંદ, ફસ્યો છું હું ફંદ,
દ્યોને આનંદ, વીનવું પ્યારા !
ઉર તમે ધૂપ, ડૂબવો રસ કૂપ,
કરો નિજ રૂપ, માગું વહાલા !
છો રંક આધાર, ચઢોને વહાર,
કરો ઉર પ્યાર, આવી વહાલા !
ઉર રહે ભાન, તત્ત્વે રહે તાન,
થાઉં ગુલતાન, અર્પો વહાલા !
બાળ ના તોલ, રંક શું બોલ,
ઉર તુજ ખોલ, યાચું વહાલા !
છે ઉરમાં પ્યાસ, કરજો મન ક્યાસ,
બાળ પૂરો આશ, જીવનપ્યારા !

## (૩૪) આર્તનાદ

(ધર્મ વિચારો રે ધર થકી, તજી કપટ તમામ-એ ઢાળ)

પાલવ પાથરી વીનવું, પ્રભુ ! કરો મન વાસ. (ટેક)

દૃષ્ટિ અંતર દો દીનને, શકું નીરખી હું રૂપ,
ભાગ્ય ફળે આ રાંકનાં, થાય જીવન અનુરૂપ.
પાલવ૦

પરખી શકું ન આપની લીલા, કેમે પામું નહિ માપ,
આત્મવંદન કરી હું ઢળું, પાડો છાપ હૃદે આપ.
પાલવ૦

ઉરના પ્રાણ પાથરું પ્રભુ ! દર્શન દઈ ઠારો આંખ,
અણુયે અણુ મારા હૃદયમાં, પ્રસારોને પ્રેમપાંખ.
પાલવ૦

અવ્યક્ત તોયે વ્યક્ત શા ! મારે પામવા રાય,
જિજ્ઞાસુ બાળ તલસી મરું, કરો કૃતાર્થ, શ્રીરાય !
પાલવ૦

સેજ બિછાવું હૃદયે રૂડી, છાંટી સુરભિ હું પ્રેમ,
ભાવપુષ્પ વેરું હું રંક ત્યાં, આવો વીનવું ધરી રે'મ.
પાલવ૦

સિંચી કૃપામૃત ઉરતૃષા, છિપાવોને ! પાડું સાદ,
બાળ રંકના સ્વામી ! સૂણજો, ઉરના એ આર્તનાદ.
પાલવ૦

## (૩૫) મૂઢ પર મહેર

(કાચબા-કાચબીનો-ઢાળ)

ભૂધર ! ભલાઈ કરી ન જાણું, ભજન તારું તાત !
-કંઈ ન થાતું ઉરમાં મારે, એવી છે મારી જાત,
તોયે પ્રભુ ! તારો હું છું, પ્રભો ! રાખજે પાસમાં તું.

આવડે પૂજા અરચા કરતાં, કાંઈ ન બાળને તાત !
ભાવ મળે ના કાંઈ મુજ ઉરે, પ્રેમે ન કાંઈ તું માટ,
પ્રભુ ! એવો હું અજ્ઞાની, કૃપા કરી લે મને તાણી.

વિશાળ વિચાર-વિવેક હું પ્રભુ ! સમજું કાંઈ ન બાળ,
અવગુણ ગુણ પ્રભુ ! કૈં હું ન જાણું, મૂરખો છેક હું પા'ણ,
પ્રભુ ! બાપ ! કરજે દયા તું, બોલાવજે ઘેર મને તું.

છું મહામૂઢ મને મહેર કરીને, ભવની ભીડ તું ભાંગ,
અક્કલના ઓથમીરને હૈડે, કૃપાથી લે ભગવાન !
તને બાપ ! એટલું કહું છું, મારું કામ સુધારજે તું.

# (૩૬) વચન તો પાળો

(ધીરા ભગતની કાફી)

સહસ્ર વાર બાળ પાયે રે, ઉરથી ઢળી નમે છે, પ્રભો !
જાણી શરણાગત એને રે, ઉગારી લે એને, પ્રભો !
સહસ્ર૦

'અધમમાં અધમ જે પાપયોનિ, શ્રદ્ધાથી સેવે તને, નાથ !
-પામે પરાગતિ' છે કૉલ તારો, તેથી શું નફ્ફટ છું, નાથ ?
છે તપવાનું હજી શું બાકી રે, કે તું નવ ન્યાળે સામું ? પ્રભો!
સહસ્ર૦

દુરાચારી મહાપાપી જો ઉરથી, અનન્ય ભાવે સ્તવે મન,
ન અવગુણ રાખે, સાધુ બનાવે, શ્રીમુખે વદ્યા છો વચન,
તો એવો શો ગુનો મારો રે, કે આરો ના આવે કેમે ? પ્રભો !
સહસ્ર૦

તને બધાં કર્મ ઉરથી સમર્પે, તુજમાં પરાયણ રહી જે જન,
અંતરે ઊંડું સ્તવે છે તેને, ડુબાડે રસે તું અનન્ય,
શું અદૃશ્ય આડે આવે રે ! ક્યાં સુધી તે સહેવું ? પ્રભો !
સહસ્ર૦

જે સકળ ધર્મો ત્યજે તુજ દ્વારે, પાદાંબુજે ઢળે છે જે જન,
તું તેને બધાં પાપથી છોડાવે, હૃદ ભાવે ઊણપ હશે મન,
તો પ્રગટાવ પ્રેમાગ્નિ એવો રે, કે કર્મો થાયે ખાખ, પ્રભો !
સહસ્ર૦

## (૩૭) તારો જ આધાર

(ધીરા ભગતની કાફી)

આધાર તારો ધારી રે, સ્મરું નિત્ય હૈડે પ્રભો !
સદૈવ દુઃખ તું હરતો રે, જાણી શોધ્યું શરણું પ્રભો !
આધાર૦

કૃપાદૃષ્ટિ વિણ બાપની હું, કેમ ચલવું વ્યવહાર ?
તારી દયા વિણ પળ એક પણ હું, ન નભી શકું,તું છે આધાર,
હૃદે તે જાણી વીનવું રે, અનુગ્રહ કરી લે અંક, પ્રભો !
આધાર૦

'ત્રિભુવનત્રાતા' કહેવાય છે તું, ત્યાં અક્કરમી એકલો શું હું જ,
કે રાંકનો કેમે પાર ન આવે ? શું કરમે સહેવાનું લખ્યું જ ?
શરણાગત જાણી મુજને રે, સદા સંભાળી લે તું, પ્રભો !
આધાર૦

ઘણા ભવો ભ્રમણામાં ભમ્યો હું, કૃપાથી જગવ્યો જ્યાં તેં નાથ !
ઊંડું ભાન હૃદયે તેં કરાવ્યું, હાવાં શેં નવ દેતો તું હાથ ?
વીનવી ઊંડું મરું છું રે, રાંકની વહારે ધાજે, પ્રભો !
આધાર૦

પાદારવિંદે નિત્ય નમું છું, હૃદયે ધરીને તારું ધ્યાન,
અંતર ઉમળકે ભાવવારિથી પાદ પખાળું, ભગવાન !
લૂખી સૂકી દિલની પ્રાર્થના રે, શ્રવણે તું ધરજે, પ્રભો !
આધાર૦

# (૩૮) પૂરેપૂરી નાલાયકી

(ધીરા ભગતની કાફી)

સંસારમાયાથી ભૂલું રે, ભ્રાંતિમાં પૂર્ણ ડૂલું, પ્રભુ !
છે વિશ્વાસ તારો સાચો રે, ચિત્તેથી ના વિસારું, પ્રભુ !
સંસાર૦

નબળી કૃતિનો એક ખૂણો ન ઊણો, માગું ક્ષમા કેમ ? નાથ !
પ્રીતિભાવે નિભાવી દીનને, હું વીનવું, કરજે તું સનાથ,
હું બાળની દયા જાણી રે, અરજી લેજે ધ્યાને, પ્રભુ !
સંસાર૦

સાષ્ટાંગે પ્રણિપાત કરી, પ્રભુ ! વીનવું વિનયથી નાથ !
તું વિણ ક્યાંયે છે નવ આરો, તું પતિતનું વિશ્રામ સ્થાન,
તારો જન મુજને જાણી રે, ઠેકાણું એનું પાડ, પ્રભુ !
સંસાર૦

તું સઘળી કૃતિ જીવોની નિહાળું, છે સમક્ષ સાક્ષી મહેશ,
શરણાગતનો નિયંતા પ્રભુ ! તું, શું કહું તને હું વિશેષ ?
હું, શિશુ, લડીને માગું રે, ઘટતું તેને આપ, પ્રભુ !
સંસાર૦

કલ્યાણ, શુભ, હિત, રાંકનું જે છે, તું જાણે તે પૂર્ણ રીત,
જાણ્યેઅજાણ્યે દોરવશે સીધો, વિશ્વાસ છે ભલી રીત,
તેથી ઊંડું હૃદ પ્રાર્થું રે, સંભાળી લેજે મુજને, પ્રભો !
સંસાર૦

હરનિશ, હરઘડી યંત્રી રહી તું, આ યંત્ર પળપળ, નાથ !
-દોરવી ધામે લઈ જજે તું, વીનવું જોડી બેઉ હાથ,
વિશ્વાસે રહ્યો જે વળગી રે, તે બાળ સામું જોજે, પ્રભો !
સંસાર૦

# (૩૯) તારે ચરણકમળે

(ગઝલ)

ચરણકમળે ઢળી તારે, જીવન મારું વીતવવું છે. (ટેક)

જીવનની ગડમથલ કેવી ! વિશે તે દિન વિતાવું હું,
ઉપાધિ કૈં બીજી નડતાં, તને ઊંડું સ્તવું છું હું.
ચરણકમળે૦

બનવવું પૂરું મારે છે, પ્રભુજી ! યંત્ર આ તારું,
ચલાવ્યું તે પછી તારું જશે આગે પથે ઇચ્છ્યું.
ચરણકમળે૦

ચલવજે માર્ગ તે મુજને બીજે મારે નથી જાવું,
હૃદય એ લક્ષ્યમાં રાખી, પ્રભો ! આવ્યો છું શરણે હું.
ચરણકમળે૦

# (૪૦) કૃપાની સર્વ શક્તિ

(ગઝલ)

હૃદયમાં જો ધરે મુજને, બધે તુજ સહાય નિશ્ચે છે. (ટેક)

ગમે તેવા ભલે છોને, હૃદયમાં ઘા પડે ભારે,
સહેવા સજ્જ હું ઊભો, પ્રતાપે પ્રેમને તારે.
હૃદયમાં૦

અકથ બળ પ્રેમમાં તારા, ન જેનો સામનો કોથી
-થઈ શકશે જગે, બાપુ ! રહ્યો નિશ્ચિંત હું તેથી.
હૃદયમાં૦

પ્રભો ! તુજ પ્રેમ ખેંચે છે, સદા તારી પ્રતિ મુજને,
હવે તાકાત કોની છે, મને પથ રોકી શકવાને ?
હૃદયમાં૦

ઊભેલા પહાડ છો પથમાં, સ્ફુર્યું નવ જોમ હૃદયે છે,
ઊડી ઓળંગવાને તે, હાવાં હિંમત પૂરી રે' છે.
હૃદયમાં૦

કૃપા જો માત્ર તારી હો, બીજાંને પહોંચી વળવાને,
પડીશ પૂરો હું તો, બાપુ ! હૃદયમાં જો ધરે મુજને.
હૃદયમાં૦

## (૪૧) હૈયાની આગ

(ગઝલ)

હૃદયમાં આગ જે બળતી, બુઝાવું શી રીતે પ્રભુ ! હું ? (ટેક)

હૃદયમાં આગ જે બળતી, બુઝાવું શી રીતે પ્રભુ ! હું ?
જણાવું તે પ્રભુ ! કોને ? નથી કોઈ સ્વજન મારું.
હૃદયમાં૦

જુદા આ દર્દની કોને, નથી ગમ આ જગે, બાપુ !
જગે ના કોઈ સ્થળ એવું, વરાળો જ્યાં જઈ કાઢું.
હૃદયમાં૦

બિડાતાં ને શિડાતાં હું, દિવસ જ્યમત્યમ વિતાવું છું,
તમાચો મારીને મોઢું, ફરું છું રાખી રાતું હું.
હૃદયમાં૦

થતી જે વેદના ભારે, મને હું એકલો જાણું,
ધીરજ હૃદયે નથી મુજને, બીજા કોને હું બોલાવું ?
હૃદયમાં૦

સહી સહીને પ્રભુ ! મારું, બન્યું છે આ હૃદય આળું,
હૃદય તારું જ છે તેથી, સહેવાયે પ્રભુ ! સઘળું.
હૃદયમાં૦

## (૪૨) હામ જાતાં સંભાળ મારી રાખજે રે !

(લાલ ! વહારે આવે તો વહેલો આવજે રે,
સાથે ત્રિકમ છોગાળાને લાવજે રે-એ ઢાળ)

હે નાથ ! વહારે આવે તો વહેલો આવજે રે,
ખરી અણીને વેળે દોડી આવજે રે. નાથ !

આગ લાગશે ને સર્વ ભસ્મ થઈ જશે રે,
પછી કૂવો ખોદાવેથી શું થશે રે ? નાથ !

રોગ થાયે ને રોગી મરવા પડે રે,
મૂઆ કેડે દવાનો શો ખપ છે રે ? નાથ !

ચોર આવશે ને સર્વ માલ લઈ જશે રે,
પછી દીવો સળગાવ્યાથી શું થશે રે ? નાથ !

પાળ તૂટશે ને પાણી તો વહી જશે રે,
પછી બંધ બાંધેથી શું થશે રે ? નાથ !

ધાન વાવે ને વર્ષા આવે નહિ રે,
તાપ લાગે ને બી તો બળી જશે રે ? નાથ !

તલપ લાગે ને સાધન નહિ મળે રે,
એવો આવ્યો અવસર એળે જશે રે. નાથ !

તરસ લાગે ને કંઠ પ્રાણ આવશે રે,
પાણી મળે ના, જીવ્યું અફળ જશે રે. નાથ !

કોઈ પંથી અઘોર જંગલ વિશે રે,
રસ્તા વિના ભૂલો અટવઈ મરે રે. નાથ !

પંથ લાંબો અને મુશ્કેલ છે રે,
સાથી અનુભવી ના કોઈ સાથમાં રે. નાથ !

રસ્તે જાતાં કદાચ રણ આવશે રે,
હામ હારીશ ને હિંમત ખૂટશે રે. નાથ !

ભાથું ખૂટશે ને પાણી નહિ હશે રે,
પછી મૃગજળો કૈંક લલચાવશે રે. નાથ !

મળે પોતાનું બળ મુજમાં નહિ રે,
બુદ્ધિ સાર અસાર જોશે નહિ રે. નાથ !

નાથ ! સહાય જો તે વેળ નહિ કરે રે,
પછી તરવાને ઉપાય નહિ રહે રે. નાથ !

માટે સાંભળી વિનંતી આ દાસની રે,
હામ જાતાં સંભાળ મારી રાખજે રે. નાથ !

## (૪૩) દો એવું અંતનું દાન

(ધર્મ વિચારો રે ઘર થકી તજી કપટ તમામ-એ ઢાળ)

કૃષ્ણ ! કૃપાનિધિ ! વીનવું, ઉર લ્યો, બહુ થયું, બાળ. (ટેક)

શરણ પડ્યો ચરણે, હરિ ! સૂણો અરજી હો બાપ !
દીનદયાળ ! દયાનિધિ ! ઝંખે બાળ લ્યો આપ.
કૃષ્ણ૦

ચરણની સહાય દે રાંકને, બીજી ઓથ ન નાથ !
તુજ વિના કોની પાસ હું બાળ માગું કૈં ? તાત !
કૃષ્ણ૦

બાળને અભયદાન આપતાં, વળે તમને શો પા'ડ ?
ઉર સ્મરી ચાહું ચરણને, પૂરો એ મુજ લાડ.
કૃષ્ણ૦

હૈડે ચાંપી બાળ ! તેં કદી, નથી દાખવ્યું વહાલ,
મીઠું અમીભર્યું નવ ચૂમ્યો, વીનવી મરું, જો ! બાળ.
કૃષ્ણ૦

ઉરથી સંબંધ છોડ્યો સર્વનો, અર્પો સ્વરૂપનું જ્ઞાન,
માગવાનું ફરી ફરી ના રહે, દો એવું અંતનું દાન.
કૃષ્ણ૦

## (૪૪) સાચું સગપણ

(ધર્મ વિચારો રે ઘર થકી તજી કપટ તમામ-એ ઢાળ)

કૃષ્ણ ! કૃપાનિધિ ! વીનવું, પ્રેમે લોને બાળ ભાળ. (ટેક)

તમથી વેગળો પરદેશ હું, વેઠી કષ્ટે કાઢું દિન,
સ્નેહે ઝંખ્યા કરું દિલ હું, તોયે રહો કેમ ભિન્ન ?
કૃષ્ણ૦

સાચું સગપણ સ્વામી ! ઉરનું, ભાવે અનુભવ્યું પાદ,
છેડલો છોગાળા હવે શેં મૂકું ? પદમાં રાખો ચિરકાળ.
કૃષ્ણ૦

સુખના સાગર વેગળે રહ્યે, લાધે ઉર ક્યાંથી સુખ ?
વીનવી વીનવી થાકું હું તને, ફેડવા કહું દુઃખ.
કૃષ્ણ૦

નિર્ભય પડ્યો છું બાળ હું, નાખી તવ શિર ભાર,
સમદર્શી નામ તાહરું, કરો ચાહી ઉર પાર.
કૃષ્ણ૦

# (૪૫) વિનંતી

(મારી નાડ તમારે હાથ હરિ ! સંભાળજો રે !-એ ઢાળ)

હરિ ! હું વીનવું અંકે લઈને બાળને પ્રેમથી રે,
મીઠું અમીભર્યું ચૂમી ધન્ય કરોને ભાવથી રે.
હરિ ! હું૦

અધમ ઉદ્ધારણ કહાવો શ્રીહરિ ! મૂઢ અધમતર મુજથી કો નહિ,
કૃપા કરી લ્યો ઉગારી, પ્રાર્થું હું કરગરી રે.
હરિ ! હું૦

નારાયણનું રૂપ ન જાણ્યું, અવર વિષયમાં મન લપટાણું,
આવશે આપનું તાણ્યું, રાખો ચરણે હરિ ! રે.
હરિ ! હું૦

બાળક હું મતિમંદ પ્રભુ ! છું, દુર્ગુણોથી ભરેલો હું છું,
પ્રીતિ હક્કે હું વીનવું છું, હૃદે વસજો હરિ ! રે.
હરિ ! હું૦

વારેવારે વળી વીનવું વિભુ ! બહુ કહ્યે મોંઘો શું થતો તું ?
ફિટાડી દળદર દે તું, ભાવ પ્રીછી હરિ ! રે.
હરિ ! હું૦

આશા ઉર ધરી ધરણી ઢળ્યો છું, 'દે શાખ હૃદય'હું વીનવી મરું છું,
વિશ્વાસે એ હું જીવું છું, નિમંત્રું હેતથી રે.
હરિ ! હું૦

## (૪૬) ટાઢક વાળો

(રે ! શિર સાટે નટવરને વરીએ-એ ઢાળ)

રે ! હરિ ! હાવાં હૈયે ટાઢક વાળો,
કે વિનતિ દીનની ઉર ધારો,
રે ! હરિ ! હાવાં હૈયે ટાઢક વાળો. (ટેક)

રે ! હરિ ! કરગરી, કરગરી કહીએ,
રે ! વ્યથા અંતરે તે ક્યમ સહીએ,
કે હરિ ! તમ વિણ જો ! મરીએ. રે ! હરિ !૦

રે ! દયા દામોદર ! દિલ દાખી,
રે ! અમીદૃષ્ટિ રાંકની પર નાખી,
કે ઉર લ્યો, રિબાઉં તમ પાખી. રે ! હરિ !૦

રે ! નવ સહેવાયું ત્યારે મેં ભાખ્યું,
રે ! તન, મન, ધન વારી નાખ્યું,
કે તોયે કૃપામૃત નવ ચાખ્યું. રે ! હરિ !૦

રે ! હરિ વિણ અંતર નવ લહીએ,
રે ! કહેવાયે નવ, દાઝી મરીએ,
કે હરિ ! અમે શરમે મરી જઈએ. રે ! હરિ !૦

રે ! ક્ષમા કરજો હરિ ! વળી બોલું,
રે ! નવ રે'વાયે ત્યારે દિલ ખોલું,
કે હરિ ! શેં તું દુઃખ દઈને તોલું ? રે ! હરિ !૦

# (૪૭) કર્મનો જ દોષ

(મારી નાડ તમારે હાથ હરિ ! સંભાળજો રે !-એ ઢાળ)

કૃષ્ણ ! કૃપાનિધિ ! લળી લળી વીનવું, બાળ હું કરગરી રે,
પ્રાર્થું હું બાળ, છો દીનદયાળ, પ્રેમે પાળો હરિ ! રે.
કૃષ્ણ૦

શરણ પડ્યો છે બાળક તારો, ચાહ્ય તો મારો કે ઉગારો,
થશે લવારો ફોગટ મારો ? જીવું હું કષ્ટથી રે.
કૃષ્ણ૦

પ્રેમ હરિ ! ઉર તેં પ્રગટાવ્યો, નટવર ! મારે મન તું ભાવ્યો,
તોય ન મારો દાવો ફાવ્યો, હું મરું ઝૂરી રે.
કૃષ્ણ૦

દોષ કાઢું નવ હું દર્પણનો, વાંક હશે મુજ કર્મ કઠણનો,
તોયે બાળ હું જાણી નિજનો, ઉગારો કર્મથી રે.
કૃષ્ણ૦

દીન દશાને મુજ ન લહો શું ? થઈ અંતર્યામી દૂર રહો શું ?
દોડો ના કાં હિત કરવા શું ? પ્રાર્થું પ્રેમથી રે.
કૃષ્ણ૦

તાત થઈ શેં મુજને તોલો ? કરગરું તોયે શેં નવ બોલો ?
આણી દયા ને હૈયું ખોલો, હ્રદ લો હેતથી રે.
કૃષ્ણ૦

## (૪૮) દુઃખદ પ્રીતિદોરી

(મારી નાડ તમારે હાથ હરિ ! સંભાળજો રે-એ ઢાળ)

હાવાં હદ થઈ બાળ ન તોલો, વીનવું ઉરે રે,
દુઃખદ છે પ્રીતિદોરી તારી, દિલ નવ ક્યાંયે ઠરે રે.
હાવાં૦

તવ આધારે જીવન વિતાવું, તુજ હાથે છે એ દુખ ફીટવું,
મારે ચરણકમળમાં મીટવું, દયા ઉર લાવજે રે.
હાવાં૦

ક્યાં જઈને હરિ ! મારે ઠરવું ? સૂઝ પડે નવ ઉર શું કરવું,
તારે અંકે બાળને રમવું, આશ મુજ પૂરજે રે.
હાવાં૦

બાળ છતાં શું મને વિસારો ? તુજ વિણ મારો ક્યાંય ન આરો,
દયા કરીને મને ઉગારો, બાળ કરગરી ઝૂરે રે.
હાવાં૦

બાજી સઘળી દૂર રહી દેખો, બાળપીડા તો શેં નવ પેખો ?
છે અંતર આ ઊઠ્યો તણખો, અમીજળ છાંટજે રે.
હાવાં૦

લલચાવી શેં દૂર ખસી જાઓ ? પીડામાં શું માણો લહાવો ?
વધુ નહિ બાળ સતાવો, રૂપ ફિટાડજે રે.
હાવાં૦

## (૪૯) એક જ વાંછના

(ગઝલ)

ચરણકમળે ઢળું તારે, ન બીજી વાંછના મન છે. (ટેક)

પ્રભુજી ! પ્રેમમાં તારા, સતત મન મગ્ન મુજ રે'જો !
સદાયે ચિંતવને તારા, પ્રભુ ! મન લીન મુજ રે'જો !
ચરણકમળે૦

પ્રભુજી ! ભાવના જાગો ! ન ઊઠો બીજું કૈં મનમાં !
સ્મરણ તારું થતું રે'જો, પળેપળ માહરા દિલમાં !
ચરણકમળે૦

પ્રભુ ! તારા વિના બીજા, વિચારો ચિત્ત નવ થાજો !
સમર્પણ થઈ પૂરું મારું, જુદું અસ્તિત્વ મુજ મીટજો !
ચરણકમળે૦

સમર્પણની તમન્નામાં, પ્રભુ ! સર્વસ્વ ભુલાજો !
ભુલાજો જાત પણ મારી, સ્મરણમાં માત્ર તું રે'જો !
ચરણકમળે૦

તને એ પ્રાર્થના મારી, પ્રભુ ! માગ્યું મને દેજે,
ચરણકમળે ઢળું તારે, ન બીજી વાંછના મન છે.
ચરણકમળે૦

# (૫૦) લેજે ભલા ! કૈં ખબર તું

(હરિગીત)

હે તાત ! એવા બાળની લેજે ભલા ! કૈં ખબર તું. (ટેક)

દિલમાં થતી મૂંઝવણ બધી, તારા વિના કોને કહું ?
જેમાં ગણે તેમાં મને છે, એકલો ને એક તું.
હે તાત !૦

ચરણકમળે તાહરે, દિલની વરાળો કાઢું હું,
નિત્યનું એ કામ મારું, પ્રભુ ! તને જ સુણાવવું.
હે તાત !૦

છોને ભલે ના સાંભળે, અમીદૃષ્ટિ છો ના તું કરે,
તોયે ન છોડાશે હુંથી, આળોટવું તુજ પદ પરે.
હે તાત !૦

છો હાસ્ય તું નવ વેરશે, પણ લાત જો મારે કદા,
તોયે કરીશ પ્રેમે સ્મર્યા, તુજ નામ પ્યારું સર્વદા.
હે તાત !૦

## (૫૧) બાળનો પુકાર

(ધીરા ભગતની કાફી)

બાળ તને પોકારે રે, રે'જો મારી સહાયે પ્રભુ ! (ટેક)

ઘૂંટણીએ જ્યાં શીખ્યો ચાલવા, પડતો આખડતો હું તાત !
મને વાગતાં પથે કદી હું, જોઉં છું તારી ભણી નાથ !
આશરો બાળનો માનો રે, એવો મારે તું એક, પ્રભો !
બાળ૦

મનમાં હોંશ ઘણી છે મુજને, પહોંચી જવાને મુજ ઠામ,
સંગી બાધક મળિયા મુજને, બનાવે મને તે બેફામ,
અથડાવી મારે મુજને રે, બતાવી પ્રભુ ! રાહ ઊંધો.
બાળ૦

જ્યાં ત્યાં બાળનું મન લોભાયે, તોયે ધરું તુજમાં ચિત્ત,
નિત્ય નવી મથામણ થાતાં, થોભી વિચારું નવી રીત,
જ્યાં ત્યાં એમ કરીને રે, ભરું છું ડગ ધીમે, પ્રભો !
બાળ૦

થાકી જાતાં વિસામો લઉં હું, સંઘરું નવું બળ, તાત !
'છેક ગળિયું થઈ બેસી જવાતાં, ચલાવશે ગ્રહી મુજ હાથ',
ભરોસો એવો ઊંડો રે, હૈયે મારે તારો, પ્રભો !
બાળ૦

## (૫૨) ટાળો ઉરભેદ તાત !

(ધર્મ વિચારો રે ધર થકી તજી કપટ તમામ-એ ઢાળ)

કૃષ્ણ ! કૃપાનિધિ ! વીનવું, રખે મૂકો મુજ હાથ. (ટેક)

નરતન ઉત્તમ આયુ આ, એળે વહી જાય નાથ !
ઉદ્વેગ ઉર સહ્યો ના જતો, તેથી પાડું છું સાદ. કૃષ્ણ૦

સર્વ સાધનરૂપ રાંકને, હરિ ! છે તમ પાદ,
સાર અવર નવ જાણું હું, પડ્યો શરણે તુજ તાત! કૃષ્ણ૦

ભાવો સ્ફુરે હૃદયે ઊંડા, અંતર દે તવ સાખ,
રંકનાં ભાગ્ય આડે નડ્યાં, વીનવું, લાજ તું રાખ. કૃષ્ણ૦

અંતર અનુભવ દિલનો ઉપજાવે નહિ સુખ,
કેશવ ! કરુણા કર્યા વિના, ફીટે નવ ઉર દુઃખ. કૃષ્ણ૦

તત્ત્વે તાન રહે સદા, ઉરમાં રહે તવ ભાન,
હૈયાની ગાંઠ તો જ્ઞાનથી, ગળે, કરો કૃપા એ તાત ! કૃષ્ણ૦

નિવૃત્તિ મન ઠરતી નહિ, પ્રવૃત્તિમાં શી હાય !
ક્યાંયે ઠરું નહિ દીન હું, શેં દાદ લે નવ રાય ? કૃષ્ણ૦

સઘળી ક્રિયાઓ હરિ ! પડે, બંધ ઉરમાં નાથ !
જ્ઞાન આપોઆપ ઊપજે, કરવું તે તુજ હાથ ! કૃષ્ણ૦

કૃષ્ણ ! કૃપાનિધિ ! વીનવું, બાળ તારો હું નાથ !
હૃદયે વસી હાવાં રાંકને, ટાળો ઉરભેદ તાત. કૃષ્ણ૦

# (૫૩) લગની

(ગઝલ)

મને તો માત્ર બસ લગની, બનવવા મુજ તને પ્યારા. (ટેક)

પ્રભો ! આશા મિલનકેરી, હૃદયમાં ઊર્મિઓ જગવે,
મને દે ચેતનાશક્તિ, અને પુરુષાર્થમાં ચગવે.
મને તો૦

નદી જ્યમ વહેણ જીવનનું, સદા તારી પ્રતિ વહાવા,
ગળી જાવાને તુજ ચરણે, મને તલસાટ હૈયામાં.
મને તો૦

તલસવું તનમનાટે તે, જીવનનો એક શો લહાવો !
છતાં ના જંપ વળવા દે, અધૂરી આશનાં સ્વપ્નો.
મને તો૦

પ્રભો ! કાં મૂલ્ય અંકાવે ? કસોટીએ ચઢાવે કાં ?
ભલે ! તે પણ મુબારક હો, તુંથી ભારે વધુ કંઈ ના.
મને તો૦

જીવન છોને ખપી જાતું, પ્રભો ! એ યત્નમાં મારા,
મને તો માત્ર બસ લગની, બનવવા મુજ તને પ્યારા !
મને તો૦

# (૫૪) દુઃખ સહેવાની તૈયારી

(લાવણી)

લળી લળી હું નિત્યે કરું, પ્રાર્થના તારી,
પ્રાર્થના તારી,
હરિ ! કાં ન સૂણતો દાદ, રાંકની મારી ?

હરિ ! મન લાવી કંઈ દોષ, રોષ નવ કરશો,
રોષ નવ કરશો,
જાણી હરિ ! નિજનો બાળ, પ્રેમ ઉર ધરશો.

કર જોડી લાગું છું પાય, હું બાળ અનાથ,
હું બાળ અનાથ,
કરુણાળુ ! કૃપા કરી તાત ! મૂકો શિર હાથ.

અણુ અણુમાં ચેતનરૂપ, વ્યાપ્ત છો આપ,
વ્યાપ્ત છો આપ,
કરગરી હું વીનવું તેમ, હૃદે વસો આપ.

અંતર્યામી વસેલા તાત ! જાણો ઉર મર્મ,
જાણો ઉર મર્મ,
ક્યમ દૂર કરો નવ દર્દ ? પહાણે કૂટું કર્મ.

મુખડું વાંકું, ક્યાં કાઢું, દોષ દર્પણનો ?
દોષ દર્પણનો ?
એવો છું હું મૂર્ખો તોય, કરું હક્ક નિજનો.

જે કહું મારે તું આપ, સર્વમહીં તાત !
સર્વમહીં તાત !
હવે ઉર લોને આ બાળ, કાને ધરી વાત.

હરિ ! આવી દ્વાર તુજ બાળ, કરગરી વીનવું,
કરગરી વીનવું,
નવ ચરણથી કરશો દૂર,એ જ બસ માગું.

સહુ દુઃખ હોંશે હું સહીશ, પ્રેમ વર્ષાવું,
પ્રેમ વર્ષાવું,
હરિ ! મન ફાવે તે કરો, કંઈ નહિ બબડું.

અભિલાષ રંક હું ધરું, ચરણને ચૂમવા,
ચરણને ચૂમવા,
વીનવું આવો ઉર ! તાત ! કોડ મુજ પૂરવા.

## (૫૫) તલસાટ

(રે ! શિર સાટે નટવરને વરીએ-એ ઢાળ)

રે ! નહિ મૂકું છેડલો છોગાળા !
કે વરી ચૂકી અરપી હું વરમાળા,
રે ! નહિ મૂકું છેડલો છોગાળા ! રે ! નહિ૦

રે ! <u>પ્રેમની</u> પીઠી દિલ ચોળી,
રે ! <u>શ્રદ્ધા</u>-અંજન નેણે આંજી,
કે બની <u>આતુર</u> ભેટવા વનમાળી. રે ! નહિ૦

રે ! તાણાવાણા <u>આધારે</u> બનવ્યું,
રે ! ભક્તિમાં તરબોળ કરી રંગ્યું,
કે એવું પાનેતર પ્રભુનું પહેર્યું.રે ! નહિ૦

રે ! હરિ અંતર <u>ઉમળકો</u> આણી,
રે ! નૌતમ <u>ભાવો</u> હૃદ જગવી,
કે બાંધ્યું મોહનનું મીંઢળ મોહી. રે ! નહિ૦

રે ! <u>વિચાર</u> ગાંધીડો બહુ વીનવી,
રે ! <u>વિવેક</u> હૃદેથી મેં આણી,
કે <u>વૈરાગ્ય</u> કંકણે કૃષ્ણ વરી. રે ! નહિ૦

રે ! ચૂડગર <u>ષટ્સંપત્તિ</u> ઘરથી,
રે ! <u>તીવ્રાકાંક્ષા</u> ચૂડલો પહેરી,
કે વર <u>અવિચળ</u> સંગ પ્રીત જોડી. રે ! નહિ૦

રે ! <u>હૃદય</u> વાટિકાથી મેં ચૂટી,

રે ! ભાવપુષ્પોની હેતે બાંધી,
કે વરમાળા વિઠ્ઠલગ્રીવ અર્પી. રે ! નહિ૦

રે ! જોડી અખંડ વરની મેળવી,
રે ! પીવા ચરણામૃત આશ ધરી,
કે હવે તરછોડી ક્યાં જાશો? હરિ! રે ! નહિ૦

શું અંતર ભાવો નહિ પ્રીછશે ?
શું તને વરી તોય રડવું પડશે ?
કે ઉર તલસું હું ક્યારે મળશે ? રે ! નહિ૦

## (૫૬) મૂળ સાથે જ પ્રીત

(રે ! શિર સાટે નટવરને વરીએ-એ ઢાળ)

રે ! કોઈ ન મળ્યું રે સ્વજન મારું,
કે ઠરી જ્યાં કરું હળવું દિલ મારું. રે ! કોઈ૦
રે ! સ્વજન ઉપર પ્રીતિ જે ઢોળું,
તે વ્યર્થ જતી, રહે શેં ભોળું ?
કે કોઈએ ન દિલથી દિલ મેળવ્યું. રે ! કોઈ૦
રે ! અંતરભાવ સ્ફુરે દિલમાં,
રે ! સ્નેહી કાજે જે ઊંડા મનમાં,
કે અનુભવ્યું, જોયું ના વહાલ કોઈમાં. રે ! કોઈ૦
રે ! કેમ ઉર એક કરીને રહીએ !
રે ! અંતરે જુદાઈ નવ ગણીએ !
કે જીવતાં તો તેવું ન જિવાયે. રે ! કોઈ૦
રે ! પડઘો ન પ્રેમતણો ક્યાંય પડતો,
રે ! કરવા આ દિલ એક બહુ કરતો,
કે ક્યાંયે ન દિલ મળ્યું, મરી મથતો. રે ! કોઈ૦
રે ! રડારોળ કરી સાદ હું પાડું,
રે ! દિલના ચૂરા કરી હું વીનવું,
કે દો સૂઝ હૃદ મારે શું કરવું ? રે ! કોઈ૦
શું સ્નેહની વાતો જૂઠી પડશે ?
શું ઉર કોનો પ્રેમ ના કદી મળશે ?
કે દિલ તો વણાઈ એક ના બનશે ? રે ! કોઈ૦
રે ! વૃક્ષના મૂળમાં જળ સિંચો,
જે મળે પાને પાને તે ઉર પ્રીછો,
કે તેમ થાતાં રસ મળે ઉર પાછો. રે ! કોઈ૦

## (૫૭) હાવાં છેલ્લો નિકાલ દે તું

(કાચબા-કાચબીનો ઢાળ)

પ્રભુ ! કાને અરજ ધર તું, હાવાં છેલ્લો નિકાલ દે તું.
તું આ પટંતરો પાડી દે તોડી, ભાંગની પ્રભુ ! બાપ !
અતિ સૂક્ષ્મદર્શક આંખ મને તું, કૃપા કરી પ્રભુ ! આપ ,
દયા એટલી પ્રભુ ! કર તું, બીજું નવ યાચું કશું હું.

અનુભવ્યો છે તારો ભરોસો, હૃદયે વારંવાર,
છેડો ગ્રહી તારો, અશ્રુ નયણે, તને કરું પોકાર,
કાને દર્દ વાત તું ધરજે, પ્રભુ ! બાળને હૈડે લેજે.

તું મારો છું તેથી તારી કને, કરું માગણી તું આપ,
બાળને બાપે કદી તરછોડ્યો જગે જાણ્યું ક્યાંય ?
તારો પ્રભુ ! આશરો ભારે, રાખે મને ક્યાં સુધી ભારે ?

નિરાશામાં લાખો વાર ડૂબ્યો હું, ત્યાં તેં પકડી બાંય,
ઉપર બાળને તેં આણ્યો છે, સવેળા દઈને સહાય,
પ્રભુ ! કાને અરજ ધર તું, હાવાં છેલ્લો નિકાલ દે તું.
તેથી બાપ ! હું જીવું છું, હાવાં છેલ્લો નિકાલ દે તું.

## (૫૮) પ્રભુ ! લેની સોડમાં તારી

(કાચબા-કાચબીનો ઢાળ)

તારી પ્રભુ ! હું પાસ આવ્યો છું, રાખી ઉરમાં આશ,
તારો કેડો હું કેમે ન મૂકું, તું શું વિસારે દાસ ?
ખોળામાં પ્રભુ ! રમવું છે, પૂરા સુખમાં ડૂબવું છે.

નથી મુકાતી લાલચ તારી, તેથી હું બબડું નાથ !
સહેવાય, રે'વાય કેમે ન ઉરમાં, કૃપા કરી લે બાથ,
પ્રભુ ! કર વાંછના પૂરી, હું બાળ પ્રભુ ! મરું ઝૂરી.

અવંક★ થઈ હું આમ રડું છું, મારી વેળાએ, નાથ !
નગુણો આમ શાને તું થાયે ? વધુ કહું શું બાળ ?
માગ્યું ન મળે તેથી કે'તો, રખે ! પ્રભુ ! રીસ તું ધરતો.

મીઠું કરી બાપ ! બાળનું માનજે, કડવું વખ જે વેણ,
હેતનાં વચન એ ઉર જાણી, કરજે માફ તું કે'ણ.
દર્દી જ્યારે દર્દ પોકારે, પ્રભુ ! બાપ ! મરડી શેં મારે ?
દયા આણી બાળની મારી, પ્રભુ ! લેની સોડમાં તારી.

★ વાંકું નહિ એવું

## (૫૯) લાજ તો હરિના હાથમાં

(ધીરા ભગતની કાફી)

પાદારવિંદે હરિના રે ! મૂકે બાળ શીશ, પ્રભુ !
હરનિશ ભજન સ્તવનમાં રે, મનવૃત્તિ સ્થિર રાખ, પ્રભુ !
પાદારવિંદે૦

તું વિણ પ્રભુ ! નથી કો ત્રાતા, તું જ પિતા, તું જ માત,
તારે ભરોસે હૃદહામ રાખું, વીનવું જોડીને હરિ ! હાથ.
હું પાયે પતિત પડ્યો છું રે, છે હરિ હાથ લાજ, પ્રભુ !
પાદારવિંદે૦

ક્ષમા પ્રભુ ! કરુણા કરજે, પ્રાર્થું ઊંડું હાવાં તું ન્યાળ,
સર્વાન્તર્ગતજ્ઞાતા છો સ્વામી ! જાણે છે રંકના તું હાલ,
સુતવાત્સલ્ય સ્વભાવે રે, દાખવજે ઊંડું વહાલ, પ્રભુ !
પાદારવિંદે૦

જેવી સ્થિતિમાં રાખે મને તું, તેમ નિભાવું છું, નાથ !
તુંમાં પ્રાણ પ્રોઈ રહ્યો છું, લાધે ન સુખ પૂરું હાથ !
દીનનો દીન રહ્યો છું રે ! સબળ કરવો તુજ હાથ, પ્રભુ!
પાદારવિંદે૦

સૂણી પ્રાર્થના ઉરની ઊંડી, પાપીને કરજે પુનિત,
ધૈર્ય ન રહે તેથી મન પોકારે, ધાજે વહાલા તું ત્વરિત,
રંકનું મન તું પરખી રે ! મનડે વસજે નિત્ય, પ્રભુ!
પાદારવિંદે૦

## (૬૦) કેમ કરી રીઝવીએ !

(રે ! શિર સાટે નટવરને વરીએ-એ ઢાળ)

'રે ! પ્રભુ ! તને કેમ કરી રીઝવીએ !'
કે અભિલાષ ઉર અમે એ ધરીએ,
રે પ્રભુ ! તને કેમ કરી રીઝવીએ ! (ટેક)

રે ! જાપ જપ્યે મુખે નવ રીઝતા,
રે ! માળા ફેરવ્યે ઉર નવ મળતા,
કે કેમ કરીએ હરિ ! થાઓ નિજના. રે ! પ્રભુ !૦

રે ! તન, મન, ધન હરિને દઈએ,
રે ! શરણે રહી કર્મો કરીએ,
કે તું રીઝે તો અમે મરી મીટીએ. રે ! પ્રભુ !૦

રે ! ઇચ્છા અવર નવ ઉર ધરીએ,
રે ! વ્યવહારે કાંઈ મન નવ દઈએ,
કે ગુણ ગાવા હરનિશ મન કરીએ. રે ! પ્રભુ !૦

રે ઉર નામરૂપ મનન કરીએ,
રે ! ભક્તિ વળી મન કંઈ ધરીએ,
કે ભાગ્ય ના હોય તે ક્યમ વરીએ ? રે ! પ્રભુ !૦

રે ! 'પ્રભુ કર્તા' જાણી મન ઠરીએ,
રે ! તેથી ઉદ્વેગ નવ દિલ ધરીએ,
કે હરિ આધારે જગમાં રહીએ. રે ! પ્રભુ !૦

## (૬૧) નમ્રતા

(રે ! શિર સાટે નટવરને વરીએ-એ ઢાળ)

રે ! તૃણથી નીચા થઈને રહીએ,
રે ! યત્કિંચિત્ કાંઈ ભલું કરીએ,
કે પરમાર્થે રહી જીવન દઈએ. રે ! તૃણથી !૦

રે ! દુઃખ, રોગ, ભૂખ ભલે નડતાં,
રે ! તે વાર મન, વાણી દૃઢ કરવાં,
કે અળગા ન મનથી હરિ કરવા. રે ! તૃણથી !૦

રે ! અભિમાન, અહંકાર નવ ધરીએ,
રે ! દીનતા હૃદય રાખીને સ્મરીએ,
કે બુદ્ધિ ચરણકમળે દઈએ. રે ! તૃણથી !૦

રે ! અબોલા હરિનું દુઃખ થાયે,
રે ! છાતીમાં અગ્નિ જાણે બાળે,
કે કામકાજે નવ ક્યાંય જીવ જાયે. રે ! તૃણથી !૦

રે એવી સ્થિતિ જીવની કરીએ,
રે ! પ્રભુ દયા ધરે તો ઊગરીએ,
કે ઉર તેથી ઊંડું સ્મરણ કરીએ. રે ! તૃણથી !૦

રે ! હરિ મળ્યે ઉર ટાઢક વળશે,
રે ! જીવની અશાંતિ સહુ ટળશે,
કે પામી પદારથ જીવ ઠરશે. રે ! તૃણથી !૦

## (૬૨) હૈડે ચાંપો

(ધર્મ વિચારો રે ઘર થકી તજી કપટ તમામ-એ ઢાળ)

કૃષ્ણ ! કૃપાનિધિ ! વીનવું, ચઢો નિર્બળની વહાર. (ટેક)

ચરણકમળે શરણે પડું, કોની ધરું નવ આશ,
વૃત્તિ, મતિ મુજમાં રમે, બીજું માગું ન ખાસ.
કૃષ્ણ૦

કમળદળ વારિને સ્પર્શતું, અડે ના વાસના પાસ,
સદૈવ ધ્યાન હૃદે રહે, જેમ પુષ્પમાં વાસ.
કૃષ્ણ૦

સદ્વિચારે ગ્રહું યુક્તિને, તોયે નિજનું રે' ભાન,
મરી મથું છું દીન હું, ના'વે સુખનું નિદાન.
કૃષ્ણ૦

લલચાવી દૂરથી રાંકને, શાને છટકો છો ? નાથ !
બાંય ગ્રહ્યા તકે નાસતા, શી આવી તમ રીતભાત ?
કૃષ્ણ૦

હૃદયે જે જે થતું દીનને, રડી કહું તુજ પાસ,
કૃષ્ણ ! કૃપાનિધિ ! કરગરું, ચાંપી પૂરો મુજ આશ.
કૃષ્ણ૦

## (૬૩) નથી સહેવાતું

(રે ! શિર સાટે નટવરને વરીએ-એ ઢાળ)

રે ! હરિ ! હાવાં સહેવાય નવ ઉરમાં,
કે બહુ થયું, ઉર લો સમાઉં તમમાં,
રે ! હરિ ! હાવાં સહેવાય નવ ઉરમાં. (ટેક)

રે ! રડી રડી થાકી તવ ચરણે,
રે ! અમી ઢોળે નવ શેં હું-શરણે ?
કે કરને કૃતાર્થ તું ઉર લઈને. રે ! હરિ !૦

રે ! સૂતો શેં સોડ તું તાણીને ?
રે ! બધિર બન્યો શું જાણી જોઈને ?
કે પીડ જાણી આવ હરિ ! ધાઈને. રે ! હરિ !૦

રે ! સૂણી રસભર તાન મોરલીની,
રે ! કોણ મોહ્યું નથી મન તે કે'ની !
કે મન જાણે દીન વીતક કથની. રે ! હરિ !૦

રે ! દુઃખની મારી આજે હું કહું છું,
રે ! અનુભવની વાત હું વદું છું,
કે ગાંડીઘેલી રસમાં ફરું છું. રે ! હરિ !૦

રે ! સાનભાન સર્વે ગયાં નાસી,
રે ! પોકારું 'હરિ', 'હરિ' બની પ્યાસી,
કે દુઃખ દો શાને દઈ ફંદ ફાંસી ? રે ! હરિ !૦

રે ! જગના લોકને રાંક હું ચેતવું,
રે ! મોરલીમાં કોઈએ ના ફસવું,
કે મોહાશો તો કર્મે રહે રડવું. રે ! હરિ !૦

રે ! નવ કાંઈ ઉર ગમ છે પડતી,
રે ! નાખી નિસાસા દિન કાઢતી,
કે હાવાં હરિ ! દાસી ઝૂરી મરતી. રે ! હરિ !૦

રે ! કૈં ક્રિયા કરવી ના મન ગમતી,
રે ! બેસી રહ્યે ખાવા ધાય ધરતી,
કે બળતી હૈયે હોઉં એમ ફરતી. રે ! હરિ !૦

રે ! નિવૃત્તિમાં મન નવ ચોંટે,
રે ! પ્રવૃત્તિ હરિ વિણ નવ ગોઠે,
કે બહાવરી ફરતી હું ઉચાટે. રે ! હરિ !૦

## (૬૪) ઉત્સુકની આશા

(પ્રેમલ જ્યોતિ તારો દાખવી-જેવો ઢાળ)

રે ! મુજ રંક જીવન આધાર ! પ્રભુ ! તને ઉરના કોટિ પ્રણામ.
પ્રેમે પ્રણમી લાગું પાય, માગું વિભુ ! ધન્ય કરો મુજ ધામ. પ્રભુ૦

બાળક નિજનો જાણી પ્રભુજી ! જોતા રખે મુજ દોષ !
જોતાં તો અવગુણે ભરેલો, હૈયે ન લાવશો રોષ. પ્રભુ૦

દુનિયાનો છેડો ઘર તું તો, ઘર એ વસવા કોડ,
જાણી દ્વારે આવી પોકારું હું, હેતે પૂરો મુજ હોડ. પ્રભુ૦

તારે શિરે સહુ આશ રાખીને, જગત જીવે છે બાપ !
શરણે ઢળેલા રાંકની તો તું, કરગરું, લો ભાળ સાથ. પ્રભુ૦

આશાનું આધાર આભ તું મારે, તૂટ્યે ક્યાં ઊભો રહીશ ?
ત્રિલોકમાં એવું સ્થાન મળે ના, કે જ્યાં જઈ ઠરું, ઈશ ! પ્રભુ૦

સ્મરણાંજલિ દિલથી ઊંડા ભાવે, હરનિશ અર્પું હું રંક,
તરબોળ રસમાં ભીંજવો ! વીનવું, હેતે લઈ બાળ અંક. પ્રભુ૦

ઊંડા અંતરથી યાચું હું અર્પી, અશ્રુ અંજલિ નાથ !
ઉરભાવજળથી પાદ પખાળું, હૈડે ચાંપો ગ્રહી હાથ. પ્રભુ૦

જેવી ભાવના હૃદયે રાખે, તેને મળે તેવું, તાત !
આશા તારી દિલે વસી ઊંડી છે, ફેંકો અમી દૃષ્ટિપાત. પ્રભુ૦

સૂંઢ જવ ભર બહાર રહી ત્યારે, ગજે પોકાર્યા નાથ,
તેમ આર્તનાદે ભાવથી પ્રાર્થું, સૂણજે રાંકનો સાદ. પ્રભુ૦

કૃષ્ણ ! કૃપાનિધિ ! કૃપા કરીને, બંસરી છેડો જો તાત !
ઊર્ધ્વગતિ યમુનાતણી થાયે, ધ્યાને લો, વીનવું વાત. પ્રભુ૦

પાનાર અમીરસ તુજ વિના હરિ ! કોઈ ન વિશ્વમાં નાથ !
ઉત્સુકની હૃદની આશ પૂરીને, બાળને રાખજો સાથ. પ્રભુ૦

## (૬૫) હરિ આશરે

(ધર્મ વિચારો રે ધર થકી,-એ ઢાળ)

કૃષ્ણ ! કૃપાનિધિ ! વીનવું, રખે મૂકો રંક હાથ ! (ટેક)

કહાવો બેલી દીનના હરિ ! મુજ સમ કો નવ દીન,
તારે શરણે પડ્યો રાંક હું, રાખો પાસ નિશદિન.
કૃષ્ણ૦

શિરે છો ગાજતા હરિ ! તમે, મારે ધણીનો આધાર,
હરિ આશરે જીવતો રહું, બીજો જાણું નવ સાર.
કૃષ્ણ૦

તાત છાંયમાં રે'વા માગતો, ઉર મળે નવ સુખ,
તારે દરબારે શી ખોટ છે ? કૃપા કરી ફેડ દુઃખ.
કૃષ્ણ૦

વિશ્વાસે વળગી હું રહ્યો, તોયે મટ્યો નવ ખેદ,
પ્રભુ ! આ તક નવ ચૂકશો, રાખો શાને હાવાં ભેદ ?
કૃષ્ણ૦

ઉમળકો હરિઅંક બેસવા, મારે હૈડે છે, નાથ !
ઉરની આશાઓ તું પૂરી, વીનવું લ્યો બાળ સાથ.
કૃષ્ણ૦

## (૬૬) અકારણ કૃપા

(લાવણી)

હું જેવો તેવો તુજ બાળ, ઢળ્યો છું શરણે,
ઢળ્યો છું શરણે,
કે વારનો પાડું સાદ, આવી ઉર ધરને.

તુજ રમ્ય મૂર્તિ હે તાત ! હૃદય નવ ઠરતી,
હૃદય નવ ઠરતી,
તે કાજે ઝંખું દિલ, બળતરા બળતી.

હું ન્યાળું હસંતી મૂર્તિ, વાયુમાં ન્યારી,
વાયુમાં ન્યારી,
વળી ભાળું કાંતિ દિવ્ય, વારિમાં પ્યારી.

હરિ ! આસપાસ ને દૂર, મૂર્તિ છે વ્યાપી,
મૂર્તિ છે વ્યાપી,
સ્થાવર જંગમમાં રૂપ, તેવી રીત વ્યાપી.

હું દેખી દાઝું છું બાળ, આવી લે અંકે,
આવી લે અંકે,
મીઠું અમીભર્યું ચૂમી બાળ, ધન્ય હરિ ! કરને.

હે તાત ! બતાવો હેત, દૂર દૂર રહીને,
દૂર દૂર રહીને,
નવ રમાડ્યો અંકે બાળ, વહાલ કરી મુજને.

એ આશ ધરી છે ઉર, અંક રમવાને,
અંક રમવાને,
કરગરી વીનવું બાળ, પ્રેમ કરવાને.

હે તાત ! થાઓ શું આમ, બાળની પર તે ?
બાળની પર તે ?
રમાડી અંકે બાળ, કરો નિજ રૂપે.

નવ માગ્યું કદી મેં, તાત ! ઉમળકે બાળે,
ઉમળકે બાળે,
આજે યાચું દીન થઈ તાત ! પ્રેમે લે અંકે.

કદી હું નવ લાયક બાળ, આપ સમર્થ,
આપ સમર્થ,
ચાંપી હૈડે હેતે રાંક, કરોને કૃતાર્થ.

## (૬૭) બાળહઠ

(ધર્મ વિચારો રે ઘર થકી તજી કપટ તમામ-એ ઢાળ)

કૃષ્ણ ! કૃપાનિધિ ! વીનવું, હાવાં ઉર લ્યોને બાળ. (ટેક)

ચરણકમળ શરણે ઢળ્યો, રાંક હું તારે, નાથ !
આવે ન તાગ કેમે કરી, ઘસી મરું હું હાથ. કૃષ્ણ૦

તંગ ઉદ્વેગે હૈયું રહે, જેમ ભોંક્યાં હોય તીર,
સ્નાન કરું આંસુ નીરમાં, શકું ધરી શેં ધીર ? કૃષ્ણ૦

પ્રેમપંથેથી હઠ્યો હતે, કળ્યું હત ન રૂપ,
પ્રજ્વળી આટલો જાત ના, સહેવો પડત ન ધૂપ. કૃષ્ણ૦

સ્વજન મટી શત્રુ બનો, કરું ફરિયાદ ક્યાંય ?
પેટ પાક્યું હો ત્યાંય તે, બાંધું પાટો હું ક્યાંય ? કૃષ્ણ૦

અટવાઈ જોઈ દીન બાળને, થાઓ રાજી શું ? બાપ !
વર્તન ના આવું ઘટે, વધુ બળતો હું, તાત ! કૃષ્ણ૦

બાપ વિના કોની પાસથી, રાખું બાળ હું આશ ?
ઘેર આવ્યે લાત મારશો, ક્યાં હું ઠરું ? કરો ક્યાસ. કૃષ્ણ૦

દુઃખનો માર્યો વળી બોલું હું, કદી આકરાં વેણ,
માઠું રખે ઉર માનતા, ઢાળો અમીભર્યાં નેણ. કૃષ્ણ૦

બાળહઠ હરિ ! હાવાં હું કરું, જો રીઝો નવ તાત !
પ્રાણ હોમી દઉં હું, હરિ ! કરજો ફાવે ઉર વાત. કૃષ્ણ૦

# (૬૮) સરળ વહન

(ગઝલ)

જીવનઝરણું વહેવા દે, સરળ મારું પ્રભુ ! નિત્યે (ટેક)

નવા પ્રશ્નો પ્રભો ! ઊઠી, મને અસ્થિર કરે જ્યારે,
બિચારાને હૃદય જાગે, પ્રભુજી ! ગડમથલ ભારે.
જીવનઝરણું૦

નથી કંઈ તર્કની શક્તિ, નથી બુદ્ધિ વળી ઝાઝી,
મને ચિંતા કરાવે તે, પ્રભુ ! આ તે ઉપાધિ શી !
જીવનઝરણું૦

અરે ! મુજ શક્તિનું તુજને, પૂરું છે ભાન જ્યાં તોયે,
પ્રભુ ! તોફાન મસ્તીનાં, બહુ ઘમસાણ કાં મચવે ?
જીવનઝરણું૦

વધારે તાણતાં તૂટી જશે, તે જાણજે બાપુ !
ધીરે, ધીમે તું કેળવજે, ન આપી તુજ શકું દાપું.
જીવનઝરણું૦

સ્મરણની ધૂન મસ્તીમાં, દિવસ મારો વીતી જાજો,
સતત મનની દશા એવી, પ્રભુ ! મારી પૂરી કરજો.
જીવનઝરણું૦

# (૬૯) દંભી ફિલસૂફી

(ચિત ! તું શીદને ચિંતા ધરે ? કૃષ્ણને કરવું હોય તે કરે-એવો ઢાળ)

મનવા ! કાં ફિલસૂફી કરે ? રે મનવા ! કાં ફિલસૂફી કરે ? (ટેક)

ભીતરથી વિષયોને સેવે, રસવૃત્તિ ઉર ધરે,
ઉપરથી ડાહ્યાડમરાનો, ખાલી ડોળ તું કરે.
રે મનવા૦

ડહાપણમાં દી કાં તુજ ઊઠ્યો ! ક્યાં તુજ વૃત્તિ ફરે ?
દળી દળી કુલડીમાં વાળે, શીદને એવું કરે ?
રે મનવા૦

ઠેરનું ઠેર રહે ના કાં તું ? દોડાદોડી કરે,
તારી પાછળ આવી મારે, વાળવું ફરી ફરી પડે !
રે મનવા૦

શાણાને શા ચોકી પહેરા ? શાને વારે વારે,
-તને વળી વળી ચીંધી ચીંધી, રોકવું પડતું મારે ?
રે મનવા૦

માનેલું, ને વળી ઠરેલું, કાં પાછું ઊભળે ?
હુંયે જાગતો બેઠો હાવાં, ચહાય કરે સો ભલે.
રે મનવા૦

# (૭૦) નિરાશામાંયે મઝા

(ગઝલ)

મઝા માનીશ ત્યાંયે હું નિરાશામાં, નિરાશામાં, (ટેક)

મને ડૂબતો બચાવી લે, નિરાશા સાગરેથી તું,
બહુ બાથોડિયાં મારું, પ્રભુ ! તરતાં ન જાણું હું.
મઝા૦

નિરાધારી અનુભવું હું, જીવન ખોયું દીસે મારું,
હું તો અંધાર ઘેર્યો છું, મને ભાસે બધું ન્યારું.
મઝા૦

પ્રભુ ! માનેલ પોતાનાં, સરકવા આજ તે લાગ્યાં,
મૂકી દીધો મને વહેતો, પ્રભો ! આ ફાની દુનિયામાં.
મઝા૦

રહ્યું પગ મૂકવાનું ના, જગે સ્થળ ક્યાંય રે ! મારે,
રવડવાનું રહ્યું કર્મે, મુબારક તે ભલે ત્યારે.
મઝા૦

પ્રભુ પ્રિય ! જે ગમ્યું તુજને, મને તે પ્રાણથી પ્યારું,
નિરાશામાં, નિરાશામાં, મઝા માનીશ ત્યાંયે હું.
મઝા૦

## (૭૧) એક જ સગપણ-શ્રીહરિ

(પ્રેમલ જ્યોતિ તારો દાખવી-જેવો ઢાળ)

રે ! મુજ રંક જીવન આધાર, પ્રભુ ! તને ઉરના કોટિ પ્રણામ.
પ્રેમે પ્રણમી લાગું પાય, માગું પ્રભુ ! ધન્ય કરો મુજ ધામ. પ્રભુ૦

જેવો તેવો હું બાળક તારો, શરણ પડ્યો તુજ પાદ,
હાથ દઈ નવ ઉઠાડે જ્યાં સુધી, ફોડ્યા કરું તુજ કાન. પ્રભુ૦

તું રીઝે એવું ન અર્પી શક્યો હું, ગમતાં કીધાં ના કામ,
સામગ્રી રસ ઉર પીરસી શક્યો ના, બાળ એવો લો ધામ. પ્રભુ૦

રસસાગરમાં આપ શા ઝૂલતા ! બિંદુ ન મુજ મન એક ?
કેમ એવું ઉર પુષ્ટ કરે હરિ ! નાખ્યાં પહોંચે કેમ છેક ! પ્રભુ૦

સ્વજન તુજ સમ કો નહિ જગમાં, રડું હું ચરણે બાળ,
ઠરવા ઉર વરાળ હું કાઢું, કરજો કૃપા શ્રીકૃપાળ ! પ્રભુ૦

સગાંસહોદર સર્વમાં શ્રીહરિ ! બાળને છો એક આપ,
જીવનદોરી આશ તું મારી, વીનવું ઉર કષ્ટ કાપ. પ્રભુ૦

પ્રીતની રીત કશી નવ સમજું, બાળ શો હું મતિમંદ !
તોયે હક્ક કરીને કહું છું કે, દયા કરી, દો આનંદ. પ્રભુ૦

અરજી સાંભળજો અનાથ બાળની, શ્રવણે શ્રીરણછોડ !
હોંશભર્યો હૂંફ પામવા આવ્યો, લેજો બાળને સોડ. પ્રભુ૦

કરગરી કહું છું કૃષ્ણ ! કૃપાનિધિ ! પૂરજો ઉર અભિલાષ,
પાનાં પડ્યાં રાંકનાં તમ સંગે, નીભવજો અવિનાશ ! પ્રભુ૦

## (૭૨) પૂરો વિશ્વાસ

(ધર્મ વિચારો રે ઘર થકી તજી કપટ તમામ-એ ઢાળ)

કૃષ્ણ ! કૃપાનિધિ ! વીનવું, રખે મૂકો રંક હાથ. (ટેક)
તારે આધારે હું જીવું, તારો જ આશ્રય, તાત !
ક્યાં રે ! જઈને ઠરીશ હું, મારશે જો તું લાત ? કૃષ્ણ૦
હોંશભર્યો બાળ આવિયો, અંકે બેસવા નાથ !
પરખી ઉમળકો દિલનો, ગ્રહી લે શેં નવ હાથ ? કૃષ્ણ૦
તવ દિલ રીઝવવા હરિ ! ઘડું બહુ હું વિચાર,
પ્રયત્ન તેવા હું કરું, રીઝી નવ કરો વહાલ. કૃષ્ણ૦
હરિમન ગમે તેવાં કર્મ હું, કરું હરનિશ, નાથ !
તોય ન દિલડે હું ગમું, ઘસી મરું છું હાથ. કૃષ્ણ૦
તારું અર્પેલું દીનને, હતું જે બાળ પાસ,
સઘળું સમર્પી તે દીધું, કરજે ફાવે તે ક્યાસ. કૃષ્ણ૦
તવ લાયક કાંઈ દિલથી, નથી અરપાયું, નાથ !
ભારે કરી તુચ્છ ભેટને, લેજે ઘણી ઉર વાત. કૃષ્ણ૦
મોહન ! મન મૂકીને બધી, કહી રડી દિલ વાત,
સૂઝે તે કરજો હાવાં, આપ સ્વતંત્ર જ તાત ! કૃષ્ણ૦
આરંભેલું શુભ હેતુથી, કામ નિષ્ફળ નવ જાય,
હૃદયે વસી શ્રદ્ધા ઊંડી, પૂરશો ઉર આશ રાય ! કૃષ્ણ૦
કાંઈ નિરાશા લાખમાં, વસે અમર તે આશ,
પૂરો વિશ્વાસ છે રાંકને, હરિ વાળશે હાશ. કૃષ્ણ૦
કૃષ્ણ ! કૃપાનિધિ વીનવું, કહું કરગરી બાળ,
તારે શરણે છું પડ્યો, રાખી પાસ તું પાળ. કૃષ્ણ૦

## (૭૩) ઉગારી લે !

(રે ! શિર સાટે નટવરને વરીએ-એ ઢાળ)

રે ! હરિ ! રાંક ઉગારી લે વીનવું,
કે થાક્યો હાવાં મારે ક્યમ તરવું,
રે ! હરિ ! રાંક ઉગારી લે વીનવું. (ટેક)

રે ! જીવ-નાવના નાવિક થઈને,
રે ! હોડકું તરવું શેં ? પાર ના લે,
કે ગભરાઉં બાળ હું ભરદરિયે. રે ! હરિ !૦

રે ! સહાય વિના અટવાઈ મરતો,
રે ! ઉર ચિંતા કરી હરિ ! ફરતો,
એ તાપે બળી તને વીનવતો. રે ! હરિ !૦

રે ! રાંક નવ હિત અહિત સમજું,
રે ! દયા ધરો ઉર હું પીડ પામું,
કે ઉર ઊંડું સુખ દે રીઝ્યો જો હોઉં. રે ! હરિ !૦

રે ! બળ નવ મળે, કેમ કરી ઊઠું હું ?
રે ! સજવો સાધને શ્રેષ્ઠ, તો તરું હું,
કે હરિ ! ઉર દયા ધરો તો ઠરું હું. રે ! હરિ !૦

રે ! ઉરનું દુઃખ ઉરમાં શમતું,
રે ! પામ્યું ન ઇચ્છિત, હૃદ બળતું,
કે હરિ ! તમ વિણ દિલ નવ ઠરતું. રે ! હરિ !૦

રે ! સૂઝે ન શું કરું દિલ મારે,
રે ! ક્ષણમાં ફેડે દુઃખ, તું ધારે,
કે કરગરું હરિ ! હાવાં ચઢ વહારે. રે ! હરિ !૦

રે ! દશા હરિ ! માઠી કરી મારી,
રે ! કશી નવ પામ્યો કૃપા તારી,
કે નવ સહેવાયે, ઉર લ્યો ઠારી. રે ! હરિ !૦

## (૭૪) અમર આશા-વિશ્વાસ

(ગઝલ)

પૂરો વિશ્વાસ તારામાં, ધરી ઊભો અડગ રે'જે. (ટેક)

નિરાશાથી ડરે શાને ? અરે ! કાં હાથ તુજ શિરે ?
નિરાશામાં જ આશાની, ઝલક છૂપી રહેલી છે.
પૂરો વિશ્વાસ૦

ભલે ચોમેર અંધારું, રહ્યું હોયે તને ઘેરી,
છતાં વિકસાવવા તુજને, પ્રભુ હાજર, કિરણ પ્રેરી.
પૂરો વિશ્વાસ૦

ભલે તું ડૂબકાં ખાતો, જીવનનો અંત પણ ભાસે,
કૂંળી કૂંપળ ફૂટેલી છે, અમર જીવનતણી ત્યાંયે.
પૂરો વિશ્વાસ૦

ભલેને પાપના બોજે, લદાયેલો તું હો, ડર ના !
ઊંચા જીવનતણાં મૂળિયાં, રહેલાં છે છતાં પણ ત્યાં.
પૂરો વિશ્વાસ૦

તને પુરુષાર્થમાં તારા, પૂરી શ્રદ્ધા અને હિંમત
-મળે અજમાવી જોવાની, ગુમાવે કાં ભલા ! તે તક ?
પૂરો વિશ્વાસ૦

ભયંકર વા ભલે વાતો, ભયંકર વૃષ્ટિ છો થાતી,
ખચીત તોપણ પછી તેના, જરૂર છે શાંતિ થાવાની.
પૂરો વિશ્વાસ૦

પછીથી કાં ભલા ! તારે, હૃદયમાં ગડમથલ આ જે ?
પૂરો વિશ્વાસ તારામાં, ધરી ઊભો અડગ રે'જે.
પૂરો વિશ્વાસ૦

## (૭૫) પ્રેમની જ્વાલા

(પ્રેમલ જ્યોતિ તારો દાખવી-જેવો ઢાળ)

રે ! મારા ઉર ઉદ્વેગનો તાપ, પ્રભુ ! તને વીનવું મીટવો, રાજ !
બળી અંતર પાડું સાદ, વસો આવી હૃદયે શ્રીમહારાજ ! વસો૦

અંતર સ્મરણ ઊંડું જગવતું, તોય ન લાધે સુખ,
શિરે પાડો છો જે જે હરિ ! તે, અણબોલ્યાં સહુ દુઃખ. વસો૦

પ્રેમપંથેથી હઠી હતે હું, કળ્યું ન હોત જ રૂપ,
પ્રજ્વળી ઉર આટલી જાત ના, સહેવો પડત ન ધૂપ. વસો૦

છોડાવ્યા હવે કેમે ન છૂટો, વીસર્યા નવ વીસરાય,
સાપે છછૂંદર જેમ ગળ્યું હોય, તેવી પામી છું દશાય. વસો૦

ઉર-પય ઊભર્યું અગ્નિ થકી તે, કેમે ન જોયે સમાય,
શીતળ જળ રૂપ હરિ ! બની જો, વરસે, તો સુખ થાય. વસો૦

ઘનઘોર ઘેરાતાં વાદળ જાણે, તૂટશે બારે મેહ,
તેમ આશા ઉર તું પ્રગટાવી, છટકી જઈ દે છેહ. વસો૦

તાળી આપી આપી રંકને વહાલા ! છટકી શેં જાઓ ? નાથ !
વિશ્વાસ ઊંડો હૈયે છે દીધો, હાવાં રખે મૂકો હાથ ! વસો૦

વસમું વસમું ઉરમાં લાગતું, એકલડું ઘરમાંય,
મહેર કરી હરિ ! દિલ વસે તો, હૈયે હરખ ન માય. વસો૦

શું લાગું આતુર ના હું પ્રભુ ! કે દર્શાવો ના પ્રેમ ?
લળી લળી ઉરથી વીનવું હું, કરજો દાસી પર રે'મ. વસો૦

ભાવપુષ્પો હેતે ઉરથી ચૂંટી, પરોવી શ્રદ્ધા તંત,
અર્પું ઉમળકે હરિગ્રીવે હું, મળશો ક્યારે ભગવંત ? વસો૦

## (૭૬) પ્રીતિનો હક્ક

(મારી નાડ તમારે હાથ હરિ ! સંભાળજો રે !-એ ઢાળ)

કૃષ્ણ ! કૃપાનિધિ ! બાળ હું વીનવું, હેતે ઉરથી રે,
કે વારનો બાળ પુકારું તને હું, કરગરી રે.
કૃષ્ણ૦

મનમોહન ! ક્યમ કરી ઘર લાવું ? ઉરના શા ભાવોથી ચાહું
-કે વણતેડ્યો ઝટ તું આવું ? મંદિરીએ હેતથી રે.
કૃષ્ણ૦

વિદ્યા, વિનય, વિચારથી હીન હું, વિકલ,વિરાગી, વિહ્વળ રહું હું,
દયા ધરે તો ઊગરું, બાળ તુજ જોરથી રે.
કૃષ્ણ૦

વિનતિ સૂણો મનથી ઊંડું યાચું, મંદ મતિ રીઝવી કેમ શકું ?
ઉર લેવા તોય વીનવું, પ્રીતિના હક્કથી રે.
કૃષ્ણ૦

નાવિક છે જેનો તુજ સરખો, રવડતો તેને શેં હરિ ! પેખો ?
એળે જાય છે મનખો, ચાંપી લ્યો ઉરથી રે.
કૃષ્ણ૦

સાંવરી સૂરત નીરખવી નજરે, એ જ ઉર ઊલટ છે મુજ રે,
વીનવું દર્શન દે તું પ્યારે ! બાળને રંગથી રે.
કૃષ્ણ૦

# (૭૭) પડીશ પૂરો હું તો સહુને

(ગઝલ)

પડીશ પૂરો હું તો સહુને, હ્રદય જો તું ધરે મુજને. (ટેક)

ગમે તેવા ભલે છોને, હ્રદયમાં ઘા પડે ભારે,
સહેવા સજ્જ હું ઊભો, પ્રતાપે પ્રેમને તારે.
પડીશ૦

અકથ બળ પ્રેમમાં તારા, થવાશે સામું કોનાથી ?
ન કોઈથી જગે, બાપુ ! રહ્યો નિશ્ચિંત જેનાથી.
પડીશ૦

પ્રભો ! તુજ પ્રેમ ખેંચે છે, સદા તારા પ્રતિ મુજને,
હવે તાકાત કોની છે, મને પથ રોકી શકવાને ?
પડીશ૦

ઊભેલા પહાડ સૌ પથમાં, ઊડી ઓળંગવાને તે,
હ્રદય નવ જોમ સ્ફુર્યું છે, હાવાં હિંમત મને રે' છે.
પડીશ૦

કૃપા જો માત્ર તારી હો, બીજાંને પહોંચી વળવાને,
પડીશ પૂરો હું તો બાપુ ! હ્રદે જો તું ધરે મુજને.
પડીશ૦

# (૭૮) નિવેડો લાવી દે

(ગઝલ)

ચઢી તુજ બાળની વહારે, નિવેડો લાવી તું દેને. (ટેક)

પતિતપાવન તને જાણી, પ્રભો ! શોધ્યું શરણ તારું,
કૃપાસોપાન તારીથી, ઉપર ચઢવાનું મન ધારું.
ચઢી૦

લપસણો માર્ગ છે ભારે, જરા બેધ્યાન જો થાતો,
પડું લથડી હું તો, આવું, કૃપાથી શુદ્ધિમાં ત્યાં તો.
ચઢી૦

વળી પાછો પ્રભુ ! મંડું, અને જ્યાં હોઉં ત્યાં આવું,
પગથિયાં હું ઉપરનાં ત્યાં, ન જોતાં દિલ મૂંઝાઉં.
ચઢી૦

ઊતરચઢની વિમાસણની, થતી ઉર વેદના ભારે,
લળી લળી શિર નામીને, તને પૂછ્યા કરું ત્યારે.
ચઢી૦

મથામણ આવી ને આવી, મહીં દિન સૌ વહી ચાલ્યા,
મને એનોય હૈયે છે, અજંપો ઉર કરે સાલ્યા.
ચઢી૦

અવધિ આવી રહેશે તે, પ્રભુ ! આની હવે ક્યારે ?
નિવેડો લાવી તું દેજે, ચઢી તુજ બાળની વહારે.
ચઢી૦

# (૭૯) નિશ્ચિંતતા

(ગઝલ)

ભિખારી હું રવડતો છું, પ્રભુ ! મુજ ભાળ તું લેજે. (ટેક)

પ્રભુ ! હું ભીખ લેવાને, રખડતો બારણે આવ્યો,
તને પોકાર પાડું છું, છતાં હજુયે નથી ફાવ્યો.
ભિખારી હું૦

ફર્યું પાછું ન કો જાણ્યું, પ્રભુ ! તુજ દ્વારથી કદીયે,
હૃદય આશ્વાસને એવા, પ્રભુ ! આવ્યો હું તુજ શરણે.
ભિખારી હું૦

ભલે ભૂખે મરી જાતો, ભલે આવે મરણ તોયે,
ચરણ તારે પડેલો છું, મને સંતોષ ભારે એ.
ભિખારી હું૦

હૃદયમાં દુઃખની શૂળો, ઊંડી પ્રભુ ! સાલતી ત્યારે,
હજારો હાથ તું દેશે, પછી ત્યાં શી ફીકર મારે ?
હૃદય શાતા તું દેનારો,
ભિખારી હું૦

## (૮૦) હરિ ! હૈડે પૂરો મુજ આશ

(લાવણી)

હરિ ! હૈડે પૂરો મુજ આશ, કૃપાનિધિ ! વીનવું,
કૃપાનિધિ ! વીનવું,
જગનો છેડો તું બાપ ! મારે ત્યાં ઠરવું.

હું તારો બાળ છું તાત ! દોષ નવ જોશો,
દોષ નવ જોશો,
કરુણાળુ કૃપાથી સર્વ, દુર્ગુણો ધોશો.

પ્રભુ ! મૂકી શિરે નિજ હાથ, પ્રેમ ઉર આણી,
પ્રેમ ઉર આણી,
લઈ બાળ રમાડો અંક, એ જ ઉર કહાણી.

નવ આશ અવર ધરું કોઈ, બીજું નવ માગું,
બીજું નવ માગું,
તવ ચરણકમળમાં શીશ, અર્પી હું ભાખું.

સાંભળજે દીનની વાત, કરગરી કહું છું,
કરગરી કહું છું,
મારે નવ કોઈની ઓથ, પ્રેમ તુજ માગું.

માગણ બનીને આ બાળ, આવિયો દ્વારે,
આવિયો દ્વારે,
ભરી દેની કૃપાથી પાત્ર, ચઢી ઝટ વહારે.

ધરી આશ વિના તુજ બાળ, ઢળ્યો હું શરણે,
ઢળ્યો હું શરણે,
સંભારી કોઈક દિન, લે, નમું ચરણે.

હરિ ! ઉર નીરખતું વાટ, કઠિન દિન જાયે,
કઠિન દિન જાયે,
કરગરી કહું છું, ‘દુઃખ, કેમ નવ ફેડે ?’

# (૮૧) ખાલી ભિક્ષાપાત્ર

(ધીરા ભગતની કાફી)

સગપણ નિજનું તો સમજી રે, ઉરે મને લેજે પ્રભો !
હાથ ઝાલી હું-રંકને રે, તું વિણ કોણ તારે ? પ્રભો !
સગપણ૦

ભવાટવીમાં ભટક્યો ઘણા ભવ, ના કીધો ભજવા વિવેક,
અશ્રદ્ધાએ મન ગરક થઈ જાતું, હવે તારો છે હૈડે એને ટેક,
અવસર આવ્યો તું જાણી રે, નિભાવજે આ દાસ, પ્રભો !
સગપણ૦

જાગ્રતમાં ને સ્વપ્નમાં હરિ ! હજી રે'તું નહિ તવ ધ્યાન,
વારી વારી હું થાકું, તોયે પણ, વિષયે રે'તું મન સેતાન,
સામર્થ્યહીન હું એવો રે, બળ દેવું તારે હાથ, પ્રભો !
સગપણ૦

દ્રષ્ટા ને દશ્યનો ભેદ નવ પામું, એ કળની પડતી નવ જાણ,
અલ્પજ્ઞ જીવ હું અટકીને બેસું, તું એક જ ચતુર, સુજાણ,
તુજ વિણ અર્થ કો સારે રે ? મારે છે તારી આશ, પ્રભો !
સગપણ૦

આકુળવ્યાકુળ હૈડું તો થાતું, મન નવ પામે ઠરી હાશ,
દુઃખ તો ચિત્તડે થાતું જ રે'તું, હરિ ! તું નવ પૂરતો આશ,
દીન જન મુજને જાણી રે, કૃપા તો કાંઈ કરજે, પ્રભો !
સગપણ૦

‘ભિક્ષા સદા મળે હરિ ! તુજ દ્વારે’ જાણી આવ્યો તુજ પાસ,
તુજ નામની હું અહાલેક જગવી, આવ્યો શરણે બની દાસ,
ભિક્ષાપાત્ર જ છે ખાલી રે, દાનો થઈ તું તારજે, પ્રભો !
સગપણ૦

યત્કિંચિત્ જે દિલડું અર્પિયું, ઘણું માની હલકો કરજે ભાર,
દિલની ઊંડી દર્દભરી વાણીથી, તને વીનવું છું કિરતાર,
આશા મારી તું પૂરજે રે, શરણે લઈ આ દાસ, પ્રભો !
સગપણ૦

# (૮૨) દૃઢ ભરોસો

(પ્રેમલ જ્યોતિ તારો દાખવી-એવો ઢાળ)

રે ! મુજ રંક જીવન આધાર ! પ્રભુ ! તને ઉરના કોટિ પ્રણામ.
પ્રેમે પ્રણમી લાગું પાય, માગું પ્રભુ ! ધન્ય કરો મુજ ધામ. પ્રભુ૦

પૂરા ભરોસેથી બાળે મૂક્યું છે, તવ ખોળે જો ! શિર,
ફાવે તે કરજો ગમતું શ્રીહરિ ! સહીશ સૌ ધરી ધીર. પ્રભુ૦

વિશ્વ સમસ્તમાં પ્રિયતમ હરિ ! હોંશ ધરી ગણ્યા ઉર,
સત્કારો કે તિરસ્કારો છો હાવાં, હઠીશ નહિ તલપૂર. પ્રભુ૦

જીવનદોરી સોંપી ડરું શેં હું ? કૃપાતણા તે પ્રતાપ,
દોષ કદી થાય પામર બાળનો, ક્ષમા તો કરજો બાપ ! પ્રભુ૦

વેરભાવે વર્તી કદી શ્રીહરિ ! નરકે નાખો આ બાળ,
હાનિ ન બાળને, પરવા નથી, માથે ગર્જો છો કૃપાળ. પ્રભુ૦

કચરી દળી પાતાળે ફેંકો કદી, ત્યાંયે વસો અવિનાશ !
'અનાદ્યંત★ એક જ સાચા' એ આપનો છે વિશ્વાસ. પ્રભુ૦

રંક બાળક હું પ્રેમથી વીનવી, પ્રણમી કહું છું, નાથ !
વિશ્વાસ બાળની વાતનો લાવી, અજમાવી જુઓ, તાત ! પ્રભુ૦

રંક બાળ કેમ કરી તુજ પ્રેમનું, અર્પી શકું હું મૂલ !
જીવન ન્યોછાવર લાખ કરું હું, તોય રહે અણમૂલ. પ્રભુ૦

એવા તારા પ્રેમનો પ્રાણાધાર ! હું અભિલાષી છું, બાપ !
તેમ છતાં હૃદ, અંતર્યામી છો, ઉકેલી જુઓ આપ. પ્રભુ૦

સુરમો આપના પદની રજનો, બનવી નિત્ય હું નાથ !
આંખમાં અંજન ભાવે કરું હું, એવી કૃપા કરો, તાત ! પ્રભુ૦

તું છે માતા મારી, તાત તું છે ને, બંધુ, સખા તું છે, નાથ !
સર્વસ્વ, વિદ્યા, લક્ષ્મી, શક્તિ મુજ, બાળનો દેવ તું, બાપ! પ્રભુ૦

# (૮૩) તારે ભરોસે

(ગઝલ)

હવે તારે ભરોસે છું, પ્રભુ ! મુજને સ્વીકારી લે. (ટેક)

સહુ અપરાધીમાંયે હું, પ્રભુ ! અપરાધી છું મોટો,
પતિતમાંયે પતિત હું તો, ન જેનો ક્યાંય છે જોટો.
હવે૦

પ્રભુ ! તોયે શરણ હું તો, ચરણ તારે પડેલો છું,
ઉગારે કે ભલે મારે, ધરું એની ન ચિંતા હું.
હવે૦

મને તુજ મારવામાંયે પ્રભુ ! હિત છે સમાયેલું,
કરું તર્કે વિતર્કે હું, પ્રભુ ! તેથી ન મન મેલું.
હવે૦

હું તો બસ એટલું જાણું, ઘરેણું રાંકનું મારું,
સદા રટવાનું ઉર ચાહું, પ્રભુજી! નામ પ્રિય તારું.
હવે૦

મને ડૂબતાનું સાધન તે, કૃપાથી તારી છે મળિયું,
પ્રભો ! તે પ્રાણથી પ્યારું, હૃદય પણ તે મહીં વળિયું.
હવે૦

# (૮૪) પ્રણયની નિશાની

(ગઝલ)

ચરણમાં ખાખ થઈ મરવું, પ્રણયની એ નિશાની છે. (ટેક)

હૃદય સોંપી દીધું તુજને, રહ્યું ના હાથ મારે તે,
સકંચે લઈ મને શાને, હવે નાહક સતાવે છે ?
ચરણમાં૦

હૃદયથી ઊર્મિઓ જાગી, પળેપળ તુજ સ્મૃતિ જગવે,
સ્મૃતિપટમાં ઘડી આવી, જતો છટકી વળી ક્યાંયે !
ચરણમાં૦

તમારે મન રમત છે, ને અહીં તો જાન રેંસાયે,
તલસવામાં છતાં એવા, પ્રભો ! અહોભાગ્ય મારું છે.
ચરણમાં૦

ફના થાવા ચહું, તારો, હૃદય તલસાટ જાગ્યો છે,
ચરણમાં ખાખ થઈ મરવું, પ્રણયની એ નિશાની છે.
ચરણમાં૦

# (૮૫) કચરાયેલું હૈયું

(ગઝલ)

પ્રભો ! કચરાયેલું હૈયું, તે તું કર હળવું. (ટેક)

ઉકેલું શી રીતે મારી, પડેલી ગૂંચ આ હૃદયે !
વિટમણા આ મથામણની, શકું સમજાવી શી રીતે !
પ્રભો !૦

પડે નવ ગમ બીજાંને ત્યાં, શું તુંયે ના શકે સમજી ?
કરું ત્યાં શું પ્રભુજી ! હું ? દિલે છે ભારી બેચેની.
પ્રભો !૦

કથા કથવા જતાં મારી, દુનિયાને પડી ના છે,
પડ્યાને પાટુ દેનારી, ન મારો ત્યાં ઉમળકો છે.
પ્રભો !૦

સુહૃદ મારે પ્રભો ! તું છે, નિકટનો તું નિકટ મારે,
વળી તું આત્મજન મારું, તને સંભળાવું તેથી તે.
પ્રભો !૦

પહાડો ને પહાડોના, પ્રભો ! ભારે લદાયેલું,
વળી કચરાયેલું હૈયું, કૃપાથી તે તું કર હળવું.
પ્રભો !૦

## (૮૬) સતત સ્મરણ

(હરિગીત)

વીસરાય પળ નવ એક તું, એ દાન દેજે દીનને. (ટેક)

બુદ્ધિ, મન, ચિત્ત, પ્રાણ એ, હોમાઈ નવ તુજમાં ગયાં,
એ સૂર બસૂરો કાઢતાં, હજુ એક કરવાનાં રહ્યાં.
વીસરાય !૦

એ મેળ ક્યમ બેસાડવો ? ફાંફાં બહુ મારી મથું,
મારું કશું નવ ત્યાં ગજું, કાં બલ હૃદય નવ દે હજુ ?
વીસરાય !૦

મુજ રાંક જીવનની પ્રભુ ! સોંપી દીધી દોરી તને,
શક્તિ વિવેકની આપજે, પ્રત્યેક કર્તવ્યે મને.
વીસરાય !૦

જે હરિચરણ સાહી રહ્યા, આનંદધામે જઈ વસ્યા,
મુજ યત્ન આછા કંઈ થતા, તુજ હાથ તે ફળવા રહ્યા.
વીસરાય !૦

એ સૂર મુજ ઉરનો સૂણી, જળ વિણ મરતા મીનને,
વીસરાય પળ નવ એક તું, એ દાન દેજે દીનને.
વીસરાય !૦

# (૮૭) કુરબાનીની તમન્ના

(ગઝલ)

ચરણ કુરબાની કરવાની, હવે તો બસ તમન્ના છે. (ટેક)

જિગર સોંપી દીધા કેડે, નકામા તર્ક શા ખપના ?
હવે તો થાય તે જોયા, કરી સહેવું રહ્યું તેમાં.
ચરણ !૦

અરે ! કિસ્મત ડરે શાને ? ખુવારી છો ભલે થાતી,
જગતભરને બતાવી દે, સમર્પણમાં મઝા કેવી !
ચરણ !૦

મહોબ્બત મોત સાટે છે, અરે ! તેથીય પણ કપરી,
ફના થાવા છતાંયે તે મળે, નિશ્ચે જ ના કાંઈ.
ચરણ !૦

નિરાશા પ્રેમમાં તારા, ભલે દુઃખ, તોય લહેજત છે,
ચરણ કુરબાની કરવાની, હવે તો બસ તમન્ના છે.
ચરણ !૦

## (૮૮) આત્મજનનો વિયોગ

(ગઝલ)

તને ચાહતાં અમે શીખતા, નહિ શું તે ગમ્યું તુજને ? (ટેક)

વિખૂટા કાં પ્રભો ! પાડ્યા, અમોને આત્મજનથી તેં ?
અમે આનંદથી રે'તા, અદેખાઈ શું આવી કે ?
તને !૦

સદા સંતોષથી સાથે, અમે દી નિર્ગમન કરતા,
હૃદયની વાત ઉકેલી, પરસ્પર મોજ મેળવતા.
તને !૦

રહેતા આત્મજન સાથે, અમારાં કામમાંયે ને,
દ્વિગુણી હોંશ તો રે'તી, પ્રભો ! ત્યાં છેદ પાડ્યો શેં ?
તને !૦

અલૌકિક પ્રેમની ગ્રંથિ, થકી ગૂંથેલ હૈયાને,
-વિરહવામાં તને આવે, પ્રભો ! આનંદ શો આ તે ?
તને !૦

પ્રભો ! આ ફિલસૂફી તારી, નથી સમજાતી મારાથી,
સ્વજનને કાં જુદા પાડી, કરે હેરાન તું ખાલી ?
તને !૦

જરી જંપી કંઈ બેઠા, પ્રભો ! ઉત્પાત તું જગવે,
ઠરી ના ઠામ રે'વા દે, અરે ! તોબા પ્રભુ ! તુજને.
તને !૦

પ્રભો ! ઊંડું ઊંડું ચાહી, અમે ઉર એકબીજાને,
-તને ચાહતાં અમે શીખતા, નહિ શું તે ગમ્યું તુજને ?
તને !૦

## (૮૯) પ્રીતિની માળા

(ધીરા ભગતની કાફી)

આવ્યો છું તુજ શરણે રે, હરજી ! આવો કેમ બન્યો ?
સામું તું નવ જોતો રે, મારે તો ક્યાં ઠરવું ? પ્રભો !
આવ્યો છું૦
અંતરના કાંઈ ઉમળકાભર્યો, આવ્યો હરિ ! તુજ પાસ,
હૈડે હેત નવ આણી તું, પૂરે ના મનની આશ,
ભેદ હું નવ સમજું રે, ઉકેલ તું ના'ણે, પ્રભો !
આવ્યો છું૦
ક્ષમા કરો અપરાધ આ દાસના, ઉરે આણી કંઈ વહાલ,
યોગ્ય નથી તદપિ પણ તારો, હરિ ! તેનો તું કરજે ખ્યાલ,
ઝાઝું મારે શું કે'વું રે ? જાણે છે તું સઘળું, પ્રભો !
આવ્યો છું૦
તન, મન મારે તુજશું બાંધવું, જાણું ના પ્રભુ ! રીત,
ચેતવી ચિનગારી હરિપ્રેમની, શીખવની એ પ્રીત,
જ્યોત એની પ્રગટાવી રે, આવજે હૃદે તું તો, પ્રભો !
આવ્યો છું૦
આવે તો હરિ ! પ્રાણ પાથરું, કરું ન્યોછાવર તન,
તુજને હોયે ગમતું જે જે તે, આણું રાખીને હું મન,
કોક દિન આશ જ પૂરજે રે, સંભારી આ દાસ, પ્રભો !
આવ્યો છું૦
પ્રીતિ, ઉમળકા ઉરમાં ઊપજે જે, ગાંડાઘેલા તોય, નાથ !
માળા હું તો હરિ ! તે તે ભાવોની, પહેરાવું મનથી હું, તાત !
લેજે તેને તું સ્વીકારી રે, દાસની જાણી ભેટ, પ્રભો !
આવ્યો છું૦

# (૯૦) પ્રેમની પીડા

(ધીરા ભગતની કાફી)

નમેરા હરિ ! નવ થાશો રે, વીનવી હું કર જોડું, પ્રભો !
ચતુર પુરુષ જે હોયે રે, ઝાઝું તેને શું કે'વું ? પ્રભો !
નમેરા૦

અંતરના તમને જાણીને હું તો, રડું દુઃખ હૈયાનું તમ પાસ,
આશ્વાસન હરિ ! હૃદે નવ દેતા, શો વાંક પડ્યો છે મુજ ખાસ ?
જાણું નવ મનથી હું તો રે, હોયે તો ક્ષમા કરજે, પ્રભો !
નમેરા૦

ચાહું હું તો અંતરના ઉમળકે, પ્રીતે વસે ના હૃદે તું, નાથ !
ક્યમ અંતર બતલાવું હું મારું, કે ગ્રહે આણી વહાલ હાથ ?
ગમ એની તો હૃદે પાડી રે, બતાવી દેજે પંથ, પ્રભો !
નમેરા૦

નિજનો જાણી જોજે પ્રેમ દૃષ્ટે, દેજે આતુર લાગું તો પ્રેમ,
ચેટક★ લાગે જ્યમ ચિત્ત ના ઠરે, લેખે આવું હું તોય ના કેમ ?
મૂંઝવણ મારી એ ટાળી રે, નિર્ભય કરજે દાસ, પ્રભો !
નમેરા૦

સાંગોપાંગ નીરખવા તુજને, અંતરે મારે છે કોડ,
મદનમોહન ! તવ વદન જોવાને, માંડી છે મનમાં મેં હોડ,
વિહ્‌વળતા ઉરની ભાળી રે, કે પૂરણ કરજે કોડ, પ્રભો !
નમેરા૦

પીડા પ્રેમની કો આગળ કહીએ ? લોક નવ સમજે વાત,
પ્રીત થાતાં નવ જાણ્યું'તું મેં તો, કે થાશે આટલા ઉત્પાત,
તું મર્મ હૃદેનો સમજી રે, હૈડે દેજે હાશ, પ્રભો !
નમેરા૦

---

★ જાદુમંત્ર

## (૯૧) હૃદયશ્રદ્ધા

(ગઝલ)

થશે પૂરેપૂરું ક્યારે, સમર્પણ તુજ પદે મારું ? (ટેક)

થશે પૂરેપૂરું ક્યારે, સમર્પણ તુજ પદે મારું ?
પ્રભુ ! ચિંતવન કરું એનું, સદા રહે ધ્યાન ત્યાં મારું.
થશે૦

થવાતું શુદ્ધ હજુ તો ના, મથું યત્નો કરી બહુયે,
છતાં રહું ઠેરનો ઠેર, ચમત્કૃતિ એ મને લાગે.
થશે૦

પ્રભુ ! તેં કૈંક પાપીને, કરી ઉદ્ધાર તાર્યા છે,
મને અપવાદ રાખે કાં ? પ્રભુ ! કરવું શું ધાર્યું છે ?
થશે૦

પ્રભુ ! બનશે શું મારાથી, કૃપા જો તારી ના મળશે ?
તણખલાનીય ના તોલે, કૂદું છું જોરથી તારે.
થશે૦

છતાં વિશ્વાસ રાખીને, ભર્યાં હું ડગ કરું નિત્યે,
મને ખોળે લઈ લેશે, હૃદયશ્રદ્ધા ઊગી છે તે.
થશે૦

# (૯૨) કર્મમાં પ્રભુભાવ

(ગઝલ)

સતત બાથોડિયાં મારું, મદદમાં શ્રીહરિ ! રે'જો. (ટેક)

સુણાવું હું સદા તુજને, વીતક કથની બધી મારી,
સ્ફુરે સદ્સત્ વિચારો જે, કહી કરું હું હૃદય ખાલી.
સતત૦

પથે આંટીઘૂંટી ભારે, ભુલવણી સર્વથા ભાળું,
પળેપળ ચેતતું રે'વા, નથી મન જાગ્રતિવાળું.
સતત૦

બધો વ્યવહાર કરતાંયે, ન ભેળાજો તહીં વૃત્તિ,
રહે મણકા વિશે દોરી, રહો ગતિ ચિત્તવૃત્તિની.
સતત૦

ભજનના ભાવમાં જેવું, રહેવાયે, પ્રભુ ! તેવું
-દિવસનાં સર્વ કર્મોમાં, સતત રહેતું થવા ટેવું.
સતત૦

# (૯૩) ચરણશરણ

(ગઝલ)

ચરણ તારે પ્રભુ ! આવ્યો, શરણ મુજને હવે લઈ લે. (ટેક)

નથી હું શુદ્ધ હજી પૂરો, મને છે ભાન બહુ તેનું,
અધૂરો છું પ્રભુ ! તોયે, શરણ તારે ઢળેલો છું.
ચરણ૦

ભરેલો વાસનાથી ને પતિતમાં હું પતિત, બાપુ !
પતિતપાવન તને જાણી, પ્રભુ ! તારું શરણ શોધ્યું.
ચરણ૦

ચરણરજને ન લાયક છું, છતાં છોરું પ્રભુ ! તારું,
ડગેડગ હું પથે ભૂલું, મને સંભાળી લેજે તું.
ચરણ૦

વિચારો, ભાવના, કર્મો, અને મન કલ્પના સઘળી
-સતત ના તુજ ભણી વહેતાં, લગાડી દે પૂરી લગની.
ચરણ૦

પ્રભુ ! મારી તું નાનકડી, હૃદયની પ્રેમ ઝરણીને,
-કૃપા કરી પ્રેમસાગરમાં, મિલાવી દે, મિલાવી દે.
ચરણ૦

# (૯૪) શરણની નિશ્ચિંતતા

(હરિગીત)

એવા શરણ તારે ઢળેલાને સદા સંભાળજે. (ટેક)

અરુચિ અણુયે અણુમહીંથી, દૂર કરવા હું મથું,
કે જેથી તુજમાંહી પ્રભુ ! ભળી હું શકું પૂરેપૂરું.
એવા શરણ૦

ક્યાં ક્યાં છુપાયેલો હશે ! તેના વિચારો હું કરું,
ઊંડો હું જ્યમ જ્યમ ઊતરું, ગભરાઉં છું ત્યમ હું પ્રભુ !
એવા શરણ૦

મુજમાં રહેલી શક્તિનો, ઉપયોગ હું પૂરો કરું,
તોયે પ્રભુ ! હું હાર પામું, ચેન ના'વે શું કરું.
એવા શરણ૦

જીવ ઉકાળો બહુ થતો, અકળાઈને મૂંઝાઉં જ્યાં,
તજું સર્વ માથાકૂટ ને, નાખ્યા ન મારા પહોંચતા.
એવા શરણ૦

આખર ચરણનું શરણ લઈ, તુજ નામની માળા જપી,
મહાલ્યા કરું જ્યાં ત્યાં બધે, નિશ્ચિંતતાથી હું પછી.
એવા શરણ૦

## (૯૫) પ્રભુ ! પાને પડેલાને

(ગઝલ)

પ્રભુ ! પાને પડેલાને, મને તુજ આશરો દેજે. (ટેક)

અતિશય ભાર બોજાથી, લદાયેલો શિરે, બાપુ !
ભરાતું એક પણ ડગ ના, પછીથી પંથ શેં કાપું ?
પ્રભુ ! પાને૦

કર્યું ચાલ્યા બહુયે મેં, કપાયો પંથ તોયે ના,
જવાનું કેટલે આઘે ! નજર મારી પહોંચે ના.
પ્રભુ ! પાને૦

છતાં પડતો, લથડતો ને, હું તો આળોટતો આવ્યો,
અરે ! ત્યાં દૂર કાં ભાગી, નકામો તેં મને તાવ્યો ?
પ્રભુ ! પાને૦

ચઢેલો થાક યુગયુગનો, પ્રભુ ! પાયે પડેલો હું,
ઉતારીને થવા હળવો, શરણ તારે ઢળેલો છું.
પ્રભુ ! પાને૦

પ્રભો ! કાં ક્રૂરતા આવી ? રમે શા ખેલ આવા તું !
અહીં તો જીવ રેંસાયે, અને મન હાંસી તારે શું ?
પ્રભુ ! પાને૦

પજવવાનું તને ગમતું ? સતાવી લે પૂરો મુજને,
પરંતુ તું ધીમે ધીમે, પ્રજાળ્યા ના કરીશ મુજને.
પ્રભુ ! પાને૦

હૃદયની વેદના ઊંડી, કહું તે કો સમીપ જઈ હું ?
કહેવાનું હતું જેને, ફરી કાં પીઠ બેઠો તું ।
પ્રભુ ! પાને૦

નસેનસ, રોમેરોમે, શી, પીડા પ્રસરેલ છે ! બાપુ !
વ્યથાની હોળી પ્રગટી છે, પ્રભુ ! કાં રંકને માપું ?
પ્રભુ ! પાને૦

કસોટીમાં પ્રભુ ! તારી, ઊતરવા શક્તિ ના મારી,
કરુણા ને કૃપા માગ્યા, કરું હું તો સદા તારી.
પ્રભુ ! પાને૦

# (૯૬) એકનિષ્ઠા

(હઝલ)

કૃપા તારીતણો મુજને, ભરોસો એક ભારે છે. (ટેક)

મને પ્રભુ ! તર્કવાદીઓ, વિવેકી બુદ્ધિવાળા જે,
બતાવે માર્ગ જુદો, ને ઘડીભર બુદ્ધિ ભ્રમ જાગે.
કૃપા૦

'બધી બાબત વિશે તારે, વિચારો જોઈએ કરવા,
કૂવાના દેડકા જેવી, દશા નહિ તો થશે અહીંયાં.
કૃપા૦

થશે દૃષ્ટિ વિશાળી ના, નહિ ઉદાર મત થાશે,
વળી વૃત્તિ થશે ટૂંકી, સહનશીલ તું નહિ બનશે.'
કૃપા૦

વિચારી આ વિશે જોતાં, ન સમજું કાંઈ કેવો છું,
કૃપાથી તારી હજુ તેમાં, રહી જાગ્રત શક્યો છું હું.
કૃપા૦

ઊઠચે વૃત્તિ જુદી પાડી, તપાસું મૂળ તેનું હું,
જણાતાં દોષ ત્યાં સઘળા, મથું તે દૂર કરવા હું.
કૃપા૦

વિકારો વૃત્તિમાં બીજા, ન જાગે એમ કરવા હું
-સતત તારું સ્મરણ નિત્યે, કર્યા કરવાનું જાણું છું.
કૃપા૦

શરણની જ્યાં લઢણ લાગી, થતી સ્થિર વૃત્તિ ત્યાં દેખું,
અને એ રીતથી મારું, જીવન વિતાવવા ઝંખું.
કૃપા૦

વિચારો તોય વિરોધી, મનનમાં જાગતા જ્યારે,
સ્મરણમાં દિલ પરોવીને, ભૂલવવા તે મથું ત્યારે.
કૃપા૦

# (૯૭) અનુભવના જોરે

(ગઝલ)

જીવનમાં કેટલી વારે કૃપાદૃષ્ટિ બતાવી છે ! (ટેક)

જીવનનો ભાર શેં ઊપડે ! પ્રભુ ! બહુ આકરું લાગે,
મરણ આથી ભલું ભાસે, ઘડીભર એમ મન માગે.
જીવનમાં૦

ધીરજ, સાહસ અને શ્રદ્ધા, ગુણો પુરુષાર્થના બીજા
-રહેલા તે જતા દીસે, રહ્યો રસ જીવવામાં ના.
જીવનમાં૦

જીવનમાં આવી પળ જ્યારે, મને આવી હતી ત્યારે,
કરુણાવૃષ્ટિની ઝડીઓ, પ્રભો ! વર્ષાવી તેં ભારે.
જીવનમાં૦

અનુભવ તે ઉપર મારા, જીવનમાં નાવ હાંકું છું,
રખે જોજે ! જતું ભાંગી, પડી પાયે હું વીનવું છું.
જીવનમાં૦

## (૯૮) શ્રીકૃષ્ણઃ શરણં મમ

(પ્રેમલ જ્યોતિ તારો દાખવી-જેવો ઢાળ)

રે ! મુજ રંક જીવન આધાર ! પ્રભુ ! તને ઉરના કોટિ પ્રણામ.
પ્રેમે પ્રણમી લાગું પાય, માગું પ્રભો ! ધન્ય કરો મુજ ધામ.
પ્રભુ૦

સર્વ સામર્થ્ય સહિત સર્વ સ્થળે, સર્વ અર્થ અર્પનાર,
શરણ પડેલાનો ઉદ્ધાર કરનારા, શ્રીકૃષ્ણ ! એવા છો સાર.
પ્રભુ૦

વિવેક, ધૈર્ય, ભક્તિ રહિત હું, પાપમાં આસક્ત, બાપ !
સાધનહીન એવા દીન બાળની, શ્રીકૃષ્ણ ! ગતિ હો આપ !
પ્રભુ૦

ધર્મવૃત્તિ વાદ-તર્ક વડેથી, નિર્મૂળ થઈ છે, બાપ !
પ્રયત્ન માત્ર પાખંડને પોષવા, એ કાળે ગતિ હો આપ !
પ્રભુ૦

કીર્તન-પ્રાર્થના ભાવે કરે તેનાં, નાશ કરો છો પાપ,
અનુભવમાં આપ એવા રહેલા, બાળની ગતિ હો આપ !
પ્રભુ૦

આશ્રય દીનને એક છે તારો, એકલી આશ છે, બાપ !
જે ભાવના વડે સિદ્ધ ભાવ થાય, માગું, તે સાધન આપ.
પ્રભુ૦

અનાથના આપ આધાર, શ્રીહરિ ! પ્રેમ કરો બાળ સાથ,
સ્વતંત્ર છો આપ તેમ છતાં હું, વીનવું ઉર લ્યો, નાથ !
પ્રભુ૦

કષ્ટે મહા કરી શરણે આવ્યો, ન મૂકું, છો દેહ જાય,
ચરણામૃત ધરાઈને પીશ હું, ત્યાં સુધી છોડું ન રાય !
પ્રભુ૦

મોહન ! મૂકીને મનથી મેં, કરી છે દિલની વાત,
સૂઝે તે કરજો હાવાં શ્રીહરિ ! રડ્યે વળે શું ? તાત !
પ્રભુ૦

॥ હરિઃૐ ॥

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઈત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, ‘હરિઃૐ’ જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** ‘તુજ ચરણે’ તથા ‘મનને’ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે ‘હરિઃૐ’ જપ અખંડ થયો.

**૧૯૨૮ :** ‘તુજ ચરણે’ ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી ’૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-‘જીવનગીતા’

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

|| હરિઃૐ ||

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

-શ્રીમોટા

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
(‘તુજ ચરણે’નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
(‘મનને’નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
(‘જીવનસંગ્રામ‘નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)
આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

# ચેત ! ચેત ! ચેત !

(રે ! શિર સાટે નટવરને વરીએ - એ ઢાળ)

રે ! ચેત્યો ત્યાંથી હરિગુણ ગાજે,
કે સમય ન એળે જાવા દેજે,
રે ! ચેત્યો ત્યાંથી હરિગુણ ગાજે.

રે ! બેદરકારી ના ઉર આવે,
રે ! સાવચેતી કંઈ રાખું તો ફાવે,
કે નહિતર ગાડું નહિ ચાલે.

રે ! સાચી શિખામણ દિલ તું ધરજે,
રે ! વિવેકી થઈ નિત્યે ફરજે,
કે દિલ મોટું રાખીને રે'જે.

રે ! વિરોધ વ્હોરી નહિ લે તું,
રે ! મન ન દુભવ વડીલોનું તું,
કે 'કરણીથી પ્રિય બનું' એમ રે'તું.

રે ! ગુરુજન-સેવા મન ધરજે,
રે ! ખોટી પંડિતાઈ નવ કરજે,
કે મદમહીં નવ તું ડૂબી મરજે.

રે ! સરળ તું રીતથી સંચરજે,
રે ! દુર્ગુણ, દોષ થકી ડરજે,
કે જ્યાં ત્યાંથી ગુણ લેતો ફરજે.

-શ્રીમોટા

'આર્તપોકાર', ત્રીજી આવૃત્તિ, પૃ. ૨